દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 221 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 September 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪, (૧૧ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કેજરીવાલ બે દિવસમાં રાજીનામું આપશે

## ▸ ૧૫ દિવસમાં વિવાદાસ્પદ બંગલો ખાલી કરશે ▸ દિલ્હીમાં વહેલી ચૂંટણી યોજવા માગણી

નવી દિલ્હી: દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે બે દિવસમાં રાજીનામું આપવાની રવિવારે જાહેરાત કરી હતી અને જણાવ્યું હતું કે હું આગામી ૧૫ દિવસમાં મારો સત્તાવાર (વિવાદાસ્પદ) બંગલો ખાલી કરીશ.

સૂત્રોએ જણાવ્યું હતું કે કેજરીવાલ મંગળવારે મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપશે.

દિલ્હીના મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાનના રિનોવેશનને મુદ્દે ગયા વર્ષે મોટો વિવાદ ઊભો થયો હતો.

કેજરીવાલે ગયા વર્ષના મેમાં પોતાના સરકારી બંગલાના રિનોવેશન માટે રૂપિયા ૪૫ કરોડ ખર્ચ્યા હોવાનો શરૂઆતમાં આક્ષેપ કરાયો હતો, પરંતુ બાદમાં કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે બંગલાના રિનોવેશન પાછળ રૂપિયા ૪૫ કરોડ નહિ, પરંતુ રૂપિયા ૧૭૧ કરોડ ખર્ચાયા હતા.



મુખ્ય પ્રધાનના નિવાસસ્થાનના સંકુલના વિસ્તરણ માટે અમુક અધિકારીના ઘર તોડી પાડવાના હતા અથવા તેઓને અન્ય ફ્લેટ આપવાના હોવાથી ખર્ચ વધ્યો હોવાનું કહેવાય છે.

કૉંગ્રેસના પ્રવક્તા અજય માકને આક્ષેપ કર્યો હતો કે કેજરીવાલ સાદું જીવન જીવતા હોવાની ખોટી વાત કરે છે અને પોતાના નિવાસસ્થાનના રિનોવેશન પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે. અગાઉ, દિલ્હીના મુખ્ય પ્રધાન કૉંગ્રેસનાં શીલા દીક્ષિત હતા ત્યારે તેમના ૧૫ વર્ષના શાસન દરમિયાન કેબિનેટે કેજરીવાલ કરતાં ઓછો ખર્ચ કર્યો હતો.

દરમિયાન, કેજરીવાલે આગામી બે દિવસમાં રાજીનામું આપવાની જાહેરાત કરતા બધાને આશ્ચર્ય થયું હતું.

દિલ્હીના મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે હું આગામી ચૂંટણીમાં ફરી જીતીને મુખ્ય પ્રધાન બનીશ. હું દિલ્હીમાં નવેમ્બરમાં ચૂંટણી યોજવા (જુઓ પાનું ૨) ▸▸

## ભારતે તૈયાર કર્યું ખાસ સોલાર પ્લેન, સરહદની દેખરેખ બનશે સરળ

નવી દિલ્હી : ભારતમાં સૌર ઊર્જાના વધતા વ્યાપ વચ્ચે એક સારા સમાચાર સામે આવ્યા છે જેમાં દુશ્મન દેશોની ગતિવિધિઓ અને યુદ્ધ દરમિયાન દુશ્મન સેનાઓની હિલચાલ પર નજર માટે ભારતના વૈજ્ઞાનિકો સોલાર એરક્રાફ્ટ તૈયાર કરી રહ્યા છે. આ પ્લેન એક વખતમાં ૯૦ દિવસ સુધી ઉડાન ભરી શકશે. આનું એક નાનું સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું છે, જેણે ૧૦ કલાક સુધી સફળતાપૂર્વક ઉડાન ભરી છે. આ પ્લેનને હાઈ એલ્ટિટ્યૂડ પ્લેટફોર્મ (એચએપી) નામ આપવામાં આવ્યું છે. જેને બેંગલૂરૂમાં નેશનલ એરોસ્પેસ લેબોરેટરીઝમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ પ્લેન સૌર ઊર્જાથી ચાલશે અને તેમાં કોઈ પાયલોટ નહીં હોય. ઓટોમેટિક મોડ પર તે ૧૭ થી ૨૦ કિમીની ઊંચાઈ પર સતત દિવસ અને રાત ઊડશે. તેને સ્યૂડો સેટેલાઇટ પણ કહેવામાં આવી રહ્યું છે. એચએપીનો સૌથી મોટો ફાયદો એ થશે કે તે દુશ્મન વિસ્તાર પર નજર રાખવામાં મદદરૂપ થશે. ન્યૂ સ્પેસ રિસર્ચ એન્ડ ટૅક્નોલૉજીસ, બેંગલૂરુ સ્થિત એક સ્ટાર્ટઅપે પણ એક પ્રોટોટાઈપ વિકસાવ્યો છે. ■

## ત્રીજા ધોરણની છોકરીને આવ્યો 'હાર્ટ એટેક'

લખનઊ: આજકાલ હાર્ટ એટેક અને કાર્ડિયાક અરેસ્ટના ઘણા ચોંકાવનારા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ચિંતાજનક બાબત એ છે કે હવે તેણે બાળકોને પણ પોતાની ઝપેટમાં લઈ લીધા છે. શુક્રવારે યુપીના લખનઊમાં ધોરણ ત્રણમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીનું હાર્ટ એટેકથી મોત થયું હતું. આ મામલાએ હવે બધાને ચોંકાવી દીધા છે.

મળતી માહિતી મુજબ ત્રીજા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીનું નામ માનવી છે અને તેની ઉંમર ૧૦ વર્ષ છે. સવારે જ્યારે માનવી અને તેની મોટી બહેન શાળાએ જવા નીકળ્યા ત્યારે તે એકદમ ઠીક હતી. બપોરે જમ્યા બાદ માનવી કોરિડોરમાંથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક તે ઠોકર ખાઇને પડી ગઈ હતી. માનવીને બેભાન જોઈને તેના બધા મિત્રો ચીસો પાડવા લાગ્યા હતા. અવાજ સાંભળીને શિક્ષક ત્યાં આવ્યા અને માનવીને હૉસ્પિટલમાં દાખલ કરાવી હતી. થોડી જ વારમાં માનવીના પરિવારજનો આવ્યા હતા અને તેઓ માનવીને ચંદન હૉસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

માનવીના પરિવારજનોએ જણાવ્યું હતું કે ડૉક્ટરે કહ્યું છે કે માનવીનું મૃત્યુ હાર્ટ એટેકના કારણે થયું છે. પોલીસ અધિકારીઓએ આ ઘટનાની માહિતી આપતા જણાવ્યું હતું કે પોલીસની ટીમ સૂચના પર સ્કૂલમાં ગઈ હતી. ફૂટેજ તપાસવા પર જાણવા મળ્યું હતું કે માનવી તેના મિત્રો સાથે કોરિડોરમાંથી પસાર થતી વખતે ઠોકર ખાઇને પડી ગઈ હતી. પરિવાર તેને હૉસ્પિટલ લઈ ગયો હતો, પણ તેનું મૃત્યુ થયું હતું. ■

## દેશમાં ટૂંક સમયમાં વસતિગણતરી થશે

### જાતિ આધારિત ગણતરી અંગે હજી નિર્ણય નહિ

નવી દિલ્હી: સરકારે દર દસ વર્ષે યોજાતી વસતિગણતરીની તૈયારી શરૂ કરી છે. આમ છતાં, જાતિ આધારિત વસતિગણતરી કરવી કે નહિ, તે અંગે હજી નિર્ણય નથી લેવાયો.

દેશમાં ૧૮૮૧થી દર દસ વર્ષે વસતિગણતરી કરાય છે.

વસતિગણતરીનો પ્રથમ તબક્કો ૨૦૨૦ની પહેલી એપ્રિલે યોજાવાનો હતો, પરંતુ કોવિડ-૧૯ના રોગચાળાને લીધે તે મુલતવી રાખવાની ફરજ પડી હતી.

સંસદમાં ગયા વર્ષે પસાર કરાયેલો મહિલા અનામત કાયદો પણ જનસંખ્યા પર આધારિત હોવાથી વસતિગણતરી જરૂરી બની (જુઓ પાનું ૨) ▸▸

## બાંગ્લાદેશી, રોહિંગ્યાની ઘૂસણખોરી ઝારખંડનું મોટું સંકટ: મોદી

જમશેદપુર (ઝારખંડ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રાજ્યમાં સત્તાધારી જેએમએમના નેતૃત્વ હેઠળની સરકાર પર વોટ બેંકની રાજનીતિ કરવા માટે બાંગ્લાદેશી અને રોહિંગ્યાના આશ્રય આપવાનો ગંભીર આરોપ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે પાડોશી રાજ્યોમાંથી આવી રહેલા ઘૂસણખોરો ઝારખંડ માટે મોટું સંકટ છે અને તેમને કારણે સંથાલ પરગણા અને કોલ્હાન ક્ષેત્રમાં ડેમોગ્રાફી બદલાઈ રહી છે.

બાંગ્લાદેશી અને રોહિંગ્યા ઘૂસણખોરો સંથાલ પરગણા અને કોલ્હાન વિસ્તારમાં મોટું સંકટ બન્યા છે. આ વિસ્તારની ડેમોગ્રાફી ઝડપથી બદલાઈ રહી છે. આદિવાસી વસ્તી ઘટી રહી છે. ઘૂસણખોરો પંચાયત વ્યવસ્થા પર નિયંત્રણ મેળવી રહ્યા છે, લેન્ડ ગ્રેબિંગ કરી રહ્યા છે અને રાજ્યની દીકરીઓ પર અત્યાચાર કરી રહ્યા છે. ઝારખંડનો દરેક નાગરિક અસુરક્ષિતતાની લાગણી અનુભવી રહ્યો છે એમ વડા પ્રધાને અહીંના ગોપાલ મેદાનમાં આયોજિત પરિવર્તન મહારેલીને સંબોધતાં કહ્યું હતું.

તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે જેએમએમ ઘૂસણખોરોને ટેકો આપી રહ્યો છે અને સચ્ચાઈ એ છે કે પાડોશી દેશના ગેરકાયદે ઘૂસણખોરો રાજ્યની સત્તાધારી પાર્ટીમાં પોતાનો પ્રભાવ પાડવામાં સફળ થઈ રહ્યા છે.

મોદીએ જેએમએમ, આરજેડી અને કૉંગ્રેસને ઝારખંડના મોટામાં મોટા દુશ્મન ગણાવ્યા હતા અને ભારપૂર્વક કહ્યું હતું કે આ સત્તાભૂખ્યા લોકો છે અને વોટ બેંકની રાજનીતિમાં સંકળાયેલા છે.

વડા પ્રધાને એવો આક્ષેપ કર્યો હતો કે રાજ્યની જેએમએમના નેતૃત્વ હેઠળની સરકાર કૉંગ્રેસની સ્કૂલ ઓફ કરપ્શનમાં તાલીમ પામેલી છે. ખાણો, ખનિજો અને લશ્કરની જમીનની લૂંટ ચલાવનારી જેએમએમની સરકારને વિદાય આપવાનો સમય આવી ગયો છે. વડા પ્રધાન જમશેદપુર હેલિકોપ્ટરમાં પહોંચવાના હતા, પરંતુ ખરાબ વાતાવરણને કારણે તેમનું હેલિકોપ્ટર ઉડ્ડયન ન ભરી શકતાં તેમને રોડ માર્ગે જવું પડ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભારે વરસાદ સહિતના કોઈપણ અવરોધ મને અહીં પહોંચતા રોકી શકશે નહીં. ■

## પહેલા ન્યાય પછી ચા: ડૉક્ટરોએ મમતા બેનરજીની ઑફર ઠુકરાવી

કોલકાતા: કોલકાતાની આરજી કર મેડિકલ કૉલેજમાં મહિલા ડૉક્ટર પર રેપ અને મર્ડર બાદ જુનિયર ડોક્ટરો રાજ્યના આરોગ્ય મંત્રાલયની બહાર તેમની માગણીઓને લઈને સતત પાંચ દિવસથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. શનિવારે મમતા બેનર્જી સાથે ડૉક્ટરોની વાતચીત પણ અનિર્ણીત રહી. મમતા બેનરજી સાથે વાત કરવા ગયેલા પ્રતિનિધિમંડળનો ભાગ રહેલા ડૉ. આકિબે કહ્યું કે ન્યાય ન મળે ત્યાં સુધી આ વિરોધ ચાલુ રહેશે.

તેમણે વિરોધીઓને સંબોધતા કહ્યું કે, સંદીપ ઘોષની આજે ધરપકડ કરવામાં આવી છે. આ સાબિતી છે કે અમારી માગ સાચી હતી. સંદીપ ઘોષે જે પણ કર્યું તે સંસ્થાકીય ગુનો છે. આવી પ્રવૃત્તિઓમાં ઘણા આચાર્યો અને અધિકારીઓ સામેલ હોઈ શકે છે. અમે ઈચ્છીએ છીએ કે આવા કામ કરનારા તમામ લોકો રાજીનામું આપે જ્યાં સુધી અમને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમે આંદોલન ચાલુ રાખીશું. અમે ન્યાયની માંગણી કરતા રહીશું.

તેમણે કહ્યું, અમને કાલીઘાટ પર વાતચીત માટે બોલાવવામાં આવ્યા હતા. અમે અહીં મળવા માગતા હતા. જ્યારે અમે ત્યાં પહોંચ્યા ત્યારે અમે મીટિંગનું વીડિયો રેકોર્ડિંગ કરવાનું કહ્યું અને તે પૂરું થયા પછી તે રેકોર્ડિંગ અમને સોંપવામાં આવે. અધિકારીઓ આ માટે સહમત ન હતા. જ્યારે મુખ્ય મંત્રી તેમના નિવાસસ્થાનમાંથી બહાર આવ્યા અને ચા પર ચર્ચા માટે બોલાવ્યા, પરંતુ તબીબોએ કહ્યું કે ન્યાય મળશે તો જ ચા પીશું.

શનિવારે સીબીઆઈએ પુરાવા સાથે છેડછાડના મામલામાં સંદીપ ઘોષ અને એક પોલીસકર્મીની ધરપકડ કરી છે. પોલીસકર્મીનું નામ અભિજિત મંડલ છે જે તે સમયે તાલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી હતા. તેમણે કહ્યું કે મમતા બેનરજી સાથેની તેમની મુલાકાત રદ કરવામાં આવી હતી અને તેમના નિવાસ સ્થાનથી ખાલી હાથ પાછા ફરવું પડ્યું હતું.

શનિવારે મમતા બેનરજીએ કહ્યું હતું કે મીટિંગના રેકોર્ડિંગની માગને સ્વીકારી શકાય નહીં, કારણ કે મામલો કોર્ટમાં છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે મીટિંગનું રેકોર્ડિંગ કરી શકાય છે, પરંતુ કોર્ટની મંજૂરી પછી જ તેને સોંપવામાં આવશે. તેણે કહ્યું, હું તમને ખાતરી આપું છું કે જે પણ રેકોર્ડિંગ થશે, તે તમને મળશે. મીટિંગ ના કરવી હોય તો પણ અંદર આવો, ચા પીઓ અને પછી જાવ. ■

## નીરજ ફ્રેક્ચર છતાં રનર-અપ

### એક સેન્ટિમીટર માટે ચૂક્યો તાજ

બ્રસેલ્સ: ભારતનો સુપરસ્ટાર ઍથ્લીટ નીરજ ચોપડા દોઢ મહિનામાં બીજી વાર ભાલાફેંકની ટોચની સ્પર્ધામાં બીજા સ્થાને રહ્યો. પૅરિસ ઑલિમ્પિક્સમાં સિલ્વર મેડલ જીત્યા પછી શનિવારે તે અહીં ડાયમંડ લીગ નામની વિખ્યાત સ્પર્ધામાં ડાબા હાથના ફ્રેક્ચર છતાં રનર-અપ બનવામાં સફળ રહ્યો હતો. ખરેખર તો નીરજ ફક્ત એક સેન્ટિમીટર માટે સર્વોત્તમ ક્રમથી દૂર રહી ગયો હતો.

નીરજે ભાલો ૮૭.૮૬ મીટર દૂર ફેંક્યો હતો. બે વાર વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલા ગ્રેનાડાના ઍન્ડરસન પીટર્સે ભાલો ૮૭.૮૭ મીટર દૂર ફેંક્યો હતો અને આ સ્પર્ધામાં વિજેતા ઘોષિત થયો હતો. ૨૬ વર્ષના નીરજનો પર્ફોર્મન્સ જો જરાક સારો રહ્યો હોત અને ભાલો ઍન્ડરસનના ૮૭.૮૭ મીટરના માર્કથી સહેજ દૂર ફેંક્યો હોત તો આ લીગનો તાજ નીરજના શિરે આવી ગયો હોત.

જોકે નીરજે હાથના ફ્રેક્ચર છતાં સ્પર્ધામાં ભાગ લીધો અને બીજું સ્થાન મેળવી દેખાડ્યું. તે જમણા હાથે ભાલો ફેંકે છે, પણ ડાબા હાથનો દુખાવો તેનાથી જરાય સહન નહોતો થતો. તેણે સ્પર્ધા બાદ સોશિયલ મીડિયામાં કહ્યું હતું કે 'સોમવારે પ્રૅક્ટિસ દરમ્યાન મને ઈજા થઈ હતી. એક્સ-રે મુજબ મને ડાબા હાથમાં ફ્રેક્ચર થયું છે. હાથમાં ખૂબ (જુઓ પાનું ૨) ▸▸







**માનવ સાંકળનો વિક્રમ:** કર્ણાટકમાં 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિન'ની ઉજવણી કરવા પચીસ હજાર લોકોએ માનવ સાંકળ રચીને વિશ્વ વિક્રમ કર્યો હતો. માનવ સાંકળ તૈયાર કરવામાં મુખ્ય પ્રધાન સિદ્ધરમૈયા, પ્રધાનો, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, કલાકારો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો જોડાયા હતા. તેઓએ વૃક્ષ ઉગાડવા હજારો રોપા પણ વાવ્યા હતા. (પીટીઆઇ)

## કર્ણાટકમાં ૨,૫૦૦ કિમી લાંબી માનવ સાંકળ રચાઇ

### ▸ દસ લાખ રોપા વાવવામાં આવ્યા ▸ 'લોકશાહીના આંતરરાષ્ટ્રીય દિન'ની અનોખી ઉજવણી

બેંગલૂરુ: કર્ણાટકમાં 'લોકશાહીના આંતરરાષ્ટ્રીય દિન'ની અનોખી ઉજવણી કરવા માટે ૨,૫૦૦ કિલોમીટર લાંબી માનવ સાંકળ રચાઇ હતી. કર્ણાટક સરકારે આ વિશ્વની સૌથી લાંબી માનવ સાંકળ હોવાનો દાવો કર્યો હતો.

'લોકશાહીના આંતરરાષ્ટ્રીય દિન'ની અનોખી ઉજવણી કરવા સમાનતા, એકતા, ભાઇચારા અને વહીવટીતંત્રમાંની ભાગીદારીના પ્રતીક તરીકે માનવ સાંકળ રચાઇ હતી.

કર્ણાટકના બીદરથી લઇને ચામરાજનગર સુધીના બધા (૩૧) જિલ્લાને આ માનવ સાંકળ દ્વારા આવરી લેવાયા હતા.

અહીંની વિધાનસભા અને રાજ્યના સચિવાલય ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન સિદ્ધરમૈયા પણ જોડાયા હતા. તેમની સાથે રાજ્યના પ્રધાનો, સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

માનવ સાંકળમાં દરેક કિલોમીટરે ૧,૦૦૦ લોકો મળીને કુલ પચીસ લાખ લોકો જોડાયા હતા.

'લોકશાહીના આંતરરાષ્ટ્રીય દિન'ની અનોખી ઉજવણીના ભાગરૂપે રાજ્યમાં દસ લાખ રોપા પણ વાવવામાં આવ્યા હતા.

દુનિયાભરમાં ૨૦૦૭ની ૧૫ સપ્ટેમ્બરે 'લોકશાહીના આંતરરાષ્ટ્રીય દિન'ની ઉજવણી કરાય છે. (એજન્સી) ■

## ઓડિશામાં માર્ગ અકસ્માતમાં છનાં મોત, ૧૧ ઘાયલ

બારીપાડા/બોલાંગીર: ઓડિશામાં ત્રણ અલગ-અલગ માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા છ લોકોના મોત અને ૧૧ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી રવિવારે પોલીસે આપી હતી.

એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર બોલાંગીર જિલ્લાના મધ્યાપાલી નજીક નેશનલ હાઇવે ૨૬ પર રવિવારે સવારે એક વાહન અને મોટરસાઇકલ વચ્ચેની અથડામણમાં બે લોકોનાં મોત થયા હતા. સ્થાનિક લોકોએ બંનેને લોહીથી લથપથ જોતા તુરંત પોલીસને જાણ કરી હતી. બંનેને બોલાંગીર ભીમા ભોઇ મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. અધિકારીએ કહ્યું કે હજુ સુધી મૃતકોની ઓળખ થઇ નથી, પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

મયૂરભંજ જિલ્લામાં શનિવારે મોડી રાત્રે બે અલગ-અલગ અકસ્માતોમાં ચાર લોકોનાં મોત થયા (જુઓ પાનું ૨) ▸▸

## કાશ્મીરની ચૂંટણીમાં આતંકનો ઓછાયો : વધારાના હજારો સૈનિકોને મોકલવામાં આવ્યા

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ : કાશ્મીરની ચૂંટણી પર આતંકવાદી હુમલાનો ઓછાયો મંડરાયો છે. આના ફળસ્વરૂપ સરકારને બારેક અથડામણો અને શોધ અભિયાન ચાલુ છે ત્યાં વધારાના હજારો સૈનિકો મોકલવા પડ્યા છે.

અધિકારીઓનું માનવું છે કે ડોડા અને કિશ્તવાડ જેવા વિસ્તારોમાં વધારાના ૫૦૦૦-૬૦૦૦ સૈનિકો તહેનાત કરવામાં આવ્યા છે. આતંકવાદી હુમલાઓ વચ્ચે ત્રણ તબક્કામાં થનારી ચૂંટણીમાં ડ્રોનથી ચાંપતી નજર રાખવામાં આવશે.

કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં બહુપ્રતિક્ષિત ચૂંટણીની સમીપ આવવાની સાથે ભારતીય લશ્કર લોકતાંત્રિક પ્રક્રિયાને રોકનારી કોઈ પણ ઘટનાને અટકાવવા વ્યાપક પગલાં લઈ રહ્યું છે.

જમ્મુ અને કાશ્મીર અને ખાસ કરીને જમ્મુમાં આતંકવાદની નવી લહેર ચાલી રહી છે, જેનાથી સુરક્ષા દળોમાં ચિંતા વધી રહી છે. અંકુશરેખાની સામેના છેડાથી ઘૂસણખોરીના પ્રયાસોનો સામનો કરવા ભારતીય લશ્કરે એલઓસી અને ઊંચાણવાળા વિસ્તારોમાં સૈનિકોને ગોઠવ્યા છે. આને લીધે ઘૂસણખોરીવિરોધી ગ્રીડ મજબૂત થઈ છે.

નામ ન જણાવાની શરતે અધિકારીઓએ કહ્યું હતું કે એવા અહેવાલો છે કે આતંકવાદી કાશ્મીરી પંડિતો, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને બિહાર તથા ઉત્તર પ્રદેશના પ્રવાસીઓને લક્ષ્ય બનાવી શકે, જેથી (જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેજરીવાલના રાજીનામાના દાવે ભાજપને બઘવી દીધો

**દિલ્હીના** મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કથિત એક્સાઈઝ કૌભાંડમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન લઈને જેલની બહાર આવી ગયા અને બહાર આવતાં જ મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપવાનો દાવ ખેલીને સોપો પાડી દીધો. કેજરીવાલે કરેલી જાહેરાત પ્રમાણે બે દિવસ પછી પોતે મુખ્યમંત્રીપદ છોડી દેશે અને નવા મુખ્યમંત્રીની વરણી કરાશે. કેજરીવાલે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, પોતે કે મનીષ સિસોદિયા મુખ્યમંત્રી નહીં બને. આ કારણે હવે પછી દિલ્હીની ગાદી પર કોણ આવશે તેની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. આતિશી, સૌરભ ભારદ્વાજ અને અરવિંદ કેજરીવાલનાં પત્ની સુનીતાનાં નામ જોરશોરથી ચાલી રહ્યાં છે.

કેજરીવાલ કોના પર કળશ ઢોળશે તેની ખબર બે દિવસમાં પડશે તેથી તેની ચર્ચા ત્યારે કરીશું પણ અત્યારે તો કેજરીવાલે મોટો જુગાર ખેલી નાખ્યો છે એ સ્પષ્ટ છે. કેજરીવાલે એક કાંકરે બે પક્ષી માર્યાં છે. સૌથી પહેલાં તો કેજરીવાલે પોતે સત્તાલાલસુ છે એવી છાપ ઉભી કરવા ભાજપ મથે છે તેની હવા કાઢી નાખી. બીજું એ કે. કેજરીવાલે પોતાની સામેના ભ્રષ્ટાચારના આરોપોના મુદ્દે જનતાની અદાલતમાં જવાનો નિર્ણય લઈને જનતા જ પોતાના માટે સર્વોપરિ છે એવો મેસેજ પણ આપી દીધો. ભાજપ શું કહે છે કે કોર્ટ શું કહે છે તે નહીં પણ જનતા શું કહે છે એ પોતાના માટે મહત્ત્વનું છે એવો સ્પષ્ટ મેસેજ કેજરીવાલે આપ્યો છે.

કેજરીવાલના નિર્ણયથી ભાજપ બઘવાઈ ગયો છે એ ચૂંટણી પંચના વલણથી સ્પષ્ટ છે. કેજરીવાલે નવેમ્બરમાં જ દિલ્હી વિધાનસભાની ચૂંટણી કરાવવાની માગ કરેલી પણ ચૂંટણી પંચે ઘસીને ના પાડી દીધી છે. ચૂંટણી પંચ નરેન્દ્ર મોદી સરકારનું કહ્યાગરું હોવાથી પંચ મહિના પછી ચૂંટણી યોજવા નથી માગતું તેનું કારણ એ છે કે, ભાજપ ચૂંટણી માટે તૈયાર નથી. કેજરીવાલે એ રીતે પણ પોતાનો હાથ ઉપર રાખ્યો છે.

આ દાવ દ્વારા કેજરીવાલે પોતાને મોટા ખેલાડી સાબિત કરી દીધા છે. સુપ્રીમ કોર્ટે કેજરીવાલને જામીન પર મુક્ત કરવા માટે અમુક શરતો રાખી છે. આ શરતો હેઠળ કેજરીવાલ મુખ્યમંત્રીની ઓફિસનો ઉપયોગ નહીં કરી શકે અને કોઈપણ સરકારી દસ્તાવેજ પર સહી નહીં કરી શકે. દિલ્હીમાં રાજ્ય સરકાર પાસે બહુ સત્તાઓ છે જ નહીં અને લેફ્ટનન્ટ ગવર્નર જ બધું નક્કી કરે છે એ જોતાં આ શરતોથી બહુ ફરક ના પડે પણ સામે કેજરીવાલે કશું કરવાનું પણ ના રહે.

કેજરીવાલ એ રીતે શોભાના ગાંઠિયા જેવા મુખ્યમંત્રી બની રહે. દિલ્હીમાં ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી છે તેથી ચૂંટણી પહેલાં કેજરીવાલે પોતાનો એજન્ડા સેટ કરવા માટે ધડાધડ નિર્ણયો લેવા પડે પણ મુખ્યમંત્રી તરીકે નિર્ણય લેવાની સત્તા જ ના હોય તો એ કશું ના કરી શકે. કેજરીવાલે એ સ્થિતિમાંથી એક ધડાકે છૂટકારો મેળવી લીધો છે.

હવે જે કોઈ મુખ્યમંત્રીપદે આવશે એ આમ આદમી પાર્ટીનો એજન્ડા અમલમાં મૂકી શકશે. ઘણાંને લાગે છે કે નરેન્દ્ર મોદી સરકારના ઈશારે કેજરીવાલને રાજીનામું આપવા માટે મજબૂર કરવા આ શરતો રખાઈ છે. આ વાત સાચી હોય તો પણ કેજરીવાલને રાજીનામું અપાવીને ભાજપ ફાયદામાં રહેવાનો નથી.

કેજરીવાલની મુક્તિ સાથે સંકળાયેલા એક મુદ્દાની પણ ચર્ચા કરવી જરૂરી છે. આ મુદ્દો ઈડી અને સીબીઆઈ એ બંને કેન્દ્રીય એજન્સીઓની આબરુનો ધજાગરો છે. ઈડી અને સીબીઆઈ બંનેએ લિકર કેસ અંગે મોટા મોટા દાવા કરેલા પણ કેજરીવાલની મુક્તિ સાથે એક રીતે આ કેસની હવા જ નીકળી ગઈ છે.

સીબીઆઈ અને ઈડી બંનેએ દિલ્હી સરકારે લિકર પૉલિસી નક્કી કરવામાં મોટા પાયે ભ્રષ્ટાચાર કર્યો હોવાનો ચાર્જશીટમાં ઉલ્લેખ કર્યો છે પણ અત્યાર સુધીમાં સીબીઆઈ કે ઈડી બંને ભ્રષ્ટાચાર સાબિત કરી શકી નથી. ભ્રષ્ટાચાર થયો તો તેનાં નાણાં ક્યાંથી આવ્યાં તેનો ના સીબીઆઈ પાસે જવાબ છે કે ના ઈડી પાસે. ભ્રષ્ટાચારનાં નાણાં ક્યાં ગયાં તેનો પણ ના સીબીઆઈ પાસે જવાબ છે કે ના ઈડી પાસે.

સીબીઆઈ અને ઈડી બંને છેલ્લાં બે વર્ષથી વધારે સમયથી આ કેસની તપાસ કરે છે અને બંનેએ મળીને ૧૮ લોકોને જેલમાં પૂર્યા પણ તેમાંથી કોઈની સામે પણ કોઈ જ નક્કર પુરાવા સીબીઆઈ કે ઈડી રજૂ કરી શકી નથી. આ કારણે અરવિંદ કેજરીવાલને જામીન આપતા સુપ્રીમ કોર્ટે સીબીઆઇની આકરી ઝાટકણી કાઢીને 'પાંજરામાં બંધ પોપટ' સાથે સરખામણી કરી હતી.

સુપ્રીમ કોર્ટે સીબીઆઈને આ ઈમેજ બદલવા અને શાસકોનાં તળવાં ચાટતી એજન્સી તરીકેની ઈમેજમાંથી બહાર આવવાની તાકીદ પણ કરી છે. કેજરીવાલની ધરપકડની જરૂરિયાત અને સમય અંગે સવાલ ઉઠાવતાં કોર્ટે ટીપ્પણી પણ કરી કે, લાંબો જેલવાસ સ્થાપિત કાનૂની સિદ્ધાંતો અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન છે.

સુપ્રીમ કોર્ટના સ્ટિસ ભુયાને તો સીબીઆઈને ઝાટકતાં ત્યાં સુધી કહ્યું કે સીબીઆઇ દેશની અગ્રણી તપાસ એજન્સી છે. જાહેર હિતમાં તે માત્ર શંકા પર જ ના હોવી જોઇએ પરંતુ સીબીઆઈ શંકાથી પર છે એવું લોકોને લાગવું પણ જોઈએ. કાયદાનું શાસન આપણા બંધારણીય દેશની પાયાની ખાસિયત છે.

આ દેશનું બંધારણ આદેશ આપે છે કે કોઈ પણ તપાસ નિષ્પક્ષ, પારદર્શક અને ન્યાયપૂર્ણ હોવી જોઈએ. આ અદાલતે વારંવાર એ વાત પર ભાર મૂક્યો છે કે બંધારણની કલમ ૨૦ અને ૨૧ હેઠળ નિષ્પક્ષ તપાસ એ આરોપીનો મૂળભૂત અધિકાર છે પણ સીબીઆઈ તેમાં નિષ્ફળ નિવડી છે.

સુપ્રીમ કોર્ટે બીજું પણ ઘણું કહ્યું છે ને એ બધાની વાત કરતા નથી પણ સુપ્રીમ કોર્ટની ટિપ્પણી પરથી સ્પષ્ટ છે કે, સીબીઆઈ અને ઈડી બંનેની કોઈ વિશ્વસનિયતા નથી એ વાત સુપ્રીમ કોર્ટ પણ સ્વીકારે છે. બંને એજન્સી માટે આ વાત ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવી કહેવાય.

આ કેસ સાથે સંકળાયેલા અધિકારીઓમાં જરાક પણ શરમનો છાંટો હોય તો તેમણે દિલ્હીમાં યમુના નદીમાં ડૂબી મરવું જ જોઈએ. સીબીઆઈ કે ઈડીના અધિકારીઓમાં એટલું આત્મગૌરવ કે સ્વમાન હોય એવી આશા રાખવા જેવી નથી તેથી સુપ્રીમ કોર્ટ કે બીજી કોઈ પણ કોર્ટ ગમે તે કહે એ બધું પથ્થર પર પાણી જ છે. સુપ્રીમ કોર્ટ પહેલાં પણ એ લોકોને તતડાવી ચૂકી છે ને તેમનામાં કોઈ ફરક પડતો નથી ને અત્યારે પણ પડવાનો નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

**(ઉત્તરાયણ સૌર શરદઋતુ), સોમવાર, તા. ૧૬-૯-૨૦૨૪**

- ભારતીય દિનાંક ૨૫, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઘનિષ્ઠા સાંજે ક. ૧૬-૩૨ સુધી, પછી શતભિષા.
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૭ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૨, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : સવારે ક. ૧૦-૩૯, રાત્રે ક. ૨૨-૫૦
- ઓટઃ બપોરે ક. ૧૬-૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૩ (તા. ૧૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ત્રયોદશી. સૂર્ય કન્યા રાશિમાં ક. ૧૯-૪૪. સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨-૩૪ થી સાંજે ૧૮-૪૧. ઈદે મિલાદ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મંગળ ગ્રહ દેવતાનું પૂજન, વસુ દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, પાટ અભિષેક પૂજા, બગીચો બનાવવો, પર્વ પૂજા નિમિત્તે નવાં વસ્ત્રો, આભૂષણ પહેરવાં, રત્ન ધારણ, ધાન્ય વેચવું, વૃક્ષ રોપવાં, બી વાવવું, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા.
- શ્રી ગણેશ મહિમાઃ આજે ગણેશ મંદિરમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, નર ગજના સ્વરૂપ પ્રાપ્ત કરી ગણેશજી જીવનમાં સંયોજક ક્ષમાહારક, સમન્વયકારક અને સંશ્લેષક બુદ્ધિની પ્રાપ્તિ માટેનું મૂળ સ્વરૂપ જણાય છે. શ્રી ગણેશજીની આકૃતિ જીવતત્ત્વ અને ઈશ્વરતત્ત્વના પ્રેરણાસ્ત્રોત્ર છે. જ્ઞાનીઓ માટે વધુ ને વધુ જ્ઞાન અને ભક્તિ દ્વારા ઈશ્વર તરફના પ્રયાણને જાળવી રાખવા શ્રી ગણેશભક્તિ અનિવાર્ય છે.
- આચમનઃચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ, ચંદ્ર-મંગળ ત્રિકોણ ઉદ્યમી, મંગળ-રાહુ ચતુષ્કોણ રાજકારણમાં અપયશનો ભય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ (તા. ૧૭), મંગળ-રાહુ ચતુષ્કોણ (તા. ૧૭)
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# કેન્દ્રની પ્રાથમિકતા આદિવાસીઓ, ગરીબો, યુવાનો, મહિલાઓનો વિકાસઃ વડા પ્રધાન મોદી

રાંચીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઝારખંડમાં કહ્યું હતું કે કેન્દ્ર સરકારની પ્રાથમિકતા આદિવાસીઓ, ગરીબો, દલિતો, મહિલાઓ અને યુવાનોનો વિકાસ છે અને તેમના લાભાર્થે કેટલીક યોજનાઓ શરૂ કરવામાં આવી છે.

ઝારખંડ જે વિકાસમાં અત્યાર સુધી પાછળ રહી ગયું છે તેમાં પણ આ બધી યોજનાઓ લાગુ કરવામાં આવતાં વિકાસની ગતિ જોવા મળશે, એમ તેમણે કહ્યું હતું.

ઝારખંડ વિકાસમાં પાછળ રહી જતું હતું, પરંતુ હવે કેટલાક પ્રોજેક્ટ આવ્યા છે, જેનાથી આ પ્રદેશનો વિકાસ ઝડપી બનશે. હવે કેન્દ્રની પ્રાથમિકતા આદિવાસીઓ, ગરીબો, યુવાનો, દલિતો અને મહિલાઓના વિકાસ છે, એમ મોદીએ વર્ચ્યુઅલી ટાટાનગરમાં વંદેભારત ટ્રેનને લીલી ઝંડી આપવા તેમ જ અન્ય પ્રોજેક્ટની શરૂઆત માટે એકઠા થયેલા લોકોને સંબોધતાં કહ્યું હતું.

વડા પ્રધાને ટાટાનગર ન પહોંચી શકવા માટે લોકોની માફી માગતા કહ્યું હતું કે 'ખરાબ વાતાવરણને કારણે મારું હેલિકોપ્ટર રાંચીથી ઉડ્ડયન કરી શક્યું નહોતું.'

તેમણે કહ્યું હતું કે રેલવે અને અન્ય પ્રોજેક્ટને કારણે ઉદ્યોગ, પ્રવાસન, આર્થિક વૃદ્ધિ અને વિકાસ પૂર્વના પ્રદેશોમાં જોવા મળશે.

કેન્દ્ર સરકારે ઝારખંડના વિકાસ માટે પોતાનું રોકાણ વધારી દીધું છે. આ વર્ષે ઝારખંડને રૂ. ૭,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ અગાઉના ૧૦ વર્ષની સાથે સરખામણી કરવામાં આવે તો આ ફાળવણી ૧૬ ગણી વધારે છે.

ઝારખંડ એવાં રાજ્યોની હરોળમાં આવી ગયું છે, જ્યાં રેલવે લાઈનનું ૧૦૦ ટકા ઈલેક્ટ્રિફિકેશન કરી નાખવામાં આવ્યું છે. અમૃત ભારત યોજના હેઠળ ઝારખંડના ૫૦ જેટલાં રેલવે સ્ટેશનોની કાયાપલટ કરવામાં આવી રહી છે.

આ પહેલાં તેમણે ઝારખંડ, ઓરિસા, બિહાર અને ઉત્તર પ્રદેશ માટે છ વંદેભારત ટ્રેનને રાંચીથી વર્ચ્યુઅલી લીલી ઝંડી દાખવી હતી.

## ઝારખંડના રાંચીથી રૂ. ૬૬૦ કરોડના પ્રોજેક્ટને લીલી ઝંડી

રાંચીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઝારખંડના રાંચીથી રૂ. ૬૬૦ કરોડના વિવિધ પ્રોજેક્ટને લીલી ઝંડી દાખવી હતી. જેમાં દેવઘર જિલ્લાના મધુપુર બાયપાસ લાઈન અને ઝારીબાગ ટાઉન કોચિંગ ડેપોના શિલાન્યાસનો સમાવેશ થતો હતો. આ ડેપોમાંથી નવી ટ્રેનો અને સેવાઓ શરૂ થશે એ લાભદાયક નીવડશે, એમ વડા પ્રધાને કહ્યું હતું.

બોન્ડામુંડા-રાંચી સિંગલ લાઈન સેક્શનના એક ભાગ કુરકુરા-કાનારાવ લાઈનના ડબલિંગને તેમ જ રાંચી, મુરી અને ચંદ્રપુરા સ્ટેશન થઈને રૌરકેલા-ગોમોહ રૂટને દેશને સમર્પિત કર્યો હતો.

આ પ્રોજેક્ટને કારણે માલસામાન અને પ્રવાસીઓના વહનની અવરજવરમાં વધારો થશે. આ ઉપરાંત વડા પ્રધાને ચાર રોડ અંડર બ્રિજ પણ શરૂ કર્યા હતા.

રેલવે લાઈનો બિછાવવાનું કામ, ડબલિંગનું કામ અને રેલવે સ્ટેશનો પર આધુનિક સુવિધા વિકસાવવાના કામ ઝડપથી ચાલી રહ્યા છે એમ તેમણે કહ્યું હતું.

## ૩૨,૦૦૦ લાભાર્થીને પ્રધાનમંત્રી આવાસ યોજનાના મંજૂરી પત્ર વર્ચ્યુઅલી આપ્યા

રાંચીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે વર્ચ્યુઅલી પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (પીએમએવાય-જી) હેઠળ ૩૨,૦૦૦ લાભાર્થીઓને મંજૂરી પત્રનું વિતરણ કર્યું હતું અને આ ઘરોના બાંધકામ માટે રૂ. ૩૨ કરોડની ફાળવણી કરી હતી.

તેમણે આવી જ રીતે આખા દેશના કુલ ૪૬,૦૦૦ પીએમએવાય-જીના લાભાર્થીઓને વર્ચ્યુઅલી ઘરની ચાવીનું વિતરણ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે ઝારખંડમાં ગરીબો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧,૧૩,૪૦૦ ઘરને મંજૂરી આપી છે.

તેમણે વર્ચ્યુઅલી કહ્યું હતું કે ગરીબોને પાકાં ઘર આપવામાં આવ્યાં છે હવે ટોઈલેટ, પીવાનું પાણી, ઈલેક્ટ્રિસિટી, ગેસ જોડાણ પણ આવાસ યોજના સાથે જ આપવામાં આવી રહ્યા છે. જ્યારે પરિવારને પોતાનું ઘર મળે છે ત્યારે તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય છે એમ પણ તેમણે કહ્યું હતું. ■

# કેજરીવાલનું રાજીનામું તેમની પત્નીને મુખ્ય પ્રધાન બનાવવાની યોજનાનો ભાગ, ભાજપનો આક્ષેપ

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટી (બીજેપી) એ રવિવારે કહ્યું કે આમ આદમી પાર્ટી (આપ)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બે દિવસ પછી દિલ્હીના મુખ્ય પ્રધાન પદ પરથી રાજીનામું આપીને ''ઇમોશનલ કાર્ડ''ની ચાલ ચાલી છે. બીજેપીના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ દાવો કર્યો હતો કે, 'તેઓ રાજીનામું આપવાનું નાટક કરી રહ્યા છે કારણ કે કોર્ટે તેમને (એક્સાઇઝ પૉલિસી 'કૌભાંડ') કેસમાં નિર્દોષ છોડ્યા નથી, પરંતુ તેમને શરતી જામીન આપ્યા છે, જેથી તેઓ મુખ્ય પ્રધાનના નામ પર માત્ર એક મંત્રી' બનીને રહી ગયા છે.

આબકારી નીતિ 'કૌભાંડ' કેસમાં તિહાર જેલમાંથી જામીન પર છૂટ્યાના બે દિવસ પછી આપના રાષ્ટ્રીય કન્વીનરે કહ્યું કે તેઓ બે દિવસ પછી રાજીનામું આપશે અને દિલ્હીમાં વહેલી ચૂંટણીની માગ કરશે.તેમણે વચન આપ્યું હતું કે જ્યાં સુધી લોકો તેમને 'ઈમાનદારીનું પ્રમાણપત્ર' નહીં આપે ત્યાં સુધી તેઓ મુખ્ય પ્રધાનની ખુરશી પર બેસશે નહીં.

કેજરીવાલના આ નિર્ણયને 'પીઆર એક્સરસાઇઝ અને નાટક' ગણાવતા પૂનાવાલાએ આક્ષેપ કર્યો હતો કે અરવિંદ કેજરીવાલની જાહેરાત તેમની પત્ની સુનીતા કેજરીવાલને મુખ્ય પ્રધાન બનાવવાની તેમની યોજનાનો એક ભાગ છે. તેમણે કહ્યું, 'અરવિંદ કેજરીવાલે આપત્તિને અવસરમાં બદલવામાં પીએચડી કર્યું છે.'

આપ કાર્યકર્તાઓને સંબોધતા કેજરીવાલે કહ્યું કે તેઓ આગામી થોડા દિવસોમાં પાર્ટીના ધારાસભ્યોની બેઠક કરશે અને પાર્ટીનો કોઇ નેતા મુખ્ય પ્રધાનનું પદ સંભાળશે. દિલ્હીના મુખ્યમંત્રી પર નિશાન સાધતા પૂનવાલાએ કહ્યું, 'તેમણે બે દિવસનો સમય લીધો છે કારણ કે તેમની આખી યોજના તેમની પત્ની સુનીતા કેજરીવાલને દિલ્હીના મુખ્ય પ્રધાન બનાવવાની છે.'

ભાજપના નેતાએ આરોપ લગાવ્યો હતો કે તેમનો (કેજરીવાલ) ઉદ્દેશ્ય દિલ્હીમાં મનમોહન સિંહ જેવી સિસ્ટમ બનાવવાનો છે, જેમ કે (પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ) સોનિયા ગાંધીએ કર્યું હતું.' તેમણે કહ્યું કે તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં કેજરીવાલના નેતૃત્વ હેઠળના પાર્ટીના 'જેલ કા બદલા વોટ' અભિયાન છતાં લોકોએ દિલ્હીની તમામ લોકસભાની સાત બેઠકો પર આપ અને કોંગ્રેસની હાર સુનિશ્ચિત કરી હતી. ■

# મેરઠમાં મકાન તૂટી પડવાની દુર્ઘટનાનો મરણાંક ૧૦ થયો

મેરઠ / લખનઊ : મેરઠના ઝાકિર નગરમાં ત્રણ માળનું મકાન તૂટી પડવાની ઘટનામાં મરણાંક દસનો થઈ ગયો છે અને ઘટનાસ્થળે બચાવ કાર્ય હજી ચાલુ છે, એવી માહિતી જિલ્લા વહીવટીતંત્રે રવિવારે આપી હતી. વહીવટીતંત્રે એક નિવેદનમાં કહ્યું હતું કે કાટમાળ હેઠળ હજી એક ઈસમ દટાયેલો હોવાની આશંકા છે.

મૃતકોને સાજિદ (૪૦), તેમની પુત્રી સાનિયા (૧૫), પુત્ર સાકિબ (૧૧), સિમરા (દોઢ વર્ષ), રીઝા (૭), નાફ્રુ (૬૩), ફરહાના (૨૦), અલિસા (૧૮),આલિયા (૬) અને રિમસા (પાંચ મહિના) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે.

વહીવટીતંત્રે કહ્યું હતું કે સોફિયા (૬)ની હાલત સ્થિર છે. ઈજાગ્રસ્તો નઈમ (૨૨), નદીમ (૨૬), સાકિબ (૨૦) અને સૈના (૩૮) લાલા લજપત રાય મેડિકલ કોલેજમાં સારવાર લઈ રહ્યા છે, શનિવારે બપોરે ત્રણ માળની ઈમારત જમીનદોસ્ત થઈ ગઈ હતી અને ૧૫ લોકો આમાં દટાઈ ગયા હતા.

મેરઠ જિલ્લા મેજિસ્ટ્રેટ દીપક મીનાએ પત્રકારોને કહ્યું હતું કે બચાવ કામગીરી શરૂ કરાઈ ત્યારે અમને કુટંબીજનોએ ૧૫ જણની માહિતી આપી હતી. મકાન તૂટી પડ્યું ત્યારે ત્રણ જણ બહાર નીકળવામાં સફળ થયા હતા. મરણાંક અત્યારે ૧૦નો છે અને પાંચ જણ જીવંત છે. જ્યાં સુધી બધો કાટમાળ દૂર નહીં કરાય ત્યાં સુધી બચાવ કામગીરી ચાલુ રહેશે.

મૃતદેહો મેડિકલ કોલેજમાં રાખવામાં આવ્યા છે અને તેમના પર પોસ્ટમોર્ટમ કરાઈ રહ્યું છે. એનડીઆરએફ, પોલીસ અને ફાયર બ્રિગેડ બચાવ કામગીરી કરી રહ્યા છે. (એજન્સી) ■

# છત્તીસગઢમાં મેલીવિદ્યાની શંકાથી ત્રણ મહિલા સહિત પાંચને માર્યા

સુકમા : છત્તીસગઢના આદિવાસીના પ્રભુત્વવાળા ગામમાં બે દંપતી અને એક મહિલા મેલીવિદ્યા કરે છે એવી આશંકાથી તેમને એટલો માર મરાયો હતો કે તેમના મૃત્યુ થયા હતા. પોલીસે એવી માહિતી આપી હતી કે એ જ ગામના પાંચ લોકોને હત્યાના સંબંધમાં અટકમાં લેવામાં આવ્યા છે અને તેમની પૂછપરછ ચાલુ છે.

બનાવ કોન્ટા પોલીસ સ્ટેશન હેઠળના એકટલ ગામમાં બન્યો હતો. જેમને મોતના ઘાટ ઉતારવામાં આવ્યા છે તેમની મૌસમ બિરી, મોસમ બુચાચા (૩૪), તેમની પત્ની મૌસમ અરજો (૩૨) અને બીજી એક મહિલા કારકા લાછી (૪૩) તરીકે ઓળખાણ કરાઈ છે. પોલીસે કહ્યું હતું કે સાબદા કરવામાં આવતા વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

જેમની અટક કરાઈ છે તેમનાં નામો સવલામ રાજેશ (૨૧), સવલામ હિદમા, કરમ સત્યમ (૩૫), કુંજમ મૂકેશ (૨૮) અને પોડિયમ એન્કા તરીકે કરવામાં આવી હતી. વધુ તપાસ ચાલુ છે. ગુરુવારે ૨૧ સપ્ટેમ્બરે રાજ્યના બાલોદાબજાર-ભાતપાત્રા જિલ્લામાં આવો જ બનાવ બન્યો હતો જેમાં એક કુટંબના નવજાત શિશુ સહિત ચાર સભ્યોને મેલીવિદ્યા કરે છે એવી શંકાથી મારી નખાયા હતા. (એજન્સી) ■

# ઈંગ્લિશ ચેનલ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે ૧૩નાં મોત

પેરિસઃ ઉત્તર ફ્રાન્સથી ઇંગ્લિશ ચેનલ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે બોટ પલટી જવાથી રવિવારે સવારે ૧૩ લોકોના મોત થયા હતા. બધા બ્રિટન જઇ રહ્યા હતા. આ જાણકારી ફ્રાન્સના અધિકારીઓએ આપી હતી. પાસ-ડી-ક્લાઇસ પ્રદેશના પ્રીફેક્ચરના નિવેદન અનુસાર બચાવ કામગીરી ચાલુ છે અને દુર્ઘટનામાં બચી ગયેલા લોકોને ફ્રાન્સના ઉત્તરી શહેર એમ્બલેટ્યૂસના સ્પોર્ટ્સ હોલ ખાતે લઇ જવામાં આવ્યા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### કેજરીવાલ

માગણી કરું છું.

કેજરીવાલે જણાવ્યું હતું કે હું આગામી એકાદ બે દિવસમાં આમ આદમી પક્ષના વિધાનસભ્યોની બેઠક બોલાવીશ અને પક્ષના કોઇ અન્ય નેતાને મુખ્ય પ્રધાન તરીકે પસંદ કરીશું.

અગાઉ, કેજરીવાલને દિલ્હીમાંની દારૂને લગતી આબકારી જકાત નીતિમાંની ગેરરીતિના સંબંધમાં પકડવામાં આવ્યા હતા અને લાંબા સમય સુધી તિહાડ જેલમાં રહ્યા બાદ અદાલતે તેમને જામીન પર છોડવા શુક્રવારે આદેશ આપ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી ફેબ્રુઆરીમાં યોજાવાની છે, પરંતુ હું તે નવેમ્બરમાં મહારાષ્ટ્ર વિધાનસભાની સાથે યોજવાની માગણી કરું છું.

કેજરીવાલે જણાવ્યું હતું કે દિલ્હીની જનતા મને પ્રામાણિકતાનું પ્રમાણપત્ર આપશે, તે પછી જ હું ફરી મુખ્ય પ્રધાનપદે બેસીશ. હું જેલમાંથી બહાર આવીને 'અગ્નિપરીક્ષા' આપવા માગું છું. જનતા અમને પ્રામાણિકતાનું સર્ટિફિકેટ આપશે, તે પછી જ હું મુખ્ય પ્રધાન અને મનીષ સિસોદિયા નાયબ મુખ્ય પ્રધાન બનીશું.

ભાજપે કેજરીવાલની આ જાહેરાતને નાટક ગણાવીને જણાવ્યું હતું કે દિલ્હીના મુખ્ય પ્રધાને ઘણું વહેલું રાજીનામું આપી દેવું જોઇતું હતું. અરવિંદ કેજરીવાલ પોતાની પત્ની સુનીતા કેજરીવાલને મુખ્ય પ્રધાન બનાવવા માગે છે. (એજન્સી) ■

### દેશમાં ટૂંક સમયમાં

છે. નેશનલ પોપ્યુલેશન રજિસ્ટરને અપડેટ કરવાનું કામ ૨૦૨૦ની પહેલી એપ્રિલથી લઇને ૩૦ સપ્ટેમ્બર સુધી યોજાવાનું હતું, પરંતુ કોવિડ-૧૯ના રોગચાળાને કારણે વસતિગણતરી મુલતવી રખાઇ હતી.

સરકારને દેશમાં વસતિગણતરી કરવાનો કુલ ખર્ચ રૂપિયા ૧૨,૦૦૦ કરોડથી વધુ થવાની શક્યતા છે.

નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર ડિજિટલ વસતિગણતરીનો પણ આ વખતે સમાવેશ કરવાનું છે. તેમાં કોઇ પણ વ્યક્તિ સરકારી કર્મચારીની મદદ વિના ફોર્મ ઓનલાઇન ભરી શકશે. તેના માટે આધાર અને મોબાઇલ ફોન નંબર આપવા જરૂરી રહેશે.

વસતિગણતરીના કાર્યક્રમના ભાગરૂપે જનતાને પૂછવાના ૩૧ સવાલ પણ નક્કી કરાયા હોવાનું કહેવાય છે. (એજન્સી) ■

### નીરજ

દુખાવો હતો, છતાં મેં પડકાર ઝીલી લીધો હતો. હું મારી ટીમના સપોર્ટથી સ્પર્ધામાં ભાગ લઈ શક્યો હતો. આ વર્ષની આ છેલ્લી સ્પર્ધા હતી અને હું સારા પર્ફોર્મન્સ સાથે એ પૂરી કરવા દૃઢ હતો. હું અપેક્ષા મુજબ પ્રાપ્ત ન કરી શક્યો, પરંતુ આ સીઝનમાંથી મને ઘણું શીખવા મળ્યું છે. હું હવે પછી ફુલ્લી ફિટ થઈને વધુ સારું પર્ફોર્મ કરવા મક્કમ છું.'

નીરજને થોડા મહિનાથી ફિટનેસની સમસ્યા સતાવે છે. પગના સ્નાયુઓના દુખાવા બાબતમાં તે સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરને મળવા વિચારી રહ્યો હતો ત્યાં હવે તેને ડાબા હાથમાં ફ્રૅક્ચર થયું છે. તે ૨૦૨૩ની સીઝનમાં ફક્ત એક ટૂર્નામેન્ટ (પાવો નુરમી સ્પર્ધા) જીતી શક્યો છે.

જર્મનીનો જુલિયન વેબર (૮૫.૯૭ મીટર) ત્રીજા સ્થાને રહ્યો હતો.

નીરજ પૅરિસ ઑલિમ્પિક્સના સિલ્વર મેડલ પહેલાં ૨૦૨૧માં ટોક્યો ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

નીરજનો પર્સનલ બેસ્ટ થ્રો ૮૯.૯૪ મીટર છે. શનિવારે તેના છ થ્રોના આંકડા આ મુજબ હતાઃ ૮૬.૮૨ મીટર, ૮૩.૪૯ મીટર, ૮૭.૮૬ મીટર, ૮૨.૦૪ મીટર, ૮૩.૩૦ મીટર અને ૮૬.૪૬ મીટર.

ટોચના સાત ઍથ્લીટ આ લીગની ફાઇનલમાં ભાગ લઈ શક્યા હતા.

શુક્રવારે બ્રસેલ્સમાં જ ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝ દોડમાં ભારતનો અવિનાશ સાબળે આઠ મિનિટ અને ૧૭.૦૯ સેકન્ડના ટાઇમિંગ સાથે છેક નવમા સ્થાને રહ્યો હતો. ઑલિમ્પિક્સમાં તે ૧૧મા નંબરે રહ્યો હતો. ■

### ઓડિશા

હતા અને ૧૧ લોકો ઘાયલ થયા હતા. પોલીસે જણાવ્યું કે મોટરસાઇકલ પર સવાર બે લોકો એક ટ્રક સાથે અથડાયા હતા અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે બીજા એક અકસ્માતમાં પૂરપાટ ઝડપે ૧૩ લોકોને લઇને જતી એક કાર બારીપાડા-લુલુંગ રોડ પર ખાસાડીહા પાસે રસ્તાની બાજુના ઝાડ સાથે અથડાઇ હતી, જેમાં ડ્રાઇવર અને એક મુસાફરના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. જ્યારે ઘાયલ મુસાફરોને બારીપાડાની પીઆરએમ મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અધિકારીએ જણાવ્યું કે જિલ્લા પોલીસે બે કેસ નોંધ્યા છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મેડિકલ કોલેજ અને હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. ■

### કાશ્મીરની ચૂંટણીમાં

અરાજકતા અને ભયનું વાતાવરણ ઊભું કરાય જેનો હેતુ ચૂંટણીમાં અડચણ પેદા કરવાનો છે.

સૂત્રોએ માહિતી આપી છે કે આ હુમલા પાછળનો હેતુ અસુરક્ષાની ભાવના પેદા કરવાનો અને સ્થાનિક લોકોને ચૂંટણીમાં ભાગ લેતા રોકવાનો છે જેથી જમ્મુ અને કાશ્મીરમાં અશાંતિની છબી ઊભી થાય. લશ્કરે જે વિસ્તારોમાં અને ખાસ કરીને જમ્મુના એ વિસ્તારોમાં જ્યાં આતંકવાદી હુમલા વધી ગયા છે ત્યાં વધારાની કુમકો મોકલાવી છે.

સરહદી ક્ષેત્રો અને ડોડા તથા કિશ્તવાડમાં વધારાના ૫૦૦૦-૬૦૦૦ જવાનો ગોઠવામાં આવ્યા છે. નજર રાખવા ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સૂત્રો કહે છે કે સુરક્ષા દળો કોઈ પણ સ્થિતિનો સામનો કરવા તત્પર છે.

ચૂંટણી ત્રણ તબક્કા-૧૮ સપ્ટેમ્બર, ૨૫ સપ્ટેમ્બર અને પહેલી ઓક્ટોબરે યોજાશે. આઠ ઓક્ટોબરે મતગણતરી કરાશે. જેમ ચૂંટણી નજીક આવે છે એમ આતંકવાદી હુમલામાં વધારો થઈ રહ્યો છે. ■

# ખેડાના મહુધામાં ઉશ્કેરણીજનક પોસ્ટની ફરિયાદ બાદ હુમલોઃ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં આ વર્ષે ગણેશોત્સવમાં પથ્થરમારો થયાની ઘટનાઓ વધી છે. આગામી એક બે દિવસમાં ગણેશ વિસર્જન અને ઈદ છે તે પહેલાં સુરત, વડોદરા, કચ્છ અને ભરૂચ પછી ખેડાના મહુધામાં ઉશ્કેરણીજનક પોસ્ટ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને પથ્થરમારો થયાની ઘટના બનતા શહેરમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

સોશિયલ મીડિયામાં ઉશ્કેરણીજનક પોસ્ટ કરનારા લોકો સામે પોલીસે ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરી હતી. ઘટનાના પગલે મહુધામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે અને હાલ શાંતિનો માહોલ છે.

ખેડાના મહુધામાં ભડકાઉ પોસ્ટ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાઇ હતી. સોશિયલ મીડિયામાં ભડકાઉ પોસ્ટ કરવા બદલ ફરિયાદ કરવા ગયેલા વ્યક્તિઓ પર ટોળાએ હુમલો કર્યો હતો. આ મામલે મહુધા પોલીસે ૧૦૦ વ્યક્તિના ટોળા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ સમગ્ર મામલે પોલીસે જણાવ્યું હતું કે, ફરિયાદ કર્યા બાદ જ્યારે અમે કઠલાલ જઈ રહ્યા હતા, ત્યારે ૨૦૦૦ જેટલા લોકોના ટોળાએ અમને રોકીને પથ્થરમારો કર્યો. વ્યક્તિઓના ગાડીના કાચ સહિત ગાડીને નુકસાન કરવામાં આવ્યું હતું. મહુધા અને કઠલાલની પરિસ્થિતિ વધુ બગડે નહીં, તે માટે ખેડા પોલીસે અન્ય જિલ્લા પોલીસની મદદ માગી છે. રાત્રે થયેલા આ હુમલા અંગે પોલીસ ફરિયાદ નોંધતા, કેટલાક આરોપીઓની પોલીસે અટકાયત કરી હતી. બે કોમ વચ્ચે થયેલા પથ્થરમારાની ઘટના બાદ પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

અત્રે ઉલ્લેખનિય છે કે, ખેડાના મહુધામાં સોશિયલ મીડિયામાં કરાયેલી ભડકાઉ પોસ્ટના મામલે કેટલાક લોકો પોલીસમાં ફરિયાદ કરવા ગયા હતા અને ત્યારે પોલીસ સ્ટેશનની બહાર જ જૂથ અથડામણ થઇ હતી. ટોળાએ પોલીસ સ્ટેશનની બહાર જ પથ્થરમારો કર્યો હતો.

# નર્મદા ડેમના ૧૫ દરવાજા ખોલ્યાઃ ૧૩૮.૬૮ મીટરની પૂર્ણ સપાટીથી માત્ર ૨ મી. દૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય પ્રદેશમાં અવિરત વરસાદના પગલે ઓમકારેશ્વર ડેમમાંથી ૪ લાખ ક્યૂસેકથી વધુ પાણી છોડવામાં આવી રહયું હોવાથી નર્મદા ડેમની સપાટી ઝડપથી વધી રહી છે. શનિવારે ડેમમાં ૪.૯૯ લાખ ક્યૂસેક પાણીની આવક સામે ૩.૨૫ લાખ ક્યૂસેક પાણીની જાવક નોંધાઇ હતી. ડેમમાં ૧.૫૦ લાખ ક્યૂસેક પાણીનો સંગ્રહ કરવામાં આવી રહ્યો છે. ડેમની સપાટી ૧૩૬.૭૦ મીટર સુધી પહોંચી હતી, જ્યારે મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. નર્મદા ડેમને ૧૩૮.૬૮ મીટરની સપાટીથી ભરી નર્મદાના નીરના વધામણા લેવાની તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી હોય તેમ લાગી રહ્યું છે. હાલ ડેમના ૧૫ દરવાજાઓ ખોલી તથા રિવરબેડ પાવર હાઉસ ચલાવીને ૩.૨૫ લાખ ક્યૂસેક પાણી નદીમાં છોડાઇ રહ્યું છે જેને લઈને ભરૂચ સહિતના જિલ્લામાં કાંઠા વિસ્તારના લોકોને સાવધ રહેવા જણાવાયું છે.

# સુરતમાં ઈદ-ગણેશ વિસર્જનના પગલે હાઈએલર્ટઃ ૧૫ હજારથી પણ વધુ જવાનો તહેનાત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં વરિયાવી બજાર અને સૈયદપુરામાં પથ્થરમારો થતા શહેર પોલીસ આગામી ઇદે-મિલાદ અને ગણેશ વિસર્જનને લઇ હાઇ એલર્ટ પર આવી ગઇ છે. આવતી કાલે (૧૬ સપ્ટેમ્બર) ઈદ અને મંગળવારે નીકળનારી બાપ્પાની વિસર્જન યાત્રામાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવા સાથે સીસીટીવી કેમેરા, બોડી વોર્ન, ડ્રોન કેમેરાથી પણ શહેર આખાની વિસર્જન પ્રક્રિયા પર ચાંપતી નજર રખાશે. પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઇ ઉચ્ચ અધિકારીઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ, ટીઆરબી, રેપિડ એક્શન ફોર્સ મળી ૧૫ હજારથી પણ વધુ જવાનો વિસર્જનના બંદોબસ્તમાં તૈનાત રહેશે. રવિવારે ભાગળ ખાતે ઈદ અને ગણેશ વિસર્જનને લઈને પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ કરીને રિહર્સલ કરવામાં આવ્યું હતું. આ સાથે જ સુરત પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પર ખાસ નજર રાખવામાં આવશે.

શહેરમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં રૂટ માર્ચ, વાહન ચેકિંગ કરાઈ રહ્યું છે.

અત્યાર સુધીમાં ૨૦૦ શકમંદ સામે અટકાયતી પગલાં ભરવામાં આવ્યા છે. સુરત પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, આવતીકાલે ઈદના જુલુસ નીકળનાર છે. અંદાજે ૧૪૪ જેટલા ઇદના જુલૂસ, નીકળશે પણ તે કોઈ રાજમાર્ગે મુખ્ય માર્ગ પર નહીં આવે. જ્યારે બીજા દિવસે વિસર્જન હોવાથી ૮૦,૦૦૦ જેટલી પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવનાર છે. જેને લઈને રિહર્સલ કરવામાં આવી રહ્યું છે.વધુમાં જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર ફેલાવવામાં આવતી અફવાઓ પર ધ્યાન ન આપો. સોશિયલ મીડિયા પર અફવા ફેલાવતા પકડાશે તો તેના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. ઈદ અને વિસર્જનને લઈને સોશિયલ મીડિયા પર સુરત પોલીસની ટીમ દ્વારા બાજનજર રાખવામાં આવી રહી છે.

# સુરતમાં રોગચાળો વકર્યોઃ ધારાસભ્ય કુમાર કાનાણીએ પત્ર લખી તંત્રનો ઉધડો લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણી પ્રજાલક્ષી કાર્યો માટે સતત ઝઝૂમતા રહે છે, ઘણી વખત તેમની પાર્ટીના સરકારની ઝાટકણી કાઢતા પત્રોથી વિવાદ પણ સર્જાતો રહે છે. જેમ કે તેમણે શહેરમાં વકરી રહેલા રોગચાળાના મુદ્દે ફરી એક વાર મોરચો માંડ્યો છે. વારંવાર લેટર લખીને તંત્રનો કાન આમળવા માટે જાણીતા ધારાસભ્ય કુમાર કાનાણીએ આ વખતે રોગચાળા મુદ્દે પાલિકા કમિશનરને પત્ર લખ્યો હતો અને પાલિકા અધિકારીઓને આડે હાથ લીધા હતા.

વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ પાલિકા કમિશનરને પત્ર લખી રોગચાળા મુદ્દે તંત્રની શિથિલ કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો હતો, તેમણે પત્રમાં લખ્યું હતું કે, સુરત શહેરમાં હાલ ડેન્ગ્યૂ અને મેલેરિયા જેવો રોગચાળો ફાટી નીકળ્યો છે અને મૃત્યના આંકમાં વધારો થઇ રહ્યો છે. હાલ સરકારી અને ખાનગી હૉસ્પિટલમાં દર્દીઓને સારવાર માટે જગ્યા મળતી નથી અને બ્લડ બેંકોમાં લોહી પણ મળતું નથી.

તેમણે પત્રમાં લખ્યું છે કે આવી ભયંકર સ્થિતિમાં સુરત મહાનગરપાલિકા અને તેનું આરોગ્ય તંત્ર નિંદ્રાધીન અવસ્થામાં હોય તેવું લાગી રહ્યું છે. જે વિસ્તારમાંથી કેસો આવે છે તે વિસ્તારોમાં આરોગ્ય તંત્ર દ્વારા ધુમ્રસેલ તથા દવા છંટકાવ જેવી કામગીરી કરવામાં આવતી નથી. ફિલ્ડમાં આવા રોગોના નિયંત્રણ માટે કોઇ પણ પ્રકારની સઘન કામગિરી થતી નથી.

પત્રમાં તેમણે આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, સુરત મહાનગરપાલિકાનું તંત્ર માત્ર એસી ચેમ્બરોમાં બેસી કાગળ પર કામગિરી કરી રહ્યું છે. આ બાબતે નિંદ્રા અવસ્થામાંથી જાગી લોકોના આરોગ્યની ચિંતા કરી તત્કાળ ધોરણે ઠોસ કામગિરી કરવામાં આવે તે બાબતે યોગ્ય પગલાં લેશો.

# સુરત સિવિલમાં દાખલ ૧૦માંથી ત્રણ દર્દી ડેન્ગ્યૂનાઃ મૃત્યુઆંક આઠ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં મચ્છરોનો ઉપદ્રવ ઝડપથી વધી રહ્યો છે, જેથી મચ્છરજન્ય રોગચાળો પણ વકર્યો, સુરત સિવિલ હૉસ્પિટલમાં દર્દીઓની લાઈનો લાગી ગઈ છે. નવી સિવિલમાં દાખલ દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. હૉસ્પિટલની પરિસ્થિતિ એવી છે કે, વોર્ડની બહાર બેડ મૂકીને દર્દીઓને સારવાર આપવાની નોબત આવી પડી છે. વરસાદના કારણે ડેન્ગ્યૂના કેસોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. મળતી માહિતી પ્રમાણે, હાલમાં હૉસ્પિટલમાં દાખલ ૧૦માંથી ત્રણ દર્દી ડેન્ગ્યૂના છે. ડેન્ગ્યૂના કારણે સિઝનમાં આઠ લોકો મોતને ભેટ્યા છે. ડેન્ગ્યૂના મચ્છર ટાઇગરથી પણ ઓળખાય છે અને તડકો તેમના પ્રજનન માટે શ્રેષ્ઠ છે.

મળતી માહિતી પ્રમાણે, ત્યારે કિડની હૉસ્પિટલમાં આવેલા પાંચમા માળના વોર્ડ નંબર ૫એ અને ૫એમાં દાખલ દર્દીઓનો ધસારો વધી ગયો છે. જેને પગલે તમામ દર્દીઓને સારવાર મળી રહે તે માટે બોર્ડની બહાર બેડ મૂકીને દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. હાલમાં ડેન્ગ્યૂના ૩૦ ટકા શંકાસ્પદ દર્દીઓ હૉસ્પિટલોમાં આવી રહ્યા છે. દાખલ દર્દીઓની પણ આવી જ હાલત છે. વોર્ડમાં દાખલ ૧૦ દર્દીમાંથી ત્રણ ડેન્ગ્યૂના દર્દીઓ છે અથવા તેવા લક્ષણો સાથે છે. હાલમાં જ ડેન્ગ્યૂના કારણે વધુ એક દર્દીનું મોત થતાં મૃત્યુઆંક આઠ પર પહોંચ્યો છે. ડેન્ગ્યૂના વધતા જતા કેસોને જોતા તંત્રે આ બાબતને ગંભીરતાથી લઈને તાકીદે ધોરણે કામગીરી કરવી તેવી માગ ઉઠી છે.

# રાજ્યમાં પાંચ વર્ષમાં પાણીમાં ડૂબવાથી ૯૧૧૫ મોતઃ દોઢ મહિનામાં ૬૮ લોકોએ જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં પાણીમાં ડૂબવાના બનાવો વધ્યા છે, તાજેતરમાં જ ગણેશ વિસર્જન દરમિયાન મેશ્વો નદીમાં નહાવા ગયેલા આઠ લોકોના શુક્રવારે મોત નીપજ્યાં હતા. આ અંગે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ આ ઑથોરિટીના રિપોર્ટ મુજબ, છેલ્લાં દોઢ મહિનામાં જ રાજ્યમાં ૬૮ લોકોના મોત પાણીમાં ડૂબવાથી થયા છે. ગુજરાતમાં ૫ વર્ષ દરમિયાન ડૂબી જવાથી કુલ ૯૧૧૫ લોકોનાં મોત નીપજ્યાં છે. નેશનલ ક્રાઇમ બ્યૂરો રેકોર્ડના રિપોર્ટ મુજબ, ૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાન ગુજરાતમાં સૌથી વધુ ૬૦૮૧ મોત અચાનક પાણીમાં ડૂબી જવાથી થયા હતા. જ્યારે ૩૦૩૪ લોકોના મોત બોટ પલટી જવાથી કે અન્ય કારણોથી થયા હતા. દેશમાં આકસ્મિક રીતે થતાં મોતમાં ત્રીજું સૌથી મોટું કારણ ડૂબવું છે. ૨૦૨૨માં કુલ આકસ્મિક મોતમાંથી નવ એટલે કે ૩૮૫૦૩ મોત ડૂબી જવાના કારણે થયા હતા.

# નવરાત્રીમાં પોલીસની અનોખી ડ્રાઈવઃ પોલીસ ₹ ૫૦૦ દંડ કરી હેલ્મેટ આપશે

અમદાવાદઃ હેલમેટ પહેર્યા વગર વાહન ચલાવતા લોકો માટે શહેર પોલીસે અનોખો રસ્તો અપનાવ્યો છે, અમદાવાદ પોલીસ નવરાત્રીના દિવસ દરમિયાન અલાયદી ડ્રાઈવ શરૂ કરવાની છે, જેમાં યુવાપેઢીમાં હેલમેટ અંગે જાગૃતિ આવે તેમજ તેઓ રાતના સમયે પણ હેલમેટ પહેરતા થાય તે માટે શહેર પોલીસ નવરાત્રીમાં અલાયદી ડ્રાઈવ કરશે. જેમાં રાતના સમયે ગરબાના સ્થળની બહાર પોલીસ ઉભી રહેશે અને હેલમેટ પહેર્યા વગર આવતા ખેલૈયાઓ પાસેથી રૂ.૫૦૦ દંડ વસૂલ કરશે અને તેમને ગિફ્ટમાં આઈએસઆઈ પ્રમાણિત હેલમેટ આપશે. આ અભિયાનના ભાગ રૂપે પોલીસે એક હજાર હેલમેટ પણ મગાવી લીધા છે. નવરાત્રી દરમિયાન ૧૦ હજાર હેલમેટનું વિતરણ કરવાનું આયોજન કરાયું છે.

આ અંગે સેક્ટર-૧ ના અધિક પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, યુવાપેઢી ટુ વ્હિલર ચલાવતી વખતે હેલમેટ પહેરવાની ટેવ પાડે તે માટે આ વખતે નવરાત્રીમાં અલગ પ્રકારની ડ્રાઈવ યોજવામાં આવશે, જેમાં પોલીસ ગરબા શરૂ થવાના સમય પહેલા જ તમામ પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસ, ક્લબની બહાર ગોઠવાઈ જશે. ત્યાં હેલમેટ પહેર્યા વગર જે પણ યુવાન - યુવતી કે અન્ય નાગરિકોને આવશે તેમની પાસેથી પોલીસ રૂ.૫૦૦ દંડ લેશે.

દંડ લીધા બાદ તેમને ગિફ્ટમાં હેલમેટ પહેરાવશે. નવરાત્રીના નવ દિવસ સુધી રાતના સમયે આ ડ્રાઈવ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એક ખાનગી કંપનીના સહકારથી એક હજાર હેલમેટ ખરીદવામાં આવ્યા છે, પરંતુ ૯ દિવસની ડ્રાઈવમાં ૧૦ હજાર હેલમેટનું વિતરણ કરવાની તૈયારી છે.

# ભેદી તાવની બીમારીએ લખપતના પાન્ધ્રોની 30 વર્ષીય મહિલાનો ભોગ લેતા મરણાંક ૧૯ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના સીમાવર્તી લખપત અને અબડાસા વિસ્તારમાં રહેનારા જત માલધારી સમાજમાં ફેલાયેલી કોઈ અજ્ઞાત બીમારીએ લખપતના પાન્ધ્રો ખાતેના સોનલ નગરમાં રહેતી ૩૦ વર્ષિય મહેશ્વરી મહિલાનો ભોગ લેતાં કુલ મૃત્યુઆંક ૧૯ પર પહોંચ્યો છે.

આરોગ્ય વિભાગે આપેલી માહિતી મુજબ, હતભાગી રમીલા નાનજી મહેશ્વરી નામની મહિલાને ગત શુક્રવારે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાઈ હતી. તબિયત ગંભીર હોઈ આ મહિલાને અત્રેની કે.કે.પટેલ નામની ખાનગી હૉસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી જ્યાં ભેદી તાવ આવ્યાના ફક્ત ત્રણ દિવસમાં ટૂંકી સારવાર દરમિયાન આ મહિલાનું મોત થયું હતું.

આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.રવીન્દ્ર ફૂલમાલીએ રમીલાબેનમાં પણ અગાઉ મૃત્યુ પામેલા અન્ય દર્દીઓ જેવા જ ગંભીર લક્ષણો હોવાનું જણાવી ભેદી રોગચાળો અન્ય સ્થળ અને સમાજમાં પ્રસર્યો હોવા અંગે આશંકા અને ચિંતા દર્શાવી છે.

આ ભેદી બીમારીથી ટપોટપ મૃત્યુ પામી રહેલાં લોકોને ખરેખર કઈ બીમારી કે વાયરસનો ચેપ લાગ્યો હતો તે અંગે પૂણેની લેબના રિપોર્ટમાંથી પણ કોઈ સચોટ તારણ નીકળ્યું નથી. ત્યારે, હવે મૃતકોના પોસ્ટમોર્ટમ થકી ભેદી વાયરસને શોધવા આરોગ્ય તંત્રએ નિર્ણય કર્યો છે. રાજ્યના આરોગ્ય વિભાગે જિલ્લા આરોગ્ય તંત્રને લેખીત પરીપત્ર પાઠવીને ભેદી બીમારીથી મૃત્યુ પામતાં લોકોની ઑટોપ્સી અને બાયોપ્સી કરવા સૂચના આપી છે અને મૃતકોના વિસેરા પરીક્ષણ અર્થે લેબમાં મોકલવા પણ જણાવાયું છે.

મૃત્યુ પામનારને કેટલાં દિવસથી તાવ આવતો હતો, શું લક્ષણો જોવા મળેલાં, કયા ટેસ્ટ કરાવાયેલાં તે સહિતની બાબતો અંગેનું વર્ણન અને રીપોર્ટ પણ સુપ્રત કરવા સૂચના અપાઈ હોવાનું કુલમાલીએ ઉમેર્યું હતું.

અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજના સિનિયર તબીબ ડો.કમલેશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત દર્દીના હૃદયની દિવાલ પર સોજો આવે છે (માયો કાર્ડિયાટીસ). અન્ય સ્નાયુઓ પણ ડેમેજ થવા માંડે છે. દર્દીમાં હાઈ ગ્રેડ ફિવર કે તાવ (પાયરેક્સીયા) જોવા મળે છે અને બ્લડ પ્રેશર પણ નીચું (હાયપોટેન્શન) જતું રહે છે. ફેફસામાં પલ્મોનરી ફાયબ્રોસીસ જોવા મળે છે જે ન્યૂમોનિયા કે હાર્ટ ફેઈલ્યોરના કિસ્સામાં જોવા મળતું હોય છે. રોગની અસર કિડની પર પણ થોડેઘણે અંશે થાય છે તથા લોહીમાં રહેલાં ત્રાકકણો (પ્લેટલેટ્સ) પણ ઘટી જાય છે. સામાન્યતઃ ડેન્ગ્યૂના કેસમાં પ્લેટલેટ્સ ઘટી જતાં હોય છે પરંતુ મોટાભાગના દર્દીઓમાં ડેન્ગ્યૂ હોવાનું નિદાન થયું નથી. સૌથી રાહતરૂપ બાબત એ છે કે રોગચાળો બહુ ઝડપથી ફેલાયો નથી.

આ દરમિયાન, રાષ્ટ્રીય માધ્યમોના અહેવાલો મુજબ તહેવારો અને રણોત્સવના સમય વખતે ભાતીગળ પ્રદેશ કચ્છમાં ફેલાયેલા જીવલેણ ભેદી રોગચાળાના પગલે સતર્ક થઇ ગયેલી કેન્દ્ર સરકારે ભેદી રોગચાળો અન્યત્ર ના પ્રસરે તે માટે ખાસ સર્વેલન્સ મિકેનીઝમ શરૂ કરવા નિર્ણય કર્યો છે. વન હેલ્થ મિશન અંતર્ગત નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ, ઈન્ટીગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ, ઈન્ટીગ્રેટેડ હેલ્થ ઈન્ફોર્મેશન પ્લેટફોર્મના માધ્યમથી એરપોર્ટ, સી પોર્ટ પર મોનિટરિંગ કરવા, આઈસીએમઆર હસ્તકની તમામ લેબોરેટરીમાં મોકલાતાં સેમ્પલનું તુરંત ટેસ્ટિંગ અને નિદાન કરવા, તે માટે જરૂરી કીટ્સનું વિતરણ કરવા, દેશમાં ઓક્સિજનનો જથ્થો પર્યાપ્ત છે કે કેમ તેની ખાતરી કરી લેવા સહિતના આયોજન ઘડી કઢાયું છે.

# વિધાનસભાના દંડકનો મૌલવીના ચરણ સ્પર્શ કરતો વીડિયો વાયરલઃ ભાજપના કાર્યકરોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના રાવપુરા વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના દંડક બાલકૃષ્ણ શુક્લનો મૌલવીના ચરણ સ્પર્શ કરતો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થતા રાજકારણ ગરમાયું હતું. બાલકૃષ્ણ શુક્લ સંઘના ચુસ્ત કાર્યકર રહી ચુક્યા છે,વીડિયો વાયરલ થયા બાદ ભાજપના કાર્યકરોમાં પણ રોષ જોવા મળ્યો હતો, આ વીડિયા શહેરના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

બીજી તરફ, દંડક જે મૌલવીના ચરણ સ્પર્શ કરે છે, તેમનું નામ ભોલા બાપુ છે. અને તેઓ ચર્ચિત ભૂતકાળ ધરાવતા હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ વીડિયો જુનીગઢીના ગણેશજીની વિસર્જન યાત્રા ટાણેનો છે. જ્યાં પ્રથમ મૌલવી દ્વારા દંડકનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. વાયરલ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, મૌલવી દ્વારા તેમનું શાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવી રહ્યું છે. ત્યાર બાદ બંને હાથ મિલાવે છે. અને અંતમાં બાલકૃષ્ણ શુક્લ મૌલવીના ચરણ સ્પર્શ કરે છે.

# વડોદરમાં વિશ્વામિત્રી કિનારે ભાજપ કોર્પોરેટરે મકાનનું દબાણ સ્વૈચ્છિક રીતે દૂર કર્યું

અમદાવાદઃ વડોદરાના સમા વિસ્તારમાં વિશ્વામિત્રી નદીના કિનારે ભાજપના કોર્પોરેટર પરાક્રમસિંહ જાડેજાનો વૈભવી મહેલ આવેલો છે. આ મહેલના નિર્માણમાં વિશ્વામિત્રી નદીના પટમાં દબાણ કર્યું હોવાનું સૌ કોઇ જાણે છે. તાજેતરમાં ભાજપ શહેર પ્રમુખ ડો. વિજય શાહ દ્વારા વિશ્વામિત્રી નદી કાંઠાના દબાણો દૂર કરવા અંગે કડક નિવેદન આપવામાં આવ્યું હતું. તે બાદ કાર્યવાહીના ડરે વડોદરાના વહીવટી વોર્ડ નં ૩ ના કોર્પોરેટર પરાક્રમસિંહ જાડેજા દ્વારા ખુદ દબાણો દૂર કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. તેમના મકાનની વિશ્વામિત્રી કિનારા તરફના બાંધકામમાં તોડફોડની કામગીરી ચાલી રહી છે.

વડોદરામાં પૂર પાછળના કારણો પૈકી એક વિશ્વામિત્રી નદીના કિનારા પર થયેલાં દબાણો છે. આ પૂરના કારણે ભાજપના નેતાઓને લોકો અનેક વખત ખરીખોટી સંભળાવી ચુક્યા છે. ત્યાર બાદ તાજેતરમાં શહેર ભાજપ પ્રમુખ તથા અન્ય નેતાઓ દ્વારા સીકોનનો રિપોર્ટ આવ્યા બાદ દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે, અને કોઇના પણ દબાણો હશે, તેને દૂર કરવા માટેનું કડક નિવેદન આપ્યું હતું. આ નિવેદનની અસર હવે જોવા મળી રહી હોય તેમ લાગી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પરાક્રમસિંહ જાડેજાના નદીના કિનારે આવેલા વૈભવી મહેલનો કેટલોક ભાગ વિશ્વામિત્રી નદીમાં દબાણ હોવાનું સૌ કોઇ જાણે છે, પરંતુ તેમની સામે આજદિન સુધી કાર્યવાહી કરવામાં આવી નથી.

# આજથી ભુજ-અમદાવાદ વચ્ચે દેશની પ્રથમ વંદે મેટ્રો ટ્રેન શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ વર્ચ્યુઅલ માધ્યમથી અત્યાધુનિક સુવિધાથી સજ્જ સ્વદેશી તકનીકથી નિર્મિત દેશની પ્રથમ વંદે મેટ્રો ટ્રેન, ભુજ-અમદાવાદ વંદે મેટ્રો ટ્રેનને લીલીઝંડી આપશે. આ ટ્રેનમાં ઓટોમેટિક સ્લાઈડ ડોર, મોડ્યુલર ઈન્ટિરિયર, સીસીટીવી, ફોન ચાર્જિંગ ફેસિલિટી, વેક્યુમ ઈવેક્યુએશન ફેસિલિટી સાથે ટોઈલેટ, ડ્રાઈવરની એસી કેબિન, ઊર્જા કાર્યક્ષમતા માટે રીજનરેટિવ બ્રેકિંગ સીસ્ટમ, મુસાફરોની સલામતી અને મોનિટરિંગ માટે સીસીટીવી, સતત એલઈડી લાઈટિંગ વ્યવસ્થા ફાયર ડિટેક્શન સિસ્ટમ, અગ્નિશામક એરોસોલ આધારિત પ્રણાલી અને અન્ય અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. વંદે મેટ્રો ટ્રેન તેની અદ્યતન મધ્યમ-અંતરની ક્ષમતાઓ સાથે આંતર-શહેરની મુસાફરીને બદલવા માટે તૈયાર છે, એમ રેલવે મંત્રાલયે જણાવ્યું હતું.

પીએમ મોદી અમદાવાદમાં હશે, ત્યારે ટ્રેન ભુજથી શરૂ થશે અને ૫.૪૫ કલાકમાં ૩૫૯ કિમીનું અંતર કાપીને અમદાવાદ પહોંચશે. મુસાફરો માટે, તેની નિયમિત સેવા ૧૭ સપ્ટેમ્બરથી અમદાવાદથી શરૂ થશે આ મેટ્રો ટ્રેનની ખાસિયતો અંગે રેલવે મંત્રાલયે જણાવ્યું હતું કે, જ્યારે અન્ય મેટ્રો માત્ર ટૂંકા અંતરને આવરી લે છે, ત્યારે વંદે મેટ્રો ટ્રેનો શહેરોને નજીકના પરા વિસ્તારો સાથે જોડશે, રેલવે મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે 'મેટ્રો' શબ્દ શહેરી લેન્ડસ્કેપની છાપ આપે છે, જો કે, વંદે મેટ્રોની કલ્પના અસંખ્ય પ્રગતિઓને સમાવીને કરવામાં આવી હતી. દેશમાં સંચાલિત વંદે મેટ્રો અને અન્ય મેટ્રોની વ્યાપક ઝાંખી દર્શાવતા મંત્રાલયે જણાવ્યું હતું કે, વંદે મેટ્રો મહત્તમ ૧૧૦ કિમી/કલાકની ઝડપે ચાલે છે, જે મુસાફરોને ઝડપી ગતિ પ્રદાન કરે છે. એર્ગોનોમિકલી ડિઝાઇન કરેલી સીટો, સંપૂર્ણ એર-કન્ડિશન્ડ કેબિન અને મોડ્યુલર ઇન્ટિરિયર્સ સાથે, વંદે મેટ્રો ચોક્કસપણે અન્ય મેટ્રો કરતા શ્રેષ્ઠ સાબિત થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રેન નંબર ૯૪૮૦૧ અમદાવાદ-ભુજ વંદે મેટ્રો અમદાવાદથી શનિવાર સિવાય દરરોજ ૧૭:૩૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૩:૧૦ કલાકે ભુજ પહોંચશે. આ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪થી અમલમાં આવશે. એ જ રીતે ટ્રેન નંબર ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ વંદે મેટ્રો ભુજથી રવિવાર સિવાય દરરોજ ૦૫.૦૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૧૦:૫૦ કલાકે અમદાવાદ પહોંચશે. આ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૪થી અમલમાં આવશે અને કુલ મુસાફરીનો ખર્ચ ૪૫૫ રૂપિયા થશે. આ ટ્રેન માર્ગમાં સાબરમતી, ચાંદલોડિયા, વિરમગામ, ધ્રાંગધ્રા, હળવદ, સામખિયાળી, ભચાઉ, ગાંધીધામ અને અંજાર સ્ટેશને બંને દિશામાં ઊભી રહેશે.

# સુરતીઓને લલચાવી ₹ ૨.૮૬ કરોડની છેતરપિંડીઃ ૭ લોકો સામે ફરિયાદ નોંધાઈ

અમદાવાદઃ સુરતના પૂણેની કંપનીમાં સુરતીઓનાં નાણાં ડૂબ્યા હોવાની વિગતો બહાર આવી છે, પૂણેની કંપનીએ લોકોને ૩ ટકા રિટર્નની લાલચ આપી લોકો સાથે ૨.૮૬ કરોડની છેતરપિંડી કરી હતી. આ મામલે ફુલેકુ ફેરવનાર કંપનીના ડિરેક્ટર અને એજન્ટ સહિત ૭ સામે ઉમરા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે. ફરિયાદ નોંધાયા બાદ સમગ્ર કેસની તપાસ ઇકો સેલને સોંપાઇ છે. ઇકો સેલે એજન્ટની ધરપકડ કરી તેના ૧૯ ડિસેમ્બર સુધીના રિમાન્ડ મેળવ્યા છે. ઇડીને પણ તપાસ દરમિયાન ધ્યાનમાં આવ્યું હતું કે, કંપનીએ ૧૨૫ કરોડ હવાલા મારફતે વિદેશમાં મોકલ્યા હતા.

સુરતના પૂણેની વિપ્સ ગ્રૂપ ઓફ કંપની લોકોને લોભામણી સ્કીમ આપતી હતી અને દર મહિને ૩ ટકા રિટર્ન આપવાની લાલચ આપતી હતી. ઉપરાંત કંપનીએ રોકાણકારોને વિશ્વાસમાં લેવા વિદેશની પણ ટૂર કરાવી હતી. રોકાણકારોને થાઈલેન્ડ, દુબઈ અને સિંગાપોરની ટૂર કરાવી હતી.

ઇડીના ધ્યાન પર આવ્યું હતું કે કંપની દ્વારા વિવિધ સ્કીમના નામે લોકો પાસેથી નાણાં ઉઘરાવીને વિદેશ મોકલે છે. કંપનીએ ૧૨૫ કરોડ હવાલા મારફતે વિદેશ મોકલી આપ્યા હતા. ફોરેક્ષ ટ્રેડિંગના નામે દુબઇમાં કાના કેપિટલના નામે કંપની બનાવી હતી અને ફોરેક્ષ ટ્રેડિંગના નામ લોકોને સારું વળતર આપવાની લાલચ આપીને વિદેશમાં બેંક ખાતામાં નાણાં જમા કરાવી ૧૨૫ કરોડથી વધુની છેતરપિંડી કરી હતી. ૯ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ઇડીના મદદનીશ નિયામકે કંપની પર છાપો મારીને કરોડની રકમ જપ્ત કરી હતી. ઇડીએ હવાલાકાંડ મામલે પુણેમાં ગુનો દાખલ કર્યો હતો.

# કિશોરીનું અપહરણ કરનારા કિડાણાના યુવકને સાત વર્ષની સખ્ત કેદ

ભુજઃ દુષ્કર્મના મલિન ઈરાદાથી એક ૧૭ વર્ષની કિશોરીનું અપહરણ કરવાના ગુનામાં આદિપુર પોલીસે ઝડપેલા આરોપીને ગાંધીધામની અદાલતે દોષી ઠેરવીને ૭ વર્ષની સખ્ત કેદ સાથે ૩૫ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

અપહરણના કિસ્સા અંગે ગત ૧૬મી માર્ચ, ૨૦૨૨ના રોજ કિડાણાના ઈકબાલ હાજી ચાવડા વિરુદ્ધ આદિપુર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો અને આરોપીની ધરપકડ કરી તેની વિરુદ્ધ ૧ માસ અને ૨૩ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

આ કેસમાં ગાંધીધામના એડિશનલ સેશન્સ જજે ઈકબાલને દોષી ઠેરવી દંડ સંહિતાની કલમ ૩૬૩ હેઠળ ૫ વર્ષની સખ્ત કેદ સાથે ૧૫ હજાર રૂપિયા દંડ તથા કલમ ૩૬૬ હેઠળ ૭ વર્ષની સખ્ત કેદ સાથે ૨૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે અને ગુનાનો ભોગ બનનાર કિશોરીને દંડની રકમ વસૂલ થયે ૩૦ હજાર રૂપિયા વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

# રાજકોટમાં ગણેશ પંડાલમાં દારૂ પી છાકટા બનેલા ચાર શખ્સ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ગણેશ પંડાલમાં દારૂ પી છાકટા બનેલા ચાર શખ્ય ઝડપાયા હતા. મોરબી રોડ વિસ્તારના ગણેશ પંડાલનો વીડિયો વાયરલ થયો છે. વીડિયો વાયરલ થયા બાદ ચારેને ઝડપ્યા હતા. તેમજ માફી માગી ફરી આવું ન કરવાની ખાતરી આપી હતી.

મળતી માહિતી મુજબ રાજકોટમાં ગણેશ મંડપ પાસે દારૂ પી છાકટા બનેલા ચાર શખ્સ ઝડપાયા હતા. મોરબી રોડ વિસ્તારના ગણેશ પંડાલ પાસેની ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. વાયરલ વીડિયોના આધારે બી ડિવિઝન પોલીસ મથક દ્વારા આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. અટકાયત બાદ આરોપીઓએ ઘટના અંગે માફી માગી ફરી આવું નહીં કરવાની ખાતરી આપી હતી.

હાલમાં ગણેશોત્સવ ચાલી રહ્યો છે. રાજકોટમાં આવેલા જે. કે. ચોકના રાજા લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. આ ગણેશ પંડાલ હાલ ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ ગણેશ પંડાલમાં તમને જીવતા ઉંદરો દાદાની પ્રદક્ષિણા કરતા હોય તેવાં દ્રશ્યો જોવા મળશે. વૈદિક પુરાણ થીમ એટલે સિમ્બોલ ઓફ હિન્દુ સંસ્કૃતિની થીમ આધારિત શ્રીફળ, નાડાછડી, બિંદી, રુદ્રાક્ષ, સ્વસ્તિક, ગોટાપતિ, ઘંટ-શંખ દ્વારા ડોમમાં શણગાર કરવામાં આવ્યો છે.

# બૅન્કની મહિલા કર્મચારી સાથે દુષ્કર્મઃ ડ્રાઇવરની ધરપકડ

થાણેઃ નવી મુંબઈમાં બેન્કની ૪૧ વર્ષની મહિલા કર્મચારી સાથે દુષ્કર્મ આચરવા પ્રકરણે પોલીસે ડ્રાઇવરની ધરપકડ કરી હતી.

મહિલા આ પ્રકરણે પનવેલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરીને શુક્રવારે તેની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપી બેન્કમાં ડ્રાઇવર તરીકે કામ કરતો હતો અને તેણે કેટલાક મહિના અગાઉ પીડિતા સાથે મિત્રતા કરી હતી. બાદમાં તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા.

આરોપીએ એ સમયે મહિલાની જાણ બહાર ફોટા પાડી લીધા હતા અને વીડિયો પણ ઉતાર્યો હતો. ફોટા અને વીડિયોને આધારે તે મહિલાને બાદમાં બ્લેકમેઇલ કરવા લાગ્યો હતો. ફોટા અને વીડિયો પરિવારજનો અને સહકર્મીઓને મોકલવાની ધમકી આપી તે મહિલાનું જાતીય શોષણ કરવા લાગ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

મહિલાએ ઇનકાર કરતાં આરોપી તેને ગાળો ભાંડીને તેની મારપીટ કરતો હતો. આરોપીના ત્રાસથી કંટાળીને મહિલાએ આખરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ) ■

## સોશિયલ મીડિયા પરના મિત્રએ મહિલાને ₹ ૩૯ લાખનો ચૂનો ચોપડ્યો

થાણેઃ ઉલ્હાસનગરની મહિલા સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા કરીને લગ્નનો પ્રસ્તાવ મૂક્યા બાદ શખસે શખસે તેને રૂ. ૩૯ લાખનો ચૂનો ચોપડ્યો હતો. વિઠ્ઠલવાડી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર ૪૬ વર્ષની મહિલાએ આરોપીએ કહ્યું હતું કે તેને મુંબઈમાં ઇમિગ્રેશન ઓફિસરોએ અટકાયતમાં લીધો છે અને તેને ત્રણ લાખ ચૂકવવા પડશે.

આરોપીએ બાદમાં મહિલાને વિવિધ બેન્ક એકાઉન્ટ નંબર આપીને તેમાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહ્યું હતું.

મહિલાએ આરોપીના કહેવાથી રૂ. ૩૯.૪૯ લાખ ટ્રાન્સફર કર્યા હતા. દરમિયાન મહિલાએ આરોપીનો સંપર્ક સાધતાં તે તેને ટાળવા લાગ્યો હતો. ૨૩ ઑગસ્ટથી ૮ સપ્ટેમ્બર દરમિયાન મહિલા સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. (પીટીઆઇ) ■

## ટેક્નિકલ ખામીને કારણે ઇન્ડિગોની ફ્લાઇટ કલાકોના વિલંબ બાદ થઇ રદ, પ્રવાસીઓએ મચાવ્યો હંગામો

મુંબઇઃ મુંબઈથી કતારના દોહા જતી ઈન્ડિગોની ફ્લાઈટ રવિવાર, ૧૫ સપ્ટેમ્બરના રોજ સવારના સમયે ટેક્નિકલ કારણોસર મોડી પડી હતી, જેના કારણે મુસાફરોએ એરપોર્ટ પર ભારે હોબાળો મચાવ્યો હતો. ફ્લાઇટનો સમય સવારે ૩ઃ૫૫નો હતો. તેમને લગભગ પાંચ કલાક સુધી એરક્રાફ્ટની અંદર રાહ જોવી પડી હતી. જોકે, ઇન્ડિગો એરક્રાફ્ટે ઘણી વખત તેના ગંતવ્ય માટે પ્રસ્થાન કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિવિધ ટેક્નિકલ સમસ્યાઓને કારણે આખરે તેને રદ કરવી પડી હતી.

દરમિયાનમાં મુસાફરોને એરક્રાફ્ટમાં લાંબા સમય સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા, પણ ફ્લાઇટ શરૂ થવાના કોઇ સંકેતો નહીં જણાતા પ્રવાસીઓએ હંગામો મચાવ્યો હતો. તેમને જણાવવામાં નહોતું આવ્યું કે એન્જિનમાં ખરાબી છે. લાંબા સમય સુધી ફ્લાઇટમાં બેસાડી રાખ્યા બાદ તેમને ફ્લાઇટમાંથી ઊતરવાનું કહેવામાં આવ્યું હતું. ફ્લાઇટના લગભગ ૨૫૦ થી ૩૦૦ મુસાફરોને તેમના નિર્ધારિત સ્થળે પહોંચવા અતિશય વિલંબ થયો હતો. આ દરમિયાન ફ્લાઇટ ઉપડવાની રાહ જોઇને થાકેલા મુસાફરો અને ઈન્ડિગોના કર્મચારીઓ વચ્ચે બોલાચાલી પણ થઈ હતી. ત્યાર બાદ પ્રવાસીઓને મુંબઈ એરપોર્ટ પર ઇમિગ્રેશન વેઇટિંગ એરિયામાં લઈ જવામાં આવ્યા હતા.

ઇન્ડિગોએ જણાવ્યું હતું કે, મુંબઈથી દોહા જતી ઈન્ડિગોની ફ્લાઈટ ટેક્નિકલ કારણોસર મોડી પડી હતી. અમારી એરપોર્ટ ટીમે અસરગ્રસ્ત ગ્રાહકોને તાત્કાલિક સહાય પૂરી પાડી છે, નાસ્તો અને જરૂરી વ્યવસ્થા પૂરી પાડી છે. એરક્રાફ્ટે ઘણી વખત તેના ગંતવ્ય માટે પ્રસ્થાન કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિવિધ ટેક્નિકલ સમસ્યાઓને કારણે આખરે તેને રદ કરવી પડી હતી. ગ્રાહકોને હૉટલમાં રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવી રહી છે. તેમના ગંતવ્ય સ્થાન મુજબ તેમની ટિકિટ ફરીથી બુક કરવામાં આવી રહી છે.

મુસાફરોએ આરોપ લગાવ્યો હતો કે તેમને એરલાઈન્સ દ્વારા કોઈ નક્કર માહિતી આપવામાં આવી નહોતી અને તેમને એરપોર્ટથી બહાર નીકળવાની પરવાનગી પણ આપવામાં આવી નહોતી. ■

### મેડિકલ કૉલેજમાં પ્રવેશને બહાને લાખો રૂપિયાની છેતરપિંડી

## બે જણ પકડાયાઃ હૉસ્પિટલમાં ડૉક્ટરની રૂમમાં લેવાયો વિદ્યાર્થિનીનો ઇન્ટરવ્યૂ

મુંબઈઃ ભાયખલા વિસ્તારમાંની ગ્રાન્ટ મેડિકલ કોલેજમાં વિદ્યાર્થિનીને એડમિશન અપાવવાને બહાને લાખો રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ દિલ્હીના બે ઠગની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે તેમનો સાથીદાર ફરાર છે. નવાઇની વાત એ છે કે જે.જે. ગ્રુપ ઓફ હોસ્પિટલના મેઇન ઓપીડીમાં ડોક્ટરની રૂમમાં વિદ્યાર્થિનીનો ઇન્ટરવ્યૂ લેવાયો હતો.

જે.જે. માર્ગ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સૌરભ કૃષ્ણબિહારી ઉપાધ્યાય (૪૨) અને સપન શ્રીરાજકુમાર તનેજા (૪૬) તરીકે થઇ હોઇ પોલીસ હવે તેમના ફરાર સાથીદારની શોધ ચલાવી રહી છે.

પોલીસમાં નોંધાવાયેલી ફરિયાદ અનુસાર વિદ્યાર્થિનીએ એનઇઇટી ૨૦૨૪ની પ્રવેશ પરીક્ષા આપી હતી. બાદમાં ૨૬ ઑગસ્ટે તે વાલી સાથે નવી દિલ્હીમાં દ્વારકા ખાતે સેક્ટર-૧૨માં આરોપી સૌરભ ઉપાધ્યાયના એજ્યુપીડિયા એજ્યુકેશન સેન્ટરમાં ગઇ હતી. અહીં સપન તનેજાએ ફોર્મ ભરાવી રૂ. ૭,૭૦૦ લીધા હતા. ત્યાર બાદ ગ્રાન્ટ મેડિકલ કોલેજમાં એડમિશન માટે રૂ. ૪૫ લાખનો ખર્ચ થશે, એવું તેમણે જણાવ્યું હતું. બાદમાં ૫ સપ્ટેમ્બરે રૂ. એક લાખ અને ૮ સપ્ટેમ્બરે રૂ. ૯૫ હજાર મળી કુલ રૂ. ૨.૦૨ લાખ તેમણે લીધા હતા.

સપન તનેજાના કહેવાથી વિદ્યાર્થિની તેના વાલી સાથે ૧૨ સપ્ટેમ્બરે ભાયખલાની ગ્રાન્ટ મેડિકલ કોલેજમાં પહોંચી હતી, જ્યાંથી વિદ્યાર્થિનીને જે. જે. ગ્રુપ ઓફ હોસ્પિટલના મેઇડ ઓપીડીમાં એક ડોક્ટરની રૂમમાં તેઓ લઇ ગયા હતા, જ્યાં આરોપીઓએ વિદ્યાર્થિનીનો ઇન્ટરવ્યૂ લેવાનું નાટક કર્યું હતું અને તેના દસ્તાવેજો તથા લોહીના નમૂના લીધા હતા. જોકે વિદ્યાર્થિનીના વાલીને શંકા જતાં કફ પરેડ પોલીસને જાણ કરાઇ હતી.

બાદમાં પોલીસે તપાસ આદરીને સપન અને સૌરભને ગેટવે ઓફ ઇન્ડિયા ખાતેથી પકડી પાડ્યા હતા. આરોપી સૌરભ વિરુદ્ધ લખનઊ, કાનપુર, પીલીભીત, લખીમપુર, દિલ્હી અને નવી મુંબઈમાં ગુના દાખલ છે. ■

નવમાં પાનાનું ચાલુ

### ગણપતિ બાપ્પાને

કરવા માટે ફાયરબ્રિગેડને વાહનો સહિત પ્રશિક્ષણ આપેલા કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે.

#### ભક્તોએ રાખવી પડશે આ કાળજી

મૂર્તિના વિસર્જન માટે દરિયામાં ઊંડે જવું નહીં. વિસર્જન માટે સુધરાઈએ નીમેલા પ્રશિક્ષિત કર્મચારીની મદદ લેવી. અંધારું હોય એવી જગ્યાએ ગણેશ મૂર્તિનું વિસર્જન કરવું નહીં. સુધરાઈએ જયાં તરવા પર પ્રતિબંધ મૂક્યો ત્યાં પાણીમાં જવું નહીં. કોઈ ડૂબતું નજર આવે તો તેની જાણ તરત પોલીસ અને ફાયરબ્રિગેડ અથવા લાઈફગાર્ડને કરવી. અફવા પર વિશ્વાસ કરવો નહીં. મુંબઈની ચોપાટીઓ પર 'બ્લૂ બટન જેલીફિશ', 'સ્ટિંગ રે' પ્રજાતિની માછલી હોવાની શક્યતા હોવાથી માટીમાં ખુલ્લા પગે ચાલવાથી તે ડંખ મારી શકે છે. તેથી નાગરિકોએ કાળજી રાખવાની રહેશે. ■

### મધ્ય અને પશ્ચિમ રેલવે

શિવાજી મહારાજ ટર્મિનસ અને થાણે/કલ્યાણ વચ્ચે ૨૨ વધુ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લીધો છે. મધ્ય રેલવે શનિવાર મધ્યરાત્રિથી મંગળવારની રાત્રિ સુધી વધારાની ટ્રેનો દોડાવશે. આ વધારાની ટ્રિપ્સ સીએસએમટી અને થાણે/કલ્યાણ વચ્ચેની મુખ્ય લાઇન પર ચલાવવામાં આવશે.

સીએસએમટી - કલ્યાણ સ્પેશિયલ લોકલ સીએસએમટીથી રાત્રે ૧.૪૦ વાગ્યે ઉપડશે અને ૩.૧૦ વાગ્યે કલ્યાણ પહોંચશે. સીએસએમટી - થાણે વિશેષ લોકલ સીએસએમટીથી રાત્રે ૨.૩૦ વાગ્યે ઉપડશે અને ૩.૩૦ વાગ્યે થાણે પહોંચશે. સીએસએમટી - કલ્યાણ વિશેષ લોકલ સીએસએમટીથી રાત્રે ૩.૨૫ વાગ્યે ઉપડશે અને સવારે ૪.૫૫ વાગ્યે કલ્યાણ પહોંચશે.

કલ્યાણ - સીએસએમટી સ્પેશિયલ લોકલ કલ્યાણથી મધ્યરાત્રીએ ૧૨.૦૫ વાગ્યે ઉપડશે અને ૧.૩૦ વાગ્યે સીએસએમટી પહોંચશે. થાણે - સીએસએમટી સ્પેશિયલ લોકલ થાણેથી રાત્રે ૧ વાગ્યે ઉપડશે અને ૨ વાગ્યે સીએસએમટી પહોંચશે. થાણે - સીએસએમટી સ્પેશિયલ લોકલ થાણેથી રાત્રે ૨ વાગ્યે ઉપડશે અને ૩ વાગ્યે સીએસએમટી પહોંચશે.

મુંબઈમાં ગણપતિ વિસર્જન સમારોહના સાક્ષી બનવા માટે મોટી સંખ્યામાં નાગરિકો આવે છે. તેથી, સ્પેશિયલ લોકલ હાર્બર રૂટ પર સીએસએમટીથી રાત્રે ૧.૩૦ વાગ્યે ઉપડશે અને ૨.૫૦ વાગ્યે પનવેલ પહોંચશે.

એક વિશેષ લોકલ સીએસએમટીથી રાત્રે ૨.૪૫ વાગ્યે ઉપડશે અને પનવેલ સવારે ૪.૦૫ વાગ્યે પહોંચશે. વિશેષ લોકલ પનવેલથી રાત્રે ૧ વાગ્યે ઉપડશે અને ૨.૨૦ વાગ્યે સીએસએમટી પહોંચશે. જયારે અન્ય એક લોકલ પનવેલથી રાત્રે ૧.૪૫ વાગ્યે ઉપડશે અને ૩.૦૫ વાગ્યે સીએસએમટી પહોંચશે, એમ મધ્ય રેલવેએ જણાવ્યું હતું.

દરમિયાન પશ્ચિમ રેલવેમાં પણ વિસર્જનના નાઈટ વખતે ચર્ચગેટ-વિરાર અને વિરાર-ચર્ચગેટ વચ્ચે વિશેષ ટ્રેનો દોડાવાશે. રાતના ચર્ચગેટથી ૧.૧૫, ૧.૫૫, ૨.૨૫ અને ૩.૨૦ વાગ્યાની ટ્રેન રહેશે, જ્યારે રિર્ટનમાં વિરારથી રાતના ૧૨.૧૫, ૧૨.૪૫, ૧.૪૦ અને ત્રણ વાગ્યાની રહેશે, એમ પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું. ■

### ગણેશભક્તોને

વરસાદનું વિઘ્ન નડ્યું હતું. જોકે બપોર બાદ વરસાદે પોરો ખાધો હતો. ઑગસ્ટમાં મહિનામાં છૂટોછવાયા વરસાદ બાદ સપ્ટેમ્બરનું પહેલું પખવાડિયું લગભગ કોરું ગયું છે. પરંતુ શનિવારથી રાતથી મુંબઈમાં ફરી હળવાથી ભારે વરસાદ પડી રહ્યો છે. રવિવારના સવારના સમયમાં ભારે વરસાદને પગલે અમુક નીચાણવાળા વિસ્તારમાં થોડા સમય માટે પાણી ભરાઈ ગયા હતા. જોકે બાદમાં વરસાદ ધીમો પડતા પાણી તરત ઓસરી ગયા હતા. બપોર બાદ વરસાદ પણ બંધ થઈ ગયો હતો અને તડકો ઉઘડયો હતો.

આ દરમિયાન રવિવારે વરસાદને કારણે નીચાણવાળા ગણાતા અંધેરી સબ-વેમાં પાણી ભરાઈ જવાને કારણે તેને બંધ કરી દેવામાં આવ્યો હતો. તેથી વાહનચાલકોને ગોખલે બ્રિજ સહિત ઈર્લા પુલનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. સદ્‌નીસબે રવિવાર હોવાથી સ્કૂલ, કોલેજ કે ઓફિસ બંધ હોવાથી લોકોને હાલાકી થઈ નહોતી.

શનિવારના સવારના ૮.૩૦ વાગ્યાથી રવિવારે સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં કોલાબામાં ૨૧ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૧૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો ભેજનું પ્રમાણ અનુક્રમે ૯૦ અને ૯૧ ટકા રહ્યું હતું.

#### મોસમનો સરેરાશ કરતા વધુ વરસાદ

શનિવાર બાદ રવિવારે સવારના મુંબઈના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ રહ્યો હતો. એ સાથે જ હવે શહેરનો મોસમનો કુલ વરસાદ ૨,૫૦૦ મિલીમીટરને વટાવી ગયો છે, જેમાં સપ્ટેમ્બરના પહેલાં પખવાડિયામાં માત્ર ૧૦૦ મિલીમીટર (મીમી) વરસાદનો જ ફાળો હતો. આ સિઝનનો સૌથી વધુ વરસાદ એટલે કે ૬૬ ટકા (૧,૭૦૨.૩ મિ.મી.) વરસાદ તો જુલાઈ મહિનામાં જ પડી ગયો હતો. શહેરમાં અત્યાર સુધી નોંધાયેલ ૨,૫૫૫.૧ મિ.મી. વરસાદ સીઝન માટે જરૂરી સરેરાશ વરસાદને પહેલા જ વટાવી ગયો છે. ■

### ૨૩,૦૦૦થી

અને ૨૦,૫૦૦ પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. એ ઉપરાંત સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ, ક્વિક રિસ્પોન્સ ટીમ, રાયટ્સ કન્ટ્રોલ ફોર્સ તેમ જ હોમ ગાર્ડસની મદદ લેવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વિસર્જન નિમિત્તે વાહનવ્યવહારનું નિયમન કરવા માટે ટ્રાફિક પોલીસને પણ તહેનાત કરાઇ છે. મુંબઇમાં વિસર્જનના સ્થળોએ વોચ ટાવરથી નજર રાખવામાં આવશે અને ગિરદીને સ્થળોએ મહિલા-બાળકોની સુરક્ષા માટે સાદાવેશમાં પોલીસ અધિકારી-કર્મચારીઓ તહેનાત રહેશે. ગિરદીના લોકોને સ્થળે પોલીસને સહકાર્ય કરવા, નધણિયાતી કે શંકાસ્પદ વસ્તુ નજરે પડે તો તાત્કાલિક પોલીસને તેની માહિતી આપવા અને મદદ માટે પોલીસ હેલ્પલાઇન નંબર પર સંપર્ક સાધવાનું પોલીસે જણાવ્યું છે. ■

### મહારાષ્ટ્રમાં

ચૂંટણી થવાની સંભાવના છે. બે તબક્કાની ચૂંટણી વધુ યોગ્ય બની રહેશે. મેરિટ અને સારો સ્ટ્રાઈક રેટ મહાયુતિના સાથી પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી માટે માપદંડ હશે, એમ એકનાથ શિંદેએ જણાવ્યું હતું.

બેઠકોની વહેંચણી આગામી ૮થી ૧૦ દિવસમાં નક્કી કરી નાખવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

શિંદેએ કહ્યું હતું કે તેઓ મહિલાઓમાં સરકારને સમર્થન જોઈ શકે છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યમાં અત્યારે સામાન્ય માણસની સરકાર છે.

અમે વિકાસ અને કલ્યાણકારી યોજનાઓ વચ્ચે સંતુલન સાધ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

કૌશલ્ય પ્રશિક્ષણ કાર્યક્રમ હેઠળ નોકરીઓ માટે ૧.૫ લાખ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે જેના માટે તેમને રૂ. ૬,૦૦૦ થી રૂ. ૧૦,૦૦૦ સુધીનું સ્ટાઇપેન્ડ મળશે. ૧૦ લાખ યુવાનોને આવરી લેવાનું લક્ષ્ય છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

એકનાથ શિંદેએ કહ્યું હતું કે સરકારની લાડકી બહેન યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧.૬ કરોડ મહિલાઓને આર્થિક સહાય મળી છે અને અમે ૨.૫ કરોડ મહિલાઓ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે.

હાલમાં સરકારની 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' હેઠળ મહિલા લાભાર્થીઓને દર મહિને રૂ. ૧,૫૦૦ આપવામાં આવે છે.

શિંદેએ એમ પણ કહ્યું હતું કે તેમની સરકારનો હેતુ મુંબઈને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવા અને બધા માટે પરવડી શકે તેવા આવાસ મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા), સિટી એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ મહારાષ્ટ્ર (સિડકો) અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) જેવી તમામ સરકારી એજન્સીઓને ઝૂંપડપટ્ટીના પુનઃવિકાસ માટે જોડવામાં આવી છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ) ■

### તમે વડા પ્રધાન બનો તો

નીતિન ગડકરીના કામને જોતા યોગી આદિત્યનાથ બાદ તેમના જ નામની ચર્ચા વડા પ્રધાન તરીકે થાય છે.

નાગપુરમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન વાત કરતા નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે મને યાદ છે કે એક વખતે વિપક્ષના એક મોટા નેતા દ્વારા તેમને કહેવાયું હતું કે જો તે વડા પ્રધાન બનવા તૈયાર હોય તો તેમને પૂરું સમર્થન આપવામાં આવશે.

ભાજપના સૂત્રોએ આપેલી માહિતી અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી બાદ યોગી આદિત્યનાથ અને નીતિન ગડકરીનું નામ વડા પ્રધાનપદ માટે બોલવામાં આવે છે અને

#### મારું લક્ષ્ય વડા પ્રધાન બનવાનું નથી

ઓફર આપવામાં આવી હોવા છતાં પોતે વિપક્ષના નેતાનું સમર્થન શા માટે ન લીધું તેવું પૂછવામાં આવતા ગડકરીએ જણાવ્યુ હતું કે વડા પ્રધાન બનવું મારા જીવનનું લક્ષ્ય નથી. એક જણે મને કહ્યું કે જો તમે વડા પ્રધાન બનવાના હોવ તો અમે તમને પૂરો સહકાર આપીશું. મેં તેમને કહ્યું કે મારે શા માટે તમારો સહકાર લેવો જોઇએ કે શા માટે તમારે મને સમર્થન આપવું જોઇએ. વડા પ્રધાન બનવું એ મારું લક્ષ્ય છે જ નહીં.

#### હું મારા સંગઠન પ્રત્યે સમર્પિત

વડા પ્રધાન બનવાની કોઇ લાલસા ન હોવાનું જણાવતા ગડકરીએ જણાવ્યું હતું કે હું મને સોંપવામાં આવેલા કામ પ્રત્યે અને મારા પદ પ્રત્યે સમર્પિત છું. મને સોંપવામાં આવેલું કામ જ મારું સમર્પણ છે, જે લોકો પ્રામાણિક હોય અને વિરોધ કરતા હોય તેમના પ્રત્યે મને ખૂબ માન છે, પરંતુ જે લોકો પ્રામાણિક નથી તેમને સન્માન આપવું યોગ્ય નથી.

#### સંજય રાઉત કહે છે... નીતિન ગડકરી વડા પ્રધાન બને તો એમાં ખોટું શું ?

મુંબઈઃ નીતિન ગડકરી દ્વારા તેમને વિપક્ષના એક દિગ્ગજ નેતાએ તે વડા પ્રધાન બને તો તેમને પૂરું સમર્થન આપવામાં આવશે, એવું નિવેદન આપવામાં આવ્યું તેને ઉદ્ધવ ઠાકરે જૂથના સંજય રાઉતે યોગ્ય ઠેરવ્યું હતું. સંજય રાઉતે આ વિશે જણાવ્યું હતું કે નીતિન ગડકરી ભાજપના સૌથી સર્વસામાન્ય નેતા છે અને જે રીતે છેલ્લાં દસ વર્ષથી દેશમાં સરમુખત્યારશાહી ચાલી રહી છે એ જોતા કોઇ તેમને વડા પ્રધાન બનવાની ઓફર આપે એમાં મને કંઇ ખોટું નથી લાગતું. જોકે મને નથી લાગતું કે કોઇએ નીતિન ગડકરીને વડા પ્રધાન બનવાની ઓફર આપી હોય.

નીતિન ગડકરીની પ્રશંસા કરતા રાઉતે કહ્યું હતું કે મને એવું લાગે છે કે જો કોઇ હાલની સરકારનો ભાગ હોવા છતાં દેશના મૂલ્યો, લોકશાહી અને ન્યાયપાલિકા કે સ્વતંત્રતા સાથે જોડાઇ ન શકે તો એ રાષ્ટ્રીય અપરાધ છે. નીતિન ગડકરીએ હંમેશાં આ બધા વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો છે અને એવામાં જો કોઇ વિપક્ષી નેતા જે તેમનું સન્માન કરે છે તેમણે ગડકરીને કોઇ સલાહ આપી હોય તો તેમાં કોઇ નવાઇની વાત નથી. જગજીવન રામે આ જ કારણોસર, મૂલ્યોના કારણે, ૧૯૭૭માં કૉંગ્રેસ પાર્ટી છોડી હતી અને ઇંદિરા ગાંધીએ હારનો સામનો કરવો પડ્યો હતો. જો દેશમાં આઝાદી, લોકશાહી, ન્યાયપાલિકાને જીવંત રાખવી હોય તો સત્તામાં રહેલા અમુક લોકોએ બલિ આપીને આઝાદી હાંસલ કરવી પડશે. ■

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ કેશોદ હાલ મલાડ નિવાસી ગં.સ્વ. વિમળાબેન વલ્લભદાસ વિઠલાણી (ઉં.વ. ૯૬), તા. ૧૪/૯/૨૪ શનિવારનાં શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રમેશભાઈ, કિશોરભાઈ, સ્વ. પ્રવિણભાઇ, જીતુભાઈ, રાજુભાઇ તથા ઉષાબેન હરેશકુમાર સોઢાના માતુશ્રી, તે મધુબેન, મનીષાબેન, જલ્પાબેન, વંદનાબેનના સાસુ, તે કૃણાલ, રાહિલ, હર્ષિલ, પ્રાચી તથા બિજલ પંકજકુમાર કોટક, સેજલ શ્યામકુમાર આશર, હેતલ અમરકુમાર શાહ, દિમી સિધ્ધાર્થકુમાર કોરીયાના દાદી તથા દિશાના દાદીસાસુ, તે સ્વ. ગિરધરદાસ સુંદરજી તન્નાના દિકરી. પ્રાર્થનાસભા તા. ૧૬/૯/૨૪, સોમવારના સાંજે ૪.૩૦ થી ૬.૩૦ વાગ્યે વૃંદાવન ગાર્ડન હોલ, ત્રિકમદાસ રોડ, સોના ટોકીઝની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

શ્રીમતી હંસાબેન પ્રકાશભાઈ દાસાણી (ઉં.વ. ૬૬) હાલ મુંબઈ, તે પ્રકાશભાઈ વૃજલાલ દાસાણીના ધર્મપત્ની. તે જીજ્ઞેશ અને જયના માતુશ્રી. તે અવની અને નેહલના સાસુ. તે સ્વ. પુષ્પાબેન પરષોત્તમદાસ ઠક્કરના સુપુત્રી. તે સ્વ. ચંદ્રકાન્ત, સ્વ. જયેન્દ્ર, સ્વ. કીરીટ, સ્વ. અશોક, સ્વ. સુધીર, સ્વ. કમલેશ, સ્વ. જ્યોતીના ભાભી. તે કમલેશભાઈ, નીલેશભાઈ, રજનીબેન, માલતીબેન પદમાબેન અને રૂપાબેનના બેન. તે શનિવાર, તા. ૧૪-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા સોમવાર, તા. ૧૬-૯-૨૪ના સાંજે ૫થી ૬.૩૦. ઠેકાણુંઃ હાલાઈ લોહાણા મહાજનવાડી, ૧લે માળે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ, મુંબઈ મુકામે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ચરોતર રૂખી સમાજ**

સ્વ. શ્રી ઝવેરભાઈ ફુલાભાઈ સોલંકી (ઉં.વ. ૮૩) ગામ (કાણીસા) હાલ નાલાસોપારાના રહિશ. તા. ૧૨-૯-૨૪ ગુરુવારના દેવલોક પામ્યા છે. તે શાંતાબેનના પતિ. સુતક-સુવાળા તથા પ્રાર્થનાસભા તા. ૧૬-૯-૨૪ના ૪ વાગ્યાથી ૬.૩૦ વાગ્યે રાખેલ છે. તેમના નિવાસસ્થાને રાખેલ છે. સ્થળઃ બી-૪૦૨ પુનમ એમ્પાયર, નાલાસોપારા (વે.).

**કપોળ**

સિહોર નિવાસી સ્વ. કાન્તીલાલ તાપીદાસ દોશીના ધર્મપત્ની (ઉં.વ. ૯૧) ગં.સ્વ. વસુમતીબેન, તે સ્વ. હર્ષદભાઈ, નયનાબેન, પ્રફુલકુમાર મહેતા, અલકાબેન, કીરીટકુમાર મહેતા, સ્વ. અતુલ તથા સ્વ. જાગૃતિબેનના માતુશ્રી તથા મહેન્દ્રભાઈ, ભરતભાઈ, સ્વ. કૃષ્ણાબેન રમણીકલાલ સંઘવી, સ્વ. લતાબેન ભુપતરાય મહેતાના ભાભી. સ્વ. ભગવાનદાસ લક્ષ્મીદાસ ગોરડીયાની દીકરી. સ્વ. જશવંતભાઈ, રાજેશભાઈ, સ્વ. ધર્મેશભાઈ તથા સ્વ. અરૂણાબેન, રંજનબેનના બેન તા. ૯-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે.

**રાઠોડ**

ડોમ્બિવલીના રૂપેશ મનોહર રાઠોડ (ઉં.વ. ૩૫) ગુરુવાર, તા. ૫-૯-૨૪ના અવસાન પામ્યા છે. તેઓ નમિતાના પતિ; રિત્વિકના પિતા; દિલીપભાઈના ભાઈ; રાજેશ્રી સંજય તથા પૂજા ગણેશના ભાઈ. તેમની બારમાની વિધિ સોમવાર, તા. ૧૬-૯-૨૪ના બપોરે ૧-૦૦ વાગ્યે રૂમ નંબર-૧૨, ત્રીજે માળે, ઓમ શિવય છાયા બિલ્ડિંગ, ડીએનએસ બૅન્ક પાસે, ડોમ્બિવલી-વેસ્ટમાં રાખેલ છે.

**કપોળ**

અમરેલી નિવાસી હાલ નવી મુંબઈ સ્વ. ભાનુબેન ચુનીલાલ લવજીભાઈ પારેખના પુત્ર જીતેન્દ્રભાઈ ( (ઉં.વ.૮૧) તે કલ્પનાબેનના પતિ, તે ચેતન પારેખ તથા મનીષા દુગ્ગલના પિતાશ્રી. મીનું ચેતન પારેખના સસરા. દેવ પારેખના દાદા. તથા પરેશ પારેખના ભાઈ શનિવાર, તા. ૧૪-૯-૨૪ ના શ્રીજીચરણ પામેલ છે. સર્વલૌકિક પ્રથા તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**નાઘેર દશા શ્રીમાળી**

સીમર નિવાસી હાલ વાશી નવી મુંબઈ, શશીકાંત ભાઈચંદભાઈ વેણી (ઉં.વ. ૮૪) જે સ્વ જડાવબેન ભાઈચંદભાઈના પુત્ર, તે ભાનુબેનના પતિ. જે ગં સ્વ સાધના જીતેશ કામદાર, પીયૂષ, કેતનના પિતાશ્રી. માલા તથા ધ્રુતીના સસરા. સ્વ. વિમળાબેન છોટાલાલ મહેતા, ગં. સ્વ. મંજુલાબેન ચુનીલાલ શાહ, સ્વ. ચંદ્રકાંતભાઈ, ગં. સ્વ. કુસુમબેન વિઠ્ઠલદાસ શાહ, ગં. સ્વ. જસુબેન રમેશભાઈ જુઠ્ઠાણી, જયંત અને પંકજના ભાઈ, સ્વ. લાલદાસ વલ્લભદાસ શાહના જમાઇ. રવિવારના તા. ૧૫.૦૯.૨૪ ના શ્રીજી ચરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વહેવાર બંધ છે.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

કોળીયાક નિવાસી (હાલ બોરીવલી) મધુકરદાસજી મહેતા(મધુભાઇ) (ઉં.વ.૭૩) શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દિનુબેન અને સ્વ.વલ્લભદાસ મહેતાના સુપુત્ર, જ્યોત્સનાબેનના પતિ, ડો.ભાવિશા રવિ ગુગરેના પિતાશ્રી. પ્રેયાના નાનાશ્રી. સ્વ.ઇન્દુબેન ભીખાલાલ મહેતાના જમાઇ. અશ્વિનભાઇ, સ્વ. કિરીટભાઈ, ભામિની પંકજ દોશીના મોટાભાઈ શનિવાર તા. ૧૪/૯/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૬/૯/૨૪ સોમવાર ૪ થી ૬ કલાકે કોરાકેન્દ્ર હોલ, કોરાકેન્દ્ર ગ્રાઉન્ડની સામે, આર એમ ભટ્ટ રોડ બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

શ્રીમતી હીરાલક્ષ્મી જયંતીલાલ ઠક્કર, (ઉં.વ. ૮૭) મૂળ ગામ પોરબંદર, હાલ અંધેરી - મુંબઈ શનિવાર તા. ૧૪/૯/૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયંતીલાલ પ્રભુદાસ ઠક્કરના પત્ની. સુનીલ ઠક્કરના મમ્મી. રશ્મિ ઠક્કરના સાસુ. શુચી હર્ષ મોદી, ક્રિષ્ના શામલ શાહ, ધવલ (મિકી) સુધીર ઠક્કરના દાદી. સ્વ. મૂળરાજ દેવચંદ ચોલેરા, કમલાવતી પ્રવિણચંદ્ર મજીઠીયા, સ્વ. જસવંતી હરેશ ઠક્કરના બહેન. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ છે.

**પચ્ચીસ ગામ ભાટિયા**

દિલીપભાઈ હરિલાલ પારેખ, (ઉં.વ.૭૬), તે સ્વ. સરલાબેન હરિલાલ પારેખ (નેગાંધી)નાં પુત્ર. તે સ્વ. જયપ્રકાશ, સ્વ. જયંત, ગં. સ્વ. જયશ્રી શરદ ચાડ, ગં. સ્વ. મીના ભરત ડોસાનાં ભાઈ. નીતા સંજય ખારા, ગં. સ્વ. ગીતા સતીશ જાનીનાં પિતા. સ્વ. જ્યોત્સનાબેન, ગં. સ્વ. બીનાબેનનાં જેઠ-દેર. હર્ષ, ક્રિષ્ના, સ્મિત, દક્ષ, પ્રિયાંક, દર્શન, પરીનાં દાદા. શનિવાર ૧૪-૯-૨૪નાં વિરાર મુકામે શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

રોશન નરીમાન મિસ્ત્રી તે મરહુમ નરીમાન મિસ્ત્રીના વિધવા. તે મરહુમો ખોરશેદ તથા રૂસ્તમજી મીઠાઇવાલાના દીકરી. તે મીનુ મીઠાઇવાલાના બહેન. તે ખુશનુમા નેતરવાલાના નીશ. તે મરહુમ હોમાય રૂસ્તમજી મિસ્ત્રીના નરન. (ઉં. વ. ૮૫) રે. ઠે. ઇ-૩૬, ખુશરૂબાગ, એસ. બી. રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૩૯. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૯-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર બેનેટ બંગલી નં. ૬માં.

ઝવેર સાયરસ જશાવાલા તે સાયરસ શાવકશાહ જશાવાલના ધણીયાની. તે મરહુમો નરગીશ તથા જાલેજર હોરમસજી અંકલેસરીયાના દીકરી. તે મરહુમ કેરશી જાલેજર અંકલેસરીયાના બહેન. તે કમલ ઝુબીન દુમસ્યાના ફૂઇજી. તે કાયરા ઝુબીન દુમસ્યા ને ઠીઝાન ઝુબીન દુમસ્યાના મોટા ફૂઇજી. તે મરહુમો ધનમાય તથા શાવકશાહ મેહેરવાનજી જશાવાલાના વહુ. (ઉં. વ. ૭૪) રે. ઠે. ૪૭-બી, જશાવાલ કોર્ટ, ૨જે માળે, ભુલાભાઇ દેસાઇ રોડ, મહાલક્ષ્મી મંદિર, બ્રીચ કેન્ડી, ખંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૯-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં.૨માં.

ઓસ્તી હોમાય ફીરોઝ કાત્રક તે એરવદ ફીરોઝ માનેકશા કાત્રકના ઘણીયાની. તે મરહુમો ખોરશેદ તથા કૈખશરૂ ઇરાનીના દીકરી. તે એરવદ હોમયાર પી. કાત્રક ને પરશીશ એલાવ્યાના મમ્મી. તે ઓસ્તી ડેઝી એચ. કાત્રક ને પીરાન એલાવ્યાના સાસુજી. તે મરહુમો હીલ્લા બિલિમોર્યા ને બેહેરોઝ ઇરાનીના બહેન. તે ઓસ્તી ખુશનાઝ કાત્રકના બપયજી. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૬૩, પરશોમ, માલકમ બાગ, એસ. વી. રોડ, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૯-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે જોગેશ્વરી મધ્યે માલકમબાગ અગિયારીમાં.

રતન મેરવાનજી જાવરેવાલા તે મરહુમ બેપ્સી રતન જાવરેવાલાના ખાવીંદ. તે મરહુમો ગાયમાય તથા મેરવાનજી જાવરેવાલાના દીકરા. તે મરહુમો કેરશી, રૂસી, પેશી ને બાબુના ભાઇ. તે મરહુમો બાનુબાઇ તથા હોરમસજી કરંજીયાના જમાઇ. તે ફીરોઝ નોશીર કરંજીયા, જેસ્મીન એન. દાન્ડીવાલા, હોમી અદી કરંજીયા ને વિલુના ફુવા. તે રૂઝબેહ, દીન્યાર, રોહીન્ટન, કેકી, ઝુબીન, યાસ્મીન ને પરવીનના કાકા. (ઉં. વ. ૮૭) રે. ઠે. સી-૮૦૪, પારસી પંચાયત બિલ્ડિંગ, લુનાનગર, પુણે-૪૧૧ ૦૪૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૯-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં-૧માં.

દારાયશ ખોદાદાદ ઇરાની તે દીનબાનું દારાયશ ઇરાનીના ખાવીંદ. તે મરહુમો મેહેરબાનુ તથા ખોદાદાદ મોન્ડેગર ઇરાનીના દીકરા. તે શારલીન, પીનાઝ ને જાસ્મીનના પપ્પા. તે બમન જી. ઇરાની, થારશીશ એસ ઇરાની ને યઝદ ટી. ભાદાના સસરાજી. તે ખુરશેદ, રૂસ્તમ, દીલનવાઝ તથા મરહુમ રોહીન્ટનના ભાઇ. તે અરશાન ને શયાનના મમાવાજી. તે મરહુમો નરગીશ તથા ફરેદુન બખ્તીયાર ઇરાનીના જમાઇ. (ઉં. વ. ૬૯) રે. ઠે. ૧૨, ફકરી મંઝીલ, ૧લે માળે, રૂમ. નં.૨૩/૨૪, ભાજી ગલી શંકર શેઠ રોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૯-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે ગ્રાન્ટ રોડ મધે મીઠાઇવાલા અગિયારીમાં.

## જૈન મરણ

**હાલાર વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

જામનગર નિવાસી હાલ મુંબઈ (મલાડ), રંજનબેન વિનોદરાય દોશી (ઉં. વ. ૮૯) તા. ૧૪-૯-૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. તં સ્વ. ડોલરબેન મનસુખલાલ પોપટલાલ દોશીના પુત્રવધૂ. સ્વ. મંગળાબેન મણીલાલ શાહના સુપુત્રી. માલા શશીલાલ નાયર, બેલા માલવ શાહ તથા મોના રાજીવ દેસાઈના માતૃશ્રી. કાશવી, રોહન, કીન્નરી તથા સિદ્ધાંતના નાનીમા. પ્રાર્થનાસભા રાખેલ નથી. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**શ્રી કચ્છી વિશા ઓશવાળ**

મોટી ખાખરના જયંતીલાલ વોરા (ઉ. ૬૫) ૯-૯-૨૪ના અવસાન પામ્યા છે. પુરબાઇ ભાણજીના પુત્ર. કસ્તુરના પતિ. ફ્રેની, નેહાના પિતા. વસનજી, વલ્લભજી, કાંતીલાલ, વનિતાના ભાઇ. લક્ષ્મીબેન લાલજી ગડાના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. નિ. કસ્તુર જયંતીલાલ, ૩૮/૩૭૮, એમ.એચ.બી. કોલોની, એક્તાનગર, દહાણુકરવાડી, કાંદીવલી (વે.), મું. ૬૭.

ગુંદાલાના વિજય વેલજી દેઢીયા (ઉ.વ. ૬૨) તા. ૧૨-૯-૨૪ના અવસાન પામેલ છે. કાંતાબેન વેલજીના પુત્ર. ચેતનાના પતિ. જીગર, પારસ, સોનલના પિતા. મહેન્દ્ર, લક્ષ્મીચંદ્ર, દિનેશ, દિના, વનિતાના ભાઇ. દમયંતી કેશવજી સત્રાના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪.૦૦ થી ૫.૩૦. ઠે. ચેતનાબેન દેઢીયા, ૧૦૨, શ્રી રામ દર્શન સોસાયટી, રામનગર, ડોંબીવલી (ઇ).

**વિશા શ્રીમાળી ૧૦૮ ગોળ જૈન**

કમળાબેન રમણલાલ શાહ તા.૧૪ સપ્ટેમ્બર શનિવાર ના રોજ અરિહંત શરણ થયેલ છે. (ઉં. વ. ૯૮) મૂળ વતન - વડસ્મા, હાલ - ગોરેગાંવ (વેસ્ટ) તે સ્વ.રમણલાલ કેશવલાલ શાહના ધર્મપત્ની. લાલભાઈ, સ્વ.અરવિંદભાઈ, મહેન્દ્રભાઈ, રંજનબેનના માતુશ્રી સુશીલાબેન, સુરેખાબેન, સ્વ.દિપીકાબેન તથા સુરેશકુમાર અમરતલાલ શાહના સાસુ, આશાબેન અભયકુમાર,અમીતાબેન કિરણકુમાર,નીતાબેન કલ્પેશકુમાર,જીજ્ઞાબેન બ્રિજેશકુમાર,પુનમ વિરલકુમાર,દિપાલી તિમીરકુમાર,ઝંખના અભયકુમાર,તોરલ અંકિતકુમાર,કોષા અમીતકુમાર,ઝરણા હરનીશકુમાર,પલક હેમાંગકુમારના દાદીમા પિયર પક્ષે : સ્વ.પ્રેમચંદ ભીખાચંદ શાહ, અંબાસણ વાળાના દીકરી પ્રાર્થના સભા તા. ૧૬.૦૯.૨૦૨૪, સોમવાર ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે, જવાહરનગર હોલ, એસ વી રોડ, ગોરેગાંવ પશ્ચિમ રાખેલ છે.

**ખંભાત વિશાશ્રીમાળી જૈન**

હાલ અંધેરી નિવાસી પ્રમોદચંદ્ર કાંતિલાલ ફૂલચંદ શાહ (ઉં.વ.૮૦) તા.૧૩/૯/૨૦૨૪ શુક્રવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. પ્રમિલાબેનના પતિ. સંજય તથા ભાવનાના પિતાશ્રી, કિંજલ અને ભાવીનભાઈના સસરા. વત્સલ અને ધૃતિના દાદા. સ્વ.જશીબેન રતિલાલ શાહના જમાઈ (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વઢવાણ નિવાસી હાલ મુંબઇ જગદીશભાઇ ચીમનલાલ શાહ (ઉં. વ. ૭૫) રવિવારના તા. ૧૫-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. ચીમનલાલ વ્રજલાલ પરિવારના પુત્ર. તે સાસરા પક્ષે છબીલદાસ અને તારાબેન શાહના જમાઇ સ્વ. દક્ષાબેન શાહના પતિ. રાજુભાઇ અને સ્વ. સ્મૃતિબેનના મોટાભાઇ. રિચી, રિકીના પિતા. વિધી, જુહીના સસરા. નિવાન નિર્વાણના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ




## મનન
## પ્રભુની સંપૂર્ણ શરણાગતિ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



ઈશ્વરને શરણે જવું જરૂરી છે. ઈશ્વર પ્રત્યે શરણાગતિનો ભાવ જરુરી છે. આ શરણાગતિ સંપૂર્ણતામાં હોવી જોઈએ. ઈશ્વરને જો સોંપી દેવાનું હોય તો બધું જ સોંપી દેવાનું હોય, કેટલીક બાબતો પોતાના હસ્તક ન રખાય. ઈશ્વરનું શરણું એટલે માથા સહિત સમગ્ર દેહનું સમર્પણ, સૂક્ષ્મ અસ્તિત્વના દરેક સ્વરૂપનું સમર્પણ, કારણગત કારણનું પણ સમર્પણ. ઈશ્વર પ્રત્યેની શરણાગતિમાં કશું શેષ ન રહેવું જોઈએ, કશું વિશેષ ન બનવું જોઈએ, બધું નિ:શેષ થઈ જવું જોઈએ. પૂર્ણતામાં શરણાગતિ એટલે જ ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રદ્ધા, તેના પ્રત્યેનો અપાર વિશ્વાસ.

દેવી વંદનામાં પણ કહેવાયું છે કે ''શરણાગત દીનાર્ત પરિત્રાણ પરાયણે, સર્વસ્યાર્તિહરે દેવી નારાયણી નમોસ્તુતે.'' અર્થાત્ હે શરણ આપનારી, ગરીબ અને દુ:ખીના રક્ષણ માટે તત્પર, બધાના દુ:ખ દૂર કરનારી નારાયણી દેવી, તમને નમસ્કાર છે'. જ્યારે ઈશ્વરની વાત થાય ત્યારે શિવ અને શક્તિ બંનેનો સમાવેશ થઈ જાય. ઈશ્વરને નર સ્વરૂપે જ જોવો એ પણ મનની એક મર્યાદા છે. દેવીની સ્તુતિમાં કહેવાયું છે કે તે શરણ આપનારી છે. જે પણ વ્યક્તિ શરણે જાય, ઈશ્વર તેનો અસ્વીકાર ન કરે. ઈશ્વર વિરાટ શરણ છે, સર્વનું અંતિમ આશ્રય સ્થાન છે, સર્વનું અંતિમ શરણ છે, સર્વનું અંતિમ ધ્યેય છે. જે પણ શરણે આવે તેમના રક્ષણ માટે ઈશ્વર સદાય તત્પર છે.

અચાનક વિપત્તિ આવી પડે ત્યારે, ઉપદ્રવ વધી જાય ત્યારે, મનની અશાંત સ્થિતિ અપાર તકલીફ આપે ત્યારે, સંસારના વ્યવહારથી ત્રસ્ત થઈ જવાય ત્યારે, જીવનનિર્વાહના પ્રાથમિક સાધનો પણ પ્રાપ્ય ન થાય તે સ્તરનું દુ:ખ ઊભું થાય ત્યારે, આધિ - વ્યાધિ - ઉપાધિ અકલ્પનીય મુશ્કેલી સર્જે ત્યારે, જન્મ - મૃત્યુ - જરા - વ્યાધિમાં અપાર દોષની પ્રતીતિ થાય ત્યારે, કોઈપણ સ્વરૂપે જીવન જીવવાની કોઈ પણ ઈચ્છા બાકી ન રહે ત્યારે, સૃષ્ટિનો પ્રપંચ પૂરેપૂરો સમજાઈ જવાથી મુક્તિની ઈચ્છા જાગ્રત થાય ત્યારે, ખોખલા સંબંધોના સમીકરણો તેમનું વાસ્તવિક રૂપ પ્રગટ કરે ત્યારે, જેનો ઉકેલ સંભવ ન હોય તેવા પ્રશ્નો સામે આવીને ઊભા રહે ત્યારે ઈશ્વર યાદ આવે.

આ સમયે ઈશ્વરનું શરણું એકમાત્ર વિકલ્પ બાકી રહે. જોકે ગીતામાં જણાવ્યા પ્રમાણે ઈશ્વરને શરણે દુ:ખી, જિજ્ઞાસુ, અર્થાર્થી, અને જ્ઞાની જતા હોય છે. આ બધા ઈશ્વરનું શરણું ઈચ્છે છે.

પછી તે જે કરે તે યોગ્ય, તે માન્ય, તે સ્વીકાર્ય, તે મંજૂર અને તે શ્રેષ્ઠ. ઈશ્વરને સમગ્રતામાં બધી ખબર હોય છે. ઈશ્વર વ્યક્તિના જન્મની શૃંખલાને જાણતો હોય છે, પ્રવર્તમાન પરિસ્થિતિ માટે પણ તેને સંપૂર્ણ માહિતી હોય છે, ભવિષ્યની સંભાવનાઓ માટે પણ તે સજાગ હોય છે. ઈશ્વર સ્થળ અને સમયથી પર હોવાથી તે વિરાટતામાં સમગ્ર ચિત્રનું અવલોકન અને આકલન કરી શકે છે. તેનાથી કશું છૂપું નથી. તેની આગળ કશાનો પડદો નથી. પડદાની પાર પણ જોવાની તેની ક્ષમતા છે. અને તેથી ઈશ્વરનું શરણું લીધા પછી તેના કાર્ય બાબતે, આવનારા સંભવિત પરિણામ બાબતે, કોઈ શંકા ન હોવી જોઈએ. ઈશ્વર સંપૂર્ણ છે, તેનું અવલોકન સંપૂર્ણ છે, તેનો નિર્ણય પણ સંપૂર્ણ જ રહેવાનો. તેના પ્રત્યેની શરણનો ભાવ સંપૂર્ણ હોવો જરૂરી છે.

બધા સાથે તે ઈશ્વર તટસ્થ હોય છે, ઈશ્વરને ન્યાય માટે જેમ પ્રીતિ છે તેમ શરણાગત માટે કરુણા છે. ઈશ્વર નિયતિના નિયમોને માને છે અને સાથે સાથે ભક્ત પર કૃપા કરવાનો પણ આગ્રહ ધરાવે છે. ઈશ્વર જે કરે તે આ બંનેના સમન્વય સમાન હોય. અહીં તટસ્થતા પણ જોવા મળે અને પક્ષપાત પણ. અહીં વિશાળ પરિપ્રેક્ષ્યનો દ્રષ્ટિકોણ પણ હોય અને વિશેષ પરિસ્થિતિ માટેની સમજ પણ. અહીં શાસ્ત્રનું વચન પણ પાળવામાં આવે અને ભક્તિગત લાગણી પણ સાચવવામાં આવે. ઈશ્વરનું શરણું લેનારને રક્ષણ પણ પ્રતિત થાય અને કર્મના ફળની અનુભૂતિ પણ થાય છે.

સાચા મનથી પ્રભુના શરણમાં જવું જોઈએ. શરણાગતિમાં સરળતા અને શુદ્ધતા હોવી જોઈએ. ઈશ્વર નિર્દોષ છે અને તે નિર્દોષ વ્યક્તિને જ શરણમાં લે. ઈશ્વર નિષ્પાપ છે અને તેથી તે નિષ્પાપનું જ શરણ સ્વીકારે. ઈશ્વરની પ્રિતીપાત્ર થવા તેમના ભક્ત બની જવું. પણ ભક્તિમાં દેખાડો કરવા, સામાજિક પરિપ્રેક્ષ્યમાં વધુ સ્વીકૃતિ મેળવવા, વિવિધ પ્રકારની વ્યવહારિક સ્થિતિ સુધારવા, કપટ, દંભ, લોભ અને પ્રપંચયુક્ત શરણાગતનો ભાવ ન હોવો જોઈએ.

ઈશ્વરના શરણે જવાની પ્રક્રિયામાં અવિશ્વાસ પણ ન હોવો જોઈએ. સાથે સાથે એ પણ જરૂરી છે કે ઈશ્વર પ્રત્યે સભાનતાપૂર્વક, ઈશ્વરનું મહાત્મ્ય સમજીને, તે જ આખરી મુકામ છે તેવી શ્રદ્ધા સાથે શરણે જવું જોઈએ. અગત્યનું એ છે કે ઈશ્વરનું શરણ સ્વીકારવા પાછળ કોઈ ગણતરી ન હોવી જોઈએ.

એકવાર શરણું સ્વીકાર્યા પછી ઈશ્વર જે કરે તે જ સર્વથા યોગ્ય. પછી મનમાં કોઈપણ પ્રકારના, કોઈપણ સ્વરૂપના વિકલ્પોને સ્થાન ન હોય. પછી કોઈ કર્મણ્યતા શેષ બાકી ન રહે. પછી પાછા વળવાનું કે પાછા જોવાનું ન હોય. વાસ્તવમાં પછી કશું જ બાકી ન રહેવું જોઈએ. ત્યાં અહંકારનો સંપૂર્ણ છેદ ઊડી જાય અને માત્ર ઈશ્વરના અસ્તિત્વની સ્વીકૃતિ જ બાકી રહે. ઈશ્વરનું શરણું પ્રાપ્ત કરવું એટલે એક રીતે જીવન-મરણના ચક્રમાંથી મુક્ત થવું.

ઈશ્વર સાથેનો બધો વ્યવહાર આમ પણ સંપૂર્ણતા અને સમગ્રતામાં હોવો જોઈએ. અહીં કશાની અધુરાશ માન્ય નથી. જો આ વ્યવહાર સંપૂર્ણતા અને સમગ્રતામાં ન હોય તો એનો અર્થ એ કે હજી થોડો અહંકાર બાકી છે, હજી કંઈક કર્તાપણાનો ભાવ જાગ્રત છે, હજુ કેટલીક બાબતો માટે પોતાની ક્ષમતા પર વધુ વિશ્વાસ છે, હજુ સૃષ્ટિના નિયમો સામે પડકાર ઝીલવાની તમન્ના છે, હજુ ઈશ્વરની એટલી જરૂરિયાત નથી જણાઈ. તો પછી ઈશ્વર હજુ દૂર છે. ■

## ઈશ્વરની પ્રાપ્તિ કેવી રીતે થાય? પરમાત્માનો મેળાપ કેવી રીતે થાય?

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

એક સુંદર કિસ્સો યાદ આવે છે. એક વખત ભગવાન સ્વામી રામાનુજજીની પાસે એક વ્યક્તિ ગયો. કોઈ જુદો જીવ રહ્યો હશે. કંઈ કેટલાયે સાધુ-સંતો, ગુરુજનો, મહાત્માઓને તે મળ્યો હતો. કેટલાએ ગુરુનાં ચરણો તેણે પૂજ્યાં હતાં. તેની એક ઈચ્છા હતી કે કોઈ પણ રીતે મારે બ્રહ્મને પ્રાપ્ત કરવો છે. મહાત્માઓનાં ચરણો પૂજીને થાક્યો પણ તેને ક્યાયથી સંતોષકારક સમાધાન પ્રાપ્ત ન થયું. તેને ઈશ્વર કૃપા પામવી હતી. ખૂબ ફર્યો એવામાં કોઈએ તેને કહ્યું કે તું ક્યારેય ભગવાન રામાનુજજી ને મળ્યો છો ? કહે ના, એમને તો નથી મળવાનું થયું. રામાનુજ ભગવાન પાસે જા, ત્યાં તારું સમાધાન થશે. ગયો રામાનુજ પાસે. ચરણોમાં બેસી ગયો. પોતાની ભગવદ્ પ્રાપ્તિ માટે કરેલી વર્ષોની યાત્રા વર્ણવે છે. ક્યાં ક્યાં ગયો, કોને કોને મળ્યો, કોની પાસે શું હતું અને તેને શું ન મળ્યું, આ બધી વાત વિગતથી કહેવા લાગ્યો. અંતમાં તેને રામાનુજ ભગવાનને કહ્યું કે ભગવન, મને ઈશ્વરની ભક્તિ આપો. મારે ભક્તિ કરવી છે. મને બ્રહ્મની પ્રાપ્તિ કરાવો.

રામાનુજ ભગવાન તો જાણે સાંભળતા જ નથી તેમ બેસી રહ્યા. પેલાની વાતમાં કંઈ ધ્યાન જ ન આપ્યું. પેલો જિજ્ઞાસુ તો થાકેલો, માંદો આવ્યો હતો. ઈશ્વરની ભક્તિ પ્રાપ્ત કરવા બહુ લાંબી મઝલ ખેડીને આવ્યો હતો અને તેના તરફ રામાનુજ ભગવાને ધ્યાન પણ ન આપ્યું ! પેલાએ બીજી વખત વિનંતી કરી. ન સાંભળ્યું. ત્રીજી વખત આજીજી કરી ને કહ્યું ભગવાન, આપ મારી તરફ ધ્યાન તો આપો, મારે પરમાત્માની પ્રાપ્તિ કરવી છે, ભક્તિ કરવી છે. કૃપા કરી મારો પરમાત્મા સાથે મેળાપ કરાવી દો. વારંવાર પ્રશ્નો પૂછ્યા છે, વારંવાર વિનંતી કરી છે પરંતુ ભગવાન રામાનુજ કંઈ બોલ્યા નહીં. નારાજ થઇ ગયો બિચારો. તેને થયું કે લોકોએ મને ખોટી જગ્યાએ મોકલ્યો છે. આ વળી કેવા સંત ? આટલી આટલી વિનંતી કરું છું તો પણ કોઈ જવાબ જ નહિ ? ખિન્ન મનથી વિદાય થવા જાય છે. તેને થયું લાવ છેલ્લી વાર પૂછી જોઉં. તેણે કહ્યું બાબા, કંઈ નહીં બોલો ?

જ્યાં જવા જાય છે ત્યાં બાબાએ તેને પૂછ્યું, બેટા, તારે ભક્તિ કરવી છે ને ? તારે પરમાત્માને મળવું છે ને ? બ્રહ્મનો ભેટો કરવો છે ને ? પણ હું તને એક સાવ સહેલો પ્રશ્ન પૂછવા માગું છું. તે ક્યારેય દુનિયામાં કોઈને પ્રેમ કર્યો છે ? ક્યારેય કોઈના પ્રેમમાં પડ્યો છો ? પેલાને નવાઈ લાગી. બાબા, બધી આપતિ, સંસારનો મોહ, સંસારનાં બંધનો, પરિવારનો પ્રેમ બધો રાગ છોડીને તમારી પાસે આવ્યો છું. અને તમે મને પ્રેમમાં પડ્યો છું કે નહીં તેવું પૂછો છો ? આ બધું છોડો અને મને પરમાત્મા કેમ મળે તે કહો.



ફરી ભગવાન રામાનુજે તેને પૂછ્યું, તે કોઈને પ્રેમ નથી કર્યો? કહે બાબા, બ્રહ્મની ચર્ચા કરો ને, આ બધું શા માટે વચમાં લાવો છો ? ભગવાન રામાનુજે કહ્યું બેટા, તને પરમાત્માનો મેળાપ કરાવવો અઘરો છે ! બહુ મુશ્કેલ કાર્ય છે.

'રામચરિતમાનસ'માં ગોસ્વામીજી કહે છે-

रामहि केवल प्रेमु पिआरा।
जानि लेऊ जो जाननिहारा।।

મારાં યુવાન ભાઈ-બહેનો, આવો, હું ને તમે એકબીજાને વધુ ને વધુ પ્રેમ કરીએ. સત્ય લઈએ, પ્રેમ દઈએ અને કરુણામાં જીવીએ. પ્રેમ માગો નહીં, આપો. સામેથી મળે કે ન મળે, હિસાબ-કિતાબની વાત પ્રેમમાં છે જ નહીં; પ્રેમ આપો. પ્રેમ હશે ત્યાં બધું જ આવશે. પ્રેમ હશે ત્યાં શું નહિ હોય ! પરમાત્માના અવતારનું મૂળ કારણ પ્રેમ છે. એકવીસમી સદીનો આ જગત માટે મહામંત્ર હોય તો એ કેવળ પ્રેમ હોઈ શકે. ક્યાંય નફરત ન હોય, ઘૃણા ન હોય, ક્યાંય ઉપેક્ષાનો ભાવ ન હોય. માનવધર્મનો મોટામાં મોટો આધારસ્તંભ પ્રેમ છે. તેમાંથી અનેક પ્રશાખાઓ ફૂટશે.

પ્રેમ એક મોટો મહાસિંધુ છે. પ્રેમ એ મોટી શક્તિ છે. પ્રેમ એ માનવધર્મ છે. કથા રેલી નથી, મોટો રેલો છે. આ પ્રેમનો રેલો છે. મારી પાસે પ્રેમ સિવાય કંઈ નથી બાપ ! એક વસ્તુ સમજી લે જો. નથી મારી પાસે ઉપદેશ,નથી મારી પાસે તમને બીજું કંઈ આપવાનું,મારી પાસે મારા અંત:કરણનો ત્રિભુવની પ્રેમ છે. આ સિવાય બીજું કંઈ નથી. આ પ્રેમ લઈને ફરું છું. માનવીને પ્રેમની જરૂર છે. અલ્લાહ ઈશ્વર માનવીને મળે તો ઉત્તમ. પણ એ કદાચ ન મળે તો? બહુ ઘાટનો સોદો નથી. પ્રેમ મળી જવો જોઈએ. પ્રેમ મળે તો બધું મળી જશે. પ્રેમ એ પંચમ પુરુષાર્થ છે.

કથા એ પરંપરા નથી,પ્રવાહ છે. પરંપરા હોય તો ફિલ્મનું ગીત ન આવે. ઘણાં ટીકા કરે કે બાપુએ ફિલ્મનાં ગીતો, ગાણાં શરૂ કર્યાં. એ ગાવાનો છું અને તમને મોઢે થઈ જાય એટલે ગવડાવીશ. મોઢે,એટલે તમને આવડે, ને જે ટીકા કરે એને યાદ કરવું પડશે. માસ્તર છું ને ? મારે એને કંઠપાઠ કરાવવો છે,કારણ પછી બોલશે નહીં,પણ એને યાદ તો આવશે.

મુદ્દતે હો ગઈ, મુસ્કુરાયે,
આજ સોચા તો આંસુ ભર આયે.
મુદ્દતે હો ગઈ મુસ્કુરાયે આજ...

આ પ્રેમ સભા છે. પ્રેમ વગર પરિવર્તન સમભાવ નથી. પ્રેમ ચેતનને જડ બનાવે,ચેતનને જડ બનાવે. પ્રેમ જોઈએ. પ્રેમમાં ટીચર ન હોય ને પ્રિચર પણ ન હોય. પ્રેમના કંઈ શિક્ષક હોય ? હાલો,હું તમને પ્રેમના પાઠ ભણાવું ? એ તો થઈ જાય. માસ્તરને થયો હોય હો તો ભણાવે નહીં કોઈને. પ્રેમ ટીચરનો વિષય નથી અને પ્રેમ પ્રવક્તાનો, પ્રિચરનો યે વિષય નથી, પ્રેમ છે રીચરનો વિષય. જે પહોંચીને પાછા આવ્યા હોય,એનું કામ છે. જે પહોંચી ગયા હોય,જેણે હરિને જોઈ લીધો હોય. જે પહોચ્યાં હોય અને પછી 'ઘાયલકી ગત ઘાયલ જાણે' એ પ્રેમના પાઠ ભણાવી શકે. કથાનાં અનેક રૂપો છે. 'પ્રેમ દેવો ભવ' એ માનવજાતને નામે મોરારિબાપુનો ટેલિગ્રામ છે. પ્રેમ દેવો ભવ'. રામહિ કેવલ પ્રેમપિઆરા' આ સિવાય બીજું કંઈ છે નહીં. રામાયણના આદિમાં, મધ્યમાં અને અંતમાં પ્રેમ સિવાય બીજું કંઈ નથી. દરેક જગ્યાએ પ્રેમની જ પ્રતિષ્ઠા છે. પ્રેમરસ સમસ્ત દ્વૈતોને મિટાવી દે છે. આપણામાં જો પ્રેમ હશે તો પ્રભુ અહીં પ્રગટ થશે. પ્રેમ જ પરમાત્મા છે.

(સંકલન: જયદેવ માંકડ)■

## જીવનનું અમૃત
## મુશ્કેલીઓ હોય ત્યારે...

ભાણદેવ
bhandev@bombaysamachar.com

આશ્રમે એક બહેન સત્સંગભાવે અવારનવાર આવે છે. બહેન સુશીલ, સમજુ અને સાધિકા છે.

હમણાં તેમના કુટુંબમાં કાંઈક મુશ્કેલી આવી પડી છે. તેથી કાંઈક વેદનાપૂર્વક કહે છે:

''હમણાં સાધના થતી નથી. મુશ્કેલી આવી પડી છે. આ મુશ્કેલી દૂર થઈ જાય પછી સાધના કરીશ.''

આ બહેનને હું સમજાવું છું:

''મુશ્કેલી દૂર થઈ જાય ત્યારપછી સાધના કરવાની કે મુશ્કેલી હોય ત્યારે સાધના કરવાની? મારાં બહેન! મુશ્કેલી હોય ત્યારે સાધના કરવાની! મુશ્કેલી વખતે સાધના વધુ તીવ્ર અને વધુ ગહન ને છે. મીરાંબાઈએ સાધના ક્યારે શરૂ કરી હતી? ક્યારે ચાલુ રાખી હતી? મીરાંબાઈની સાધના મુશ્કેલીઓ વચ્ચે જ ચાલી છે. મીરાંબાઈ માટે તો જીવનભર મુશ્કેલીઓ અને સાથેસાથે જીવનભર સાધના-આમ જ ક્રમ રહ્યો છે.''

તદનુસાર મુશ્કેલીઓ પછી સાધના નહીં, મુશ્કેલીઓ સાથે જ સાધના!

'શ્રીમદ્ ભાગવત'માં એક સુંદર પ્રસંગ છે:

મહાભારતનો ઘોર સંગ્રામ પૂરો થયો છે. મૃત સ્વજનોની શ્રાદ્ધ-તર્પણ આદિ ક્રિયાઓ પણ પૂરી થઈ છે. શ્રીકૃણ હવે દ્વારિકા જવા માટે તત્પર થયા છે. સાત્યકિ અને ઉદ્ધવને લઈને ભગવાન રથ પર સવાર થયા છે. રથ ચાલવાની તૈયારીમાં જ છે તે જ સમયે 'પાહિ પાહિ'ના પુકારો કરતી-કરતી ઉત્તરા ભગવાન સમ્ર દોડતી-દોડતી આવી રહી છે. ઉત્તરા કરગરીને કહે છે:

कामं दहतु मां नाथ मा मे गर्भो निपात्यताम् ।।
- શ્રીમદ્ ભાગવત : ૧-૮

''હે નાથ! (આ શસ્ત્ર) મને ભલે સળગાવી નાખે, પરંતુ મારા ગર્ભને નષ્ટ ન કરે.''

ભગવાન શ્રીકૃષ્ણે સુદર્શનચક્ર દ્વારા પાંડવોની અને ઉત્તરાના ગર્ભની રક્ષા કરી છે.

તદનંતર પાંડવો અને દ્રૌપદીને સાથે રાખીને કુંતાજી ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે.



આ સ્તુતિ કરતી વખતે કુંતાજી ભગવાન શ્રીકૃષ્ણ પાસે એક યાચના પણ કરે છે:

विपद: सन्तु न: शश्वतत्र तत्र जगद्गुरो ।
भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ।।
- શ્રીમદ્ ભાગવત : ૧-૮-૨૫

''હે જગદ્‌ગુરુ! અમારા જીવનમાં સર્વત્ર, ડગલે ને પગલે વિપત્તિઓ આવતી રહે; કારણ કે વિપત્તિઓમાં જ આપનાં દર્શન થાય છે અને આપનાં દર્શન દ્વારા જન્મમરણના ચક્કરમાંથી મુક્તિ મળે છે.''

વિપત્તિઓ આવે અને વિપત્તિ ચાલુ હોય ત્યારે સાધન-ભજન કરવું કે વિપત્તિઓ દૂર થાય તેની વાટ જોઈને બેસવું અને વિપત્તિ દૂર થયા પછી સાધન-ભજન કરવું?

કુંતાજી તો સ્પષ્ટતઃ માગણી કરે છે: પ્રભુ! વિપત્તિઓ આપતો જ રહેજે. ક્વચિત્-ક્વચિત્ નહીં, પરંતુ વારંવાર, ડગલે ને પગલે! કુંતાજી વિપત્તિઓની માગણી શા માટે કરે છે? કારણ પણ તરત આપે છે: વિપત્તિઓમાં જ આપના દર્શન થાય છે! વિપત્તિઓ હોય ત્યારે ભગવાનનું સ્મરણ થાય છે. વિપત્તિઓ હોય છે ત્યારે ભગવાન માટેનો પુકાર તીવ્રતાપૂર્વક ઊઠે છે અને સતત ચાલે છે. વિપત્તિયુક્ત કાળ ભગવત્‌સાધના માટેનો ઉત્તમકાળ છે.

મીરાં, કુંતાજી અને અન્ય અનેક સંતોએ આમ જ કહ્યું છે અને આમ જ કર્યું છે.

સુખ માનવીને સુવાડી દે છે, દુ:ખ વિપત્તિઓ, મુશ્કેલીઓ માનવીને જગાડે છે. વિપત્તિઓ સાધકને ભગવાન તરફ ગતિ કરવાની પ્રેરણા આપે છે. દુ:ખ, વિપત્તિઓ, મુશ્કેલીઓ સદુપયોગ કરી લો ધ ભગવાન તરફ ગતિ કરવા માટે!

તેથી મુશ્કેલીઓનો ગાળો પૂરો થાય પછી નહીં, પરંતુ મુશ્કેલીઓ હોય ત્યારે, હા, ત્યારે સાધનામાં તન્મય બની જાઓ. તેમ કરવાથી સાધના વધુ ગહન બનશે અને મુશ્કેલીઓ રવાના થઈ જશે!

વૃંદાવનના પ્રજ્ઞાચક્ષુ સંત સ્વામી શરણાનંદજી વારંવાર કહેતા: ''અરે! દુ:ખ તો મારા પ્રભુના સંદેશવાહક છે.'' દુ:ખ આવે ત્યારે તેઓ કહેતા:

''આવો! આવો! મારા વહાલાં દુ:ખો! તમે જરૂર આવો! તમે તો પ્રભુના છડીદાર છો. તમે આવ્યા, તેનો અર્થ એમ કે હવે મારા પ્રભુની કૃપા થઈ. તમે આવ્યા તો હવે પ્રભુ પણ આવશે. દુ:ખ મારા પ્રભુનું વરદાન છે. દુ:ખ આવ્યા એટલે હવે પ્રભુ પણ આવશે.''

તો હવે કહો! મુશ્કેલીઓમાં સાધના કરવી કે મુશ્કેલીઓ જાય તેની વાટ જોવી અને મુશ્કેલીઓ જાય પછી જ સાધનાનો પ્રારંભ કરવો?

માનવીનું મન લુચ્ચાઈ કરે છે, સાધના ન કરવાના, સાધનાને ટાળવાના બહાના શોધે છે: આટલું પૂરું થાય, આટલું કરી લઉં-પછી સાધના કરીશ! પરંતુ હકીકત એ છે કે એટલું કદી કોઈનું પૂરું થતું જ નથી. કોઈનું પૂરું થયું છે કે તમારું પૂરું થઈ જશે?

તો હવે શું કરવાનું છે?

જ્યાં છીએ ત્યાં, જેવા છીએ તેવા, સારા-માઠા જેવા પ્રસંગો હોય તેવા-આ જ દિવસથી, આ જ ક્ષણથી સાધનાનો પ્રારંભ કરો. શ્રેષ્ઠ મુહૂર્ત કયું? આજ, આ ક્ષણનું મુહૂર્ત સર્વશ્રેષ્ઠ મુહૂર્ત છે!

અધ્યાત્મસાધનાના પ્રારંભ માટે અને અધ્યાત્મસાધનાનો ક્રમ અનવરત ચાલુ રાખવા માટે આ એક સોનેરી નિયમ છે.

અધ્યાત્મસાધનાનો પ્રારંભ ન કરવાના, પ્રારંભ કર્યા પછી મુલતવી રાખવાના, અધ્યાત્મસાધના છોડી દેવાના, અપવાદ કરવાના અનેક બહાના મળી રહેશે. આ એક પણ બહાનાને સાંભળશો નહીં. માટે અધ્યાત્મસાધના તરત ચાલુ કરો અને સતત ચાલુ રાખો. અધ્યાત્મસાધન ન કરવાના કોઈ બહાનાને માનશો જ નહીં. ભગવાન ઈશુનું વચન છે:

''જે ચાલશે તે પહોંચશે. જે દ્વાર ખખડાવશે તેના માટે દ્વાર ખોલવામાં આવશે.''

માટે આજે જ, આ ક્ષણે જ ચાલુ કરો અને અનવરત ચાલુ જ રાખો.

ઋષિનો આદેશ છે:

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।
- कठोपनिषद : १-३-१४

''હે મનુષ્યો! ઊઠો! જાગો! શ્રેષ્ઠ પુરુષોને પામીને (તેમની પાસે જઈને), પરબ્રહ્મ પરમાત્માને જાણી લો!'' (ક્રમશ:)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# હું નહીં, તું નહીં, તે નહીં: એમ અપરંપાર



જે મર્યાદિત નથી તે અપાર છે. જે સીમિત નથી તે સર્વત્ર છે. જે ભૌતિક માળખાની અંદર જકડાયેલ નથી તે જ સર્વથા મુક્ત છે. જેને કોઈ પ્રકારનું બંધન નથી તે જ ચૈતન્ય છે. જે સમય અને સ્થાનની મર્યાદાથી પર છે તે ઈશ્વર છે, તે અપરંપાર છે, તે બ્રહ્મ છે, તે કારણ છે.

ઈશ્વરને સમજવા માટે બે પ્રચલિત વિચારધારા છે. એક, ઈશ્વર બધે જ છે તે પ્રકારની વિચારધારા, અને બીજી, ઈશ્વર આ બધાથી પર છે તે વિચારધારા. પ્રથમ વિચારધારામાં આ પણ બ્રહ્મ છે, એ પણ બ્રહ્મ છે, અહીં પણ બ્રહ્મ છે, ત્યાં પણ બ્રહ્મ છે, હું પણ બ્રહ્મ છું, તું પણ બ્રહ્મ છું - એમ સ્થાપિત કરવામાં આવે છે. અહીં એમ જણાવવામાં આવે છે કે બ્રહ્મ સૂક્ષ્મ પણ છે અને વિરાટ પણ, વૃદ્ધ પણ છે અને તરુણ પણ, સૌથી નજીક પણ છે અને અતિ દૂર પણ. અહીં એમ જણાવવામાં આવે છે કે સમગ્ર સંસારમાં સર્વત્ર, સદાકાળ બ્રહ્મના સ્વરૂપો જ ફેલાયેલા છે. આ બધું તેમનો જ વિસ્તાર છે. આ બધું તેમનો અંશ માત્ર છે. ઈશ્વર વિનાનું અસ્તિત્વ શક્ય જ નથી અને તેથી જે છે તે બધું ઈશ્વરનું ચોક્કસ રીતે નિર્ધારિત થયેલું સ્વરૂપ જ છે. હું પણ ઈશ્વર છું તું પણ ઈશ્વર છે અને તે પણ ઈશ્વર છે - એમ અપરંપાર સર્વત્ર ઈશ્વરની જ હયાતિ છે.

સનાતની સંસ્કૃતિમાં જે છે તે બધું જ બ્રહ્મ છે તેવી સમાવિષ્ટાની ભાવના સાથે તેનાથી વિપરીત વિચારધારા થકી પણ બ્રહ્મને સમજાવવાનો પ્રયત્ન થયો છે. નેતિ નેતિ કહીને આ પણ બ્રહ્મ નથી અને તે પણ બ્રહ્મ નથી તેમ સમજાવવામાં આવે છે. આ વિચારધારામાં એમ સમજાવવામાં આવે છે કે જે બાબતમાં સીમિતતા છે તે બાબતોને બાદ કરતાં કરતાં જે વધે તે બ્રહ્મ. આ વૃક્ષ બ્રહ્મ નથી, માનવી બ્રહ્મ નથી, પુત્ર-દારા-ગૃહ બ્રહ્મ નથી, શરીર બ્રહ્મ નથી, વિચાર બ્રહ્મ નથી, શ્વાસ બ્રહ્મ નથી...અને એમ આગળ વિચારતા વિચારતા જે વધે તે બ્રહ્મ. અહીં સમજ એવી છે કે જે બાબતોની મર્યાદા છે તે બાબતોને જો બ્રહ્મ ગણવામાં આવે તો બ્રહ્મને પણ તે મર્યાદા લાગુ. જો વૃક્ષ બ્રહ્મ છે તો વૃક્ષ સિવાયની અન્ય બાબતો બ્રહ્મ નથી અને વૃક્ષની જે કોઈ મર્યાદા છે તે બ્રહ્મની પણ મર્યાદા બની જાય. આ માન્ય નથી અને તેથી શાસ્ત્રમાં નેતિ નેતિનો ભાવ વધુ સ્વીકૃત બન્યો છે.

બ્રહ્મ અર્થાત્ ઈશ્વર આમ તો અબાધિત ચૈતન્ય છે. તેની સમજ માટે નકારાત્મક વિચાર પણ કેટલાક લોકો માટે સ્વીકૃત ન બને. આવી નકારાત્મક બાબતનો છેદ ઉડાડી દેવા, અખાના છપ્પામાં, અહીં અપરંપરા શબ્દ પ્રયોજાયો હોય તેમ જણાય છે. આ શબ્દના ઉપયોગથી નેતિ નેતિ પણ બધા માટે સ્વીકૃત બની જાય છે. બ્રહ્મ હું - તું - તે નથી, પણ અપાર છે, અમાપ છે, સર્વત્ર છે, સદાય છે. તેની અ-માપતા દર્શાવવા અહીં માપી શકાય તેવી બાબતોનો છેદ ઉડાડી દેવાયો છે. અહીં તે સર્વત્ર છે તેમ સ્થાપિત કરવા જેનું સ્થાન હોય તે બાબતોની બાદબાકી કરાઈ છે. જે બાબતોને રંગ-રૂપ છે તે બાબતોથી પર બ્રહ્મને દર્શાવાયું છે. બ્રહ્મ અનામી હોવાથી જેને નામ છે તે બાબતોને સૂચિમાંથી દૂર કરવાનો આ પ્રયત્ન છે. હું નહીં - તું નહીં - તે નહીં એમ કહીને જે નિરાકાર છે તેની નિરાકારતા, જે નિર્ગુણ છે તેની નિર્ગુણતા, જે અમર્યાદિત છે તેની અમર્યાદિતતા, જે સર્વત્ર છે તેની અ-સ્થાનિયતા, જે અનામી છે તેની સંજ્ઞા-હિનતા, જે દ્વંદ્વહીન છે તેની દ્વન્દ્વહીનતા - આમ પ્રત્યેક નિરૂપણ યોગ્ય બાબતોને દર્શાવવાનો અહીં સફળ પ્રયત્ન કરાયો છે.

અહીં પ્રથમ પુરુષ દ્વિતીય પુરુષ અને તૃતીય, પુરુષ એમ બધા જ નાશ પામે છે. વળી અહીં હું - તું - તેની બાદબાકી થતા હું-પણા, તું-પણા અને તે-પણાની પણ બાદબાકી થઈ જાય છે. અહીં અહંકારથી મુક્ત થવાની વાત છે. અહીં હું અને મારાની વિચારધારાથી દૂર જવાની વાત છે. અહીં એક સાથે સ્વાર્થ અને મમત્વ બંનેનો છેદ ઊડી જાય છે. હું તું અને તે-ની સાથે અસ્તિત્વનો ભાવ સઘનતાથી જોડાયેલો હોવાથી, અહીં દેહભાવથી મુક્ત થવાની વાત પણ સંભળાય છે. પ્રકૃતિથી નિર્ધારિત થતા અસ્તિત્વની પાર જવાની આ વાત છે. પદાર્થની સ્વાભાવિકતા તથા સીમિતતાથી દૂર જવાથી અપાર - અબાધિત સમજી શકાય, પામી શકાય.

સનાતની સંસ્કૃતિની સમૃદ્ધિ તથા યથાર્થતા એ છે કે તેમાં દરેક વ્યક્તિને પોતાની રુચિ અનુસાર જે તે માર્ગ મળી રહે છે. તેની સાથે બીજી મજાની વાત એ છે કે આપણા ભક્ત કવિઓએ દરેક માર્ગની ગુઢ બાબતોને સહજતાથી સામાન્ય ભાષામાં વ્યક્ત કરી દીધી છે. આ ભક્ત કવિઓના આલેખનમાં દર્શન શાસ્ત્રના સિદ્ધાંતો પણ છે, વેદની રહસ્યમય બાબતો પણ છે, ઉપનિષદોનું ઊંડાણ પણ છે, પુરાણોની વાતો લોકભોગ્ય બનાવાઈ છે - અને આ બધું સહજતાથી લોકો સમજી શકે તેવી ભાષામાં રજૂ કરાયું છે.

ઈશ્વર રુદિયાની અંદર પણ બિરાજમાન છે અને સૃષ્ટિની રચનાની પેલે પાર પણ તે જ છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

# બ્રહ્માનંદ સ્વામી: શકવર્તી સાંસ્કૃતિક સંપદાના અર્થપૂર્ણ ઉદ્‌ગાતા-૧

સંપ્રદાયના સાહિત્ય અને સિદ્ધાંત આલેખન ક્ષેત્રે સ્વામિનારાયણ સંપ્રદાયના નવસ્થાપન થકી અધ્યાત્મવિદ્યા સંદર્ભે ઉન્નયન અને સાંસ્કૃતિક ક્રિયાન્વયન બાબતે નવોત્થાનના યુગપ્રવર્તક ભગવાન સ્વામિનારાયણના પટ્ટશિષ્ય બ્રહ્માનંદ સ્વામીએ એમના જીવનકાર્યો અને સાહિત્યિક-સાંસ્કૃતિક કાર્યશૃંખલાથી યુગમૂર્તિ સંતકવિ તથા સદ્ગુરુ તરીકેનું સ્થાન અને માન પ્રાપ્ત કર્યું. મારીદષ્ટિએ એમનું વૈકલ્પિક કાવ્યશાસ્ત્રમૂલક વિદ્યાભ્યાસ, કળાભિમુખ જ્ઞાન-કૌશલ્યવિદ્યા, શાસ્ત્રીય સંગીત ગાયન-વાદનની વિદ્યા, અશ્વવિદ્યાશાસ્ત્ર, શિલ્પસ્થાપત્ય વિદ્યામાં પારંગતપણું તથા સાહિત્યના વિવિધ પ્રકાર અને સ્વરૂપોની સાહિત્ય કૃતિઓનું સર્જન, વિવિધ ભાષાઓનું જ્ઞાન ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયના તાત્ત્વિક સિદ્ધાન્તો અને સાધનાધારાના પાયાના ગ્રંથોનું આલેખન એમને વિવિધ વિદ્યાપારંગત પંડિતના પદે સ્થાપનાર પરિબળ છે. એમના અધ્યાપક જીવન, સાંપ્રદાયિક કાર્યો અને સાહિત્યિક પ્રદાન એમ ત્રિવિધ પ્રકારની વિગતોથી અભ્યાસીઓને - જિજ્ઞાસુઓને અવગત કરાવવાનો ઉપક્રમ આ સ્વાધ્યાય લેખમાં જાળવ્યો છે. એ નિમિત્તે ભારતીય વિદ્યાના સાંસ્કૃતિક ક્ષેત્રની એમની શકવર્તી કોટીની સંપદાની ઓળખ પ્રાપ્ત થશે.

॥ ૧ ॥

કવિશ્રી બ્રહ્માનંદનું પૂર્વાશ્રમનું નામ લાડુદાન હતું. જન્મવર્ષ વિ.સં. ૧૮૮૨ મહા સુદ પાંચમ (વસંત પંચમી) એ મુજબ એમની જન્મતારીખ ૮-૨-૧૭૭૨ ગણાય છે. તેઓ જ્ઞાતિએ ચારણ હતા અને પિતાનું નામ શંભુદાન તથા માતાનું નામ લાલુબા હતું. વતન : રાજસ્થાનમાં આબુ નજીકનું ખાણ ગામ. બાલ્યાવસ્થા દરમ્યાન વિધિસરનું ભાષાકીય શિક્ષણ તેમણે લીધું હોય એવા કોઈ ઉલ્લેખો નથી, પણ પરંપરાગત કાવ્યરચના અને પ્રસ્તુતિકરણનું ભારે કૌશલ્ય તેમને સહજ રીતે વારસાગત રૂપે મળેલું. જન્મ પછી માતા લાલુબાઈ સાથે પુત્ર લાડુદાનને મોસાળમાં જોધપુરના કડાણા પાસેના ભાફળી ગામે મામાશ્રી અમરદાન સાથે રહેવાનું થયું. ત્યાં અને પછીથી દેવઘરના પુજારી શ્રીશિવશંકર ઉપાધ્યાય પાસે મૌખિક શ્રુત પરંપરામૂલક વિદ્યાભ્યાસથી જ્ઞાન પ્રાપ્ત કરેલું. આવા ખમીર, ખુમારી અને ખંતથી કાવ્યપાઠ-કાવ્યસર્જન કરનાર તરીકે લાડુદાનો બાલ્યાવસ્થામાં જ કીર્તિ મેળવી લીધેલી. ખાણગામ શિરોહી મહારાવ તરફથી શંભુદાનજીના વડીલોને મળેલું હોવાથી શંભુદાનજી શિરોહીના રાજકવિ હતા. લગ્નપ્રસંગે પિતાશ્રી સાથે લાડુદાન પણ શિરોહી ગયેલા. ત્યાં દુહા-છંદની પ્રસ્તુતિથી મહારાવશ્રી ખૂબ પ્રસન્ન અને પ્રભાવિત થયા. આ કારણે શિરોહીના રાજવીએ ખાસ આર્થિક સુવિધા કરી આપીને ભુજની 'રાઓ લખપત વ્રજભાષા - કાવ્યશાળા'માં કવિશિક્ષણ મેળવવા ભલામણપત્ર લખી આપીને મોકલેલા.

લાડુદાનજીએ ભુજની એ કાવ્યાશાળામાં સૌથી વધુ સમય સુધી રહીને મેળવેલું. છંદ-અલંકારનું, અને પિંગળશાસ્ત્રનું એમ માત્ર કાવ્યશિક્ષણ જ નહીં, પરંતુ 'વિદુરનીતિ, 'ચાણક્ય નીતિ', 'અંગદ નીતિનો અભ્યાસ' પણ કરેલો. અષ્ટાવધાન, ષોડ્ષાવધાન અને ચોસઠવિદ્યા આદિના રચના કૌશલ્ય પણ પ્રાપ્ત કરેલ. 'ગજવિદ્યા', 'અશ્વવિદ્યા' અને 'સામુદ્રિક' શાસ્ત્રોનો અભ્યાસ પણ કરેલો. ઉપરાંત સિતાર, મૃદંગ અને નરઘાના વાદનમાં પણ પ્રવીણતા પ્રાપ્ત કરેલી. પછી અહીં કાવ્યશાળામાં કાવ્યપાઠનું અધ્યાપનકાર્ય પણ કરાવેલું. ત્યાર બાદ ભુજના મહારાવશ્રી સાથે વિદ્યાગુરુએ મેળાપ કરાવીને કવિ-કૌશલ્યનો પરિચય કરાવ્યો. મહારાવશ્રી સમક્ષ પોતાની કવિત્વ શક્તિનું પ્રસ્તુતિકરણ કર્યું. મહારાવશ્રીએ વિપુલ દાન-દક્ષિણા અને ભલામણ પત્ર લખી આપીને વિદાય કર્યા. વચ્ચે ધમડકા રાજ્ય આવ્યું. ભુજ મહારાવશ્રીના કુટુંબીજનનું અહીંયાં રાજ્ય શાસન હતું. મહારાવશ્રીના ભલામણ પત્રને કારણે ધમડકા રાજવી લાધાજીએ કવિશ્રી લાડુદાનજીને દરબારગઢમાં જ ઉતારો અપાયો. અહીંના પંડિતજી વિપ્રવર્ય વિજયકુશળજી ભટ્ટાચાર્ય પાસેથી વિશેષ પ્રકારનું સંગીતવાદન, ગાયન, વ્યાકરણ અને અન્ય ચોસઠ કળાઓથી, કાવ્ય સમસ્યા, રત્નપરીક્ષા, શુકનાવળિ, તર્કવાદ, શુકનીતિ આદિ વિવિધ વિદ્યાશાખાથી દિક્ષિત થયા. અહીં દોઢવર્ષ સુધી નિવાસ કર્યો. કુંવર રાયધણજી સાથે વિશેષ પ્રેમભાવ થયો. એમની સાથેના સહવાસથી સત્સંગ પણ ખૂબ થયો. અહીં આ સમય દરમ્યાન ઉદ્ધવ અવતારી રામાનંદસ્વામી પધાર્યા. લાધાજી ઠાકોરે દરબારગઢમાં જ એમનો પણ ઉતારો કરાવ્યો. રામાનંદસ્વામીએ લાડુદાનજીને પોતાની દિવ્ય શક્તિથી ઓળખીને કહ્યું કે પિતા શંભુદાન મારા શિષ્ય છે. તમારી ગર્ભાવસ્થાથી તમને જાણું છું. તમે પ્રગટ ભગવાન સાથે આજીવન રહેશો. એવું ભવિષ્યકથન કરીને આશીર્વાદ આપેલા. પછી વિદાય લઈને લાડુદાનજી ધ્રાંગધ્રા રાજ્યમાં છ મહિના સુધી રહ્યાં. ત્યાંથી પછી માળિયા, મોરબી, જૂનાગઢ, જામનગર અને સોમનાથ એમ અનેક રજવાડામાં કાવ્યકળાનો પરિચય કરાવ્યો. અનેક રાજવીઓએ રાજકવિ બનવા પ્રલોભન આપેલું, પણ લાડુદાન તો મસ્ત અલગારી કવિ. હકીકત એમ હતી કે ભાવનગર રાજવી વજેસિંહજીએ કવિરાજ લાડુદાનજી માટે સુવર્ણાલંકારો ઘડવા માટે ભારે કુશળ અને પ્રખ્યાત રાજુલાવાળા ઝવેરી સોનીને બોલાવ્યા. સોનીએ ગળા બાજુબંધનું માપ લીધું. સોનીના કપાળમાંનું ઊર્ધ્વપુંડ તિલક અને વચ્ચે કુમકુમનો ચાંદલો જોઈને કવિશ્રી લાડુદાને 'કયા સંપ્રદાયનું તિલક ધારણ કર્યું છે મહાજન?' એવો પ્રશ્ન કર્યો પ્રત્યુત્તર રૂપે સોની મહાજને નમ્રતાથી કહ્યું 'ભગવાન સ્વામિનારાયણનું?' તેઓ ગઢપુરમાં સાક્ષાત્ બિરાજમાન છે. ભાવનગર રાજ્ય પણ તેને વંદે છે. વજેસિંહજી મહારાજ કહે આપ જેવા મહાન કવિ અને વિદ્વાન થઈને ખાતરી કરી આવો તમને પાખંડ જણાય અને અવતારી ધર્મપુરુષ ન લાગે તો રાજ્યાશ્રય બંધ કરાવું. રાજવી મહારાજશ્રીનું વચન સાંભળીને કવિરાજ લાડુદાને મહારાજાની અશ્વ શાળામાંથી પાણીદાર અશ્વ પલાણીને પિતાશ્રીનો સંદેશ લાવેલા મામાને સાથે લઈને ગઢપુર ભણી પ્રયાણ કર્યું.



લાડુદાનજી ગઢપુર પહોંચ્યા અને ભગવાનશ્રી સહજાનંદ સ્વામીને મળવા પહોંચે એ પૂર્વે મનથી જે ચાર સંકલ્પો-મનોરથો ધારેલા તે આ મુજબ હતા :

૧. જો એ ભગવાન હોય તો અંતર્યામી બનીને આરંભથી અદ્યપિની મારી હકીકતો કહી સંભળાવે.

૨. સામુદ્રીક શાસ્ત્ર મુજબ ભગવાનના ચરણાર્વિન્દોમાંના સોળ ચિન્હોનું મને વગર પૂછ્યે દર્શન કરાવે.

૩. આ દિવસોમાં ગામડા-ગામમાં ગુલાબ ખીલેલા ન હોય, તો પણ પોતે તાજા ગુલાબનો હાર પહેર્યો હોય એ મારું નામ-સંબોધન કરીને મારાં સ્વાગત રૂપે મને સ્વહસ્તે પહેરાવે.

૪. મારા પ્રવેશ સમયે તેઓ પૂર્વાભિમુખે બિરાજમાન થઈને કાળી ધાબળીમાંના 'શ્રીમદ્‌ભગવત ગ્રંથનું રસપાન કરાવતા હોય.' ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com


# હું એ પુરુષને વરી ચૂકી છું, એ નહીં મળે તો હું મારી જીવન-લીલા સમાપ્ત કરી દઈશ

(ગતાંકથી ચાલુ)

દેવર્ષિ નારદ જુએ છે કે એક જંગલમાં એક અસુર શિવ આરાધના કરી રહ્યો છે. તેનો સ્વર અવકાશમાં ગૂંજવા લાગ્યો. બીજી તરફ માતા પાર્વતી અને ભગવાન શિવ કાશીથી કૈલાસ તરફ આગળ વધી રહ્યા હતા, તેમને પણ એ અસુરનો સ્વર સંભળાવા લાગ્યો. તેઓ તેની સમક્ષ પ્રગટ થઈ કહે છે, 'બાણાસુર આંખ ખોલો, વરદાન માગો.' હર્ષઘેલો બાણાસુર કહે છે, 'પ્રભુ તમને જોઈ હું હર્ષની લાગણી અનુભવું છું. જો તમે વરદાન આપતાં હો તો મને સહસ્ત્ર ભૂજા આપો.' ભગવાન શિવ 'તથાસ્તુ' બોલતાં જ બાણાસુર સહસ્ત્ર ભૂજાઓ મેળવે છે. એક પર્વત જેટલી સહસ્ત્ર ભૂજાઓ જોઈ બાણાસુર અટ્ટહાસ્ય કરવા લાગ્યો. એના અટ્ટહાસ્યથી સંસારના દરેક પ્રાણીઓમાં ભયનો માહોલ ફેલાવવા લાગ્યો. સમય વિતવા માંડયો, બાણાસુર પોતાના દુશ્મન રાજાઓ પર આક્રમણ કરવા લાગ્યો. તેની પર્વત જેટલી ઊંચી સહસ્ત્ર ભૂજાઓ જોઈ દુશ્મન રાજાઓ રણસંગ્રામ છોડીને ભાગી જવા માંડયા. તેની સામે કોઈપણ શસ્ત્ર ઉઠાવવા તૈયાર નહોતું. બાણાસુરે સ્વર્ગલોક પર દૃષ્ટિ કરી દેવરાજ ઇન્દ્ર પર આક્રમણ કર્યું. બાણાસુરની સહસ્ત્ર ભૂજાઓ જોઈ દેવરાજ ઇન્દ્ર પણ દબાણ હેઠળ આવી પલાયન કરી ગયા. થોડા સમયમાં જ બાણાસુરને પોતાની સહસ્ત્ર ભૂજાઓ ભારરૂપ લાગવા માંડી. પોતાના નગર શોણિતપુરના રાજમહેલમાં વૈભવી સુખસગવડ હોવા છતાં પણ બાણાસુર દુઃખી રહેવા લાગ્યો. દુઃખી પતિને જોઈ રાજમતી કહે છે, 'સ્વામી તમે સ્વર્ગલોકના વિજય બાદ પણ પ્રસન્ન નથી. મારી વિનંતી છે કે તમે ફરી ભગવાન શિવની આરાધના કરો અને તેઓ પ્રસન્ન થતાં જ વરદાનમાં સહસ્ત્ર ભૂજાઓ પરત કરી દો.' પત્ની રાજમતીની વાત યોગ્ય લાગતાં બાણાસુર પોતાની સહસ્ત્ર ભુજાઓથી તાળી વગડાતાં વગાડતાં તાંડવ નૃત્ય દ્વારા ભગવાન શિવની ફરી આરાધના કરવા લાગ્યો. એના એ નૃત્યથી ભક્તવત્સલ ભગવાન શિવ સંતુષ્ટ થઈ ગયા. પ્રસન્ન થઈ તેમણે બાણાસુરને વરદાન આપવાની ઈચ્છા પ્રગટ કરી. એણે સ્તુતિ કરતા કહ્યું, 'હે પ્રભો જો તમો પ્રસન્ન થયા હો તો આપ મારા રક્ષક બની પુત્રો તથા ગણો સહિત મારા નગરના અધ્યક્ષ બનીને સર્વથા પ્રીતિનો નિર્વાહ કરતાં કરતાં મારી પાસે મારી સાથે જ નિવાસ કરો. ઐશ્વર્યશાળી ભક્ત-વત્સલ ભગવાન શિવ એને વરદાન આપીને પુત્રો અને ગણો સહિત પ્રેમપૂર્વક શોણિતપૂર રાજ્યમાં નિવાસ કરવા લાગ્યાં.

* * *

ભગવાન શિવ રક્ષક બનતાં જ બાણાસુર અને તેના અસુર સૈનિકો ક્રમશઃ યમદેવ, અગ્નિદેવ, વરુણદેવ, કુબેરને બંદી બંદી બનાવે છે. તે દરમિયાન બાણાસુર ફરી તાંડવનૃત્ય કરી ભગવાન શિવને પ્રસન્ન કરે છે.



ભગવાન શિવઃ 'બાણાસુર હવે ફરી શું થયું, શું મેળવવા માટે તમે તાંડવનૃત્ય કરી રહ્યા છો.

બાણાસુરઃ 'પ્રભુ, શું કહું, હું રહ્યો અસુર, મારી બુદ્ધિ અસુરો જેવી જ છે, તમે સમસ્ત દેવતાઓના શિરોમણી છો, વરદાન મેળવવાની લયમાં મેં સહસ્ત્ર ભૂજા માગી લીધી, પણ હવે એ સહસ્ત્ર ભુજા મને ભારરૂપ લાગી રહી છે કેમકે હવે મને એ મહાન ભારરૂપ લાગી રહી છે, કેમ કે આ ત્રિલોકીમાં મને આપના સિવાય મારી સમકક્ષ કોઈ યોદ્ધો જ મળ્યો નથી અને આ પર્વત જેટલી વિશાળ સહસ્ત્ર ભુજાઓ લઈને હું શું કરું? મેં આપની પરિપુષ્ટ ભુજાઓની ચળ મટાડવા યુદ્ધની લાલસાથી નગર અને પર્વતોને ચૂર્ણ કરી પૃથ્વીના દિગ્ગજોની પાસે ગયો.પરંતુ દેવરાજ ઇન્દ્ર સહિત તેઓ પણ ભયભીત બનીને પલાયન થઈ ગયા. મેં દેવરાજ ઈન્દ્ર, યમદેવ, વરુણદેવ અને કુબેરને બંદી બનાવી રાખ્યા છે. હે મહેશ્વર હવે મને કોઈ એવા યુદ્ધની પ્રાપ્તિ કરાવો જેમાં હરીફો મારી સહસ્ત્ર ભુજાને જર્જરિત કરીને પાડી નાંખે અથવા કોઈપણ પ્રકારે શત્રુઓ સહસ્ત્ર ભુજાને કાપી નાંખે એ જ મારી અભિલાષા છે, એને પૂર્ણ કરવાની કૃપા કરો.'

આટલું સાંભળતા જ ક્રોધિત ભગવાન શિવે કહ્યું કે, 'હે અભિમાની સંપૂર્ણ દૈત્યોમાં તમને સર્વથા ધિક્કાર છે, તું બલિનો પુત્ર અને મારો ભક્ત છે, તારે આવી વાત કહેવી ઉચિત છે. તારી ઇચ્છા મુજબ થોડા જ સમયમાં મહાન ભીષણ યુદ્ધ થશે અને એ સંગ્રામમાં તારી આ પર્વત જેવી સહસ્ત્ર ભુજાઓ જલાઉ લાકડાંની જેમ બળીને છિન્નભિન્ન થઈ ભૂમિ પર પડશે, હે દુષ્ટ આત્મા તારા આયુધાગાર પર સ્થાપિત નારી જે આ મનુષ્યના માથાવાળી મયૂરધ્વજ ફરકાવી રહી છે તેનો જ્યારે વાયુ-ભય વગર પતન થશે ત્યારે સમજી લેવું કે તે મહાન ભયાનક યુદ્ધ આવી પહોંચ્યું છે. એ સમયે તું ઘોર સંગ્રામનો નિશ્ચય કરીને પોતાની સમગ્ર સેના સાથે ત્યાં જજે, ત્યાં તને મોટા મોટા ઉત્પાતો જોવા મળશે. હમણાં તું પોતાના મહેલમાં પાછો ચાલ્યો જા, એમાં જ તારું કલ્યાણ છે.'

આટલું સાંભળીને બાણાસુરે દિવ્ય પુષ્પોની કળીઓથી અંજલિ ભરીને ભગવાન શિવની અભ્યર્થના કરીને તે પોતાના ઘરે પાછો ફર્યો. ઘણો સમય વિતવા લાગ્યો, તદ્નંતર એક દિવસે આયુધાગારપર સ્થાપિત નારી જે આ મનુષ્યના માથાવાળી મયૂરધ્વજ ફરકાવી રહી છે તેનું પતન થયું. એ જોઈને બાણાસુર હર્ષિત થઈ ગયો અને યુદ્ધ માટે તૈયાર થયો. એ પોતાના વિચારમાં મગ્ન થઈ ગયો કે, કયો યુદ્ધ પ્રેમી યોદ્ધો કયા દેશથી આવશે જે વિવિધ પ્રકારનાં શસ્ત્ર-અસ્ત્રો પારગામી વિદ્વાન હશે અને મારી સહસ્ત્ર ભુજાઓને ઈંધણની જેમ કાપી નાંખશે તથા હું પણ પોતાના અત્યંત તીક્ષ્ણ શસ્ત્રોથી સહસ્ત્ર ભુજાના સેંકડો ટુકડા કરી દઈશ. એ જ સમયે ભગવાન શિવની પ્રેરણાથી બાણાસુરની પુત્રી ઉષા માંગલિક શૃંગાર કરીને સુસજ્જિત થઈને રાત્રિના સમયે પોતાના ગુપ્ત અંતઃપુરમાં સુઈ રહી હતી. એ જ સમયે તે (કામભાવ)ને પ્રાપ્ત થઈ અને તેને સ્વપ્નમાં ભગવાન શ્રીકૃષ્ણના પુત્ર અનિરુદ્ધનું મિલન પ્રાપ્ત થયું. જાગ્યા પછી તે વ્યાકુળ થઈ ગઇ અને એણે એની સખી ચિત્રલેખાને સ્વપ્નમાં મળેલ એ પુરુષને શોધી આપવા કહ્યું.

ચિત્રલેખાઃ 'સખી તેં સ્વપ્નમાં જે પુરુષ જોયો છે, એને ભલા હું કઈ રીતે શોધી શકું, જ્યારે કે તેને હું ઓળખતી નથી.'

ઉષાઃ 'સખી, હું એ પુરુષને વરી ચૂકી છું, એ નહીં મળે તો હું મારી જીવન-લીલા સમાપ્ત કરી દઈશ.'

ચિત્રલેખાઃ 'નહીં સખી, હું તને તારું જીવન સમાપ્ત કરવા નહીં દઉં, તું મને તારા સ્વપ્નમાં આવેલા પુરુષનું વર્ણન કર, હું આ પડદા પર તેનું ચિત્રણ કરીશ.'

ઉષાના વર્ણન બાદ ચિત્રલેખા એ પુરુષનું ચિત્રણ કરવા લાગી અને ચિત્રણ પૂર્ણ થતાં જ રાજકુમારી ઉષા લજ્જિત થઈ ગઈ. ઉષા લજ્જિત થતાં જોઈને ચિત્રલેખાએ કહ્યું, 'સખી આ તો નરશ્રેષ્ઠ પ્રદ્યુમ્ન નંદન અનિરુદ્ધ છે.'

ઉષાઃ 'હે સખી! રાત્રે જે મારી પાસે આવ્યો હતો અને જેણે શીઘ્ર જ મારા ચિત્તરૂપી રત્નને ચોરી લીધું છે, તે ચોર પુરુષ આ જ છે.' (ક્રમશઃ)■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay samachar.com

# શરણાગતિથી નિર્ભયતા

ગત અંકમાં અધ્યાત્મ-માર્ગ અને મંજિલને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ શરણાગતિનો મર્મ ઉજાગર કરી રહ્યા છે. અસંગરૂપી શસ્ત્રથી જીવનના માર્ગમાં આવતાં વિઘ્નોને કાપીને આગળ વધી રહેલા અધ્યાત્મ પથિકને ઉદ્દેશીને શ્રી કૃષ્ણ ભગવાન કહે છે- તમેય ચાદ્યં પુરુષ પ્રપદ્યે (૧૫/૪), ''તે અનાદિ પરબ્રહ્મને શરણે જવું. હા, સર્વ શક્તિમાન પરમાત્માના આશ્રયમાં જ ભક્તની ભક્તિ નિર્વિઘ્ન અને નિર્ભય બને છે. પરંતુ આ શરણાગતિ અનન્ય હોય તો જ અધ્યાત્મ પથિકને લાભ થાય તે નિર્વિવાદ છે.

એક બકરી વનમાં આમ-તેમ ભટકતી હતી. અંધારું થતા તે માર્ગ ભૂલી તેથી નિયત સમયે પોતાના ઘરે પહોંચી ન શકી. તેને હિંસક પ્રાણીઓના મુખનો કોળિયો બનવાનો ડર હતો. વનરૂપી માયા જાળમાં ફસાયેલી બકરીએ એક સિંહનું પગલું જોયું અને તેનું શરણું લીધું. સિંહના પગલાનાં શરણાંને કારણે બકરીને મારવા આવતાં પ્રાણીઓ થકી તેની રક્ષા થઈ. એક વાર સ્વયં સિંહ તેને મારવા આવ્યો પણ પોતાના શરણે હોવાથી સિંહ અતિ પ્રસન્ન થયો અને જે પ્રાણીઓ તેને મારવા આવતાં હતાં તે જ પ્રાણીઓ પર બેસાડીને તેના ઘર સુધી પહોંચાડી. આમ, આ દૃષ્ટાંતમાં સિંહનો ભય સિંહના જ શરણે જવાથી ટળી ગયો, તેમ ભગવાનની માયા ભગવાનના જ શરણે જવાથી ટળી જાય છે. તે વાત સમજાવતાં ભગવાને સ્વયં ગીતામાં કહ્યું હતું-



'મારા નિયમન હેઠળ રહેલી ત્રિગુણાત્મિકા માયા ઓળંગવી ખૂબ જ કઠણ છે. પરંતુ, જે મારે શરણે આવે છે. તે જ માયાને તરી જાય છે.' (ગી.૭/૧૪)

આ માયા 'દુરત્યયા' (ઓળંગવી અતિશય કઠણ) છે, તેમ છતાં ભગવાનની શરણાગતિથી તે જ માયા તરવી સરળ થઈ રહે છે. પૂર્વોક્ત દૃષ્ટાંતમાં સિંહના નિયમન હેઠળ રહેલું જે જંગલ બકરીને પાર કરવું અશક્ય લાગતું હતું. તે જ જંગલને તે બકરી સિંહને શરણે જવાથી પાર કરી ગઈ! તેવી રીતે ભગવાનના નિયમન હેઠળ રહેલી જે જન્મ-મરણરૂપી માયા તરવી મનુષ્ય માટે અસંભવ છે તે જ માયાને ભગવાનના શરણે જનારો મનુષ્ય પાર કરી લે છે. તે સમજાવતાં કહેવાયું છે,

'सोतीर्णा खलु पाण्डये रणनदी कैवतर्कः केशवः'

'ભીષ્મ અને દ્રોણરૂપી તટવાળી; જયદ્રથરૂપી જળવાળી; શકુનિરૂપી પથરાવાળી; શલ્ય, અશ્વત્થામારૂપી ઘોર મગર ધરાવતી; કૃપાચાર્ય ને દુર્યોધનરૂપી વમળોવાળી; કર્ણરૂપી તરંગોવાળી રણનદી પાંડવો તરી ગયા. કારણ કે, ભગવાન 'કેશવ' તેઓની નાવના 'કૈવર્તક' (સુકાની) હતા.' આવી, ભયંકર રણનદીને પાંડવો તરી ગયા એ ખરેખર આશ્ચર્ય ઉપજાવે તેવી ઐતિહાસિક ઘટના છે. પરંતુ તે આશ્ચર્યમય ઐતિહાસિકતાના મૂળમાં હતી- અર્જુને સ્વીકારેલી ભગવાનની 'શરણાગતિ.'

અર્જુન ભગવાનની સાથે રહેવા કરતાં પણ ભગવાનના શરણમાં રહ્યો એ તેના વિજયનું મુખ્ય કારણ છે. મહાભારતની રણનદીમાં, કૌરવોરૂપી ભયંકર વમળોને લીધે ઉછળેલા સંબંધ-બંધનરૂપી તરંગો જ્યારે અર્જુનની જીવનનૌકામાં ઘૂસ્યા, ત્યારે વિષાદમય પાણીનો રેલો અર્જુનના પગતળે આવતા તે મોહ વહેણમાં લપસી પડ્યો, પ્રજ્ઞાવાદનું રુદન કરતાં-કરતાં તેણે ફરી ઊભા ન થવાની અસામર્થી પણ દેખાડી છતાં તેણે પોતાની જીવનનૌકાના કેવટ (કૈવર્તક) કેશવને, પોતાને ફરી ઉભો કરવા માટે એક વખત સાદ કરી જ દીધો. અર્જુનના આર્તનાદના એ શબ્દો આવા કંઈક હતાઃ 'કાયરતાને લીધે મારા શૂરવીરતાના સ્વભાવને ભૂલેલો; ધર્મ-અધર્મની બાબતમાં કિંકર્તવ્યમૂઢ બનેલો હું આપને પૂછું છું કે જે નિશ્ચિતપણે કલ્યાણકારી સાધન હોય તે મને કહો. કેમ કે, હું આપનો શિષ્ય છું, માટે તમારે શરણે આવેલ મને ઉપદેશ આપો.' અર્જુનના વિષાદને વળાંક આપતાં અનન્ય શરણાગતિના આ શબ્દો સાંભળીને જ કરુણાનિધિ ભગવાન 'ગીતા' ગુંજવવા મજબૂર થયા, અને તેનો આરંભ કર્યો ગીતાનો ગંભીર નાદ! ગીતારૂપી વિશાળ વટવૃક્ષના બીજ બનેલા આ શબ્દો અર્જુનરૂપી ભૂમિમાં પ્રક્ષિપ્ત-આરોપિત થયા, તેનું મુખ્ય કારણ હતું - અર્જુનરૂપી ભૂમિની શરણાગતિરૂપી ફળદ્રુપતા!

હા, અર્જુનને મોહ-માયામાંથી ઉગરવા માટે ભગવાન પાસેથી ઉપદેશ પામવાની-પચાવવાની પોતાની પૂરેપૂરી તત્પરતા-ફળદ્રુપતા શરણાગતિના સુરમાં રેલાવી, ત્યારે ભગવાને ગીતાજ્ઞાનનો શંખનાદ કર્યો. પરિણામે વિષાદી અર્જુન વિજયી નીવડીને રહ્યો! માયામય રણનદી તરી ગયો! આમ, શરણાગતિના પાઠ ભણાવતી 'ગીતા' એ વિષાદથી વિજય સુધી પહોંચાડવાનો એક અમર સંદેશ છે. કેમકે દરેક અધ્યાત્મ મુમુક્ષુ ભગવાનની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ હોય છે, પરંતુ ત્રિતાપનું બળ અને બીજા અનેક લૌકિક પરિબળો તેની આ યાત્રામાં વિઘ્ન કરે છે. ભગવાનની શરણાગતિ તેને નિર્ભય બનાવે છે.

આ જ વાત અહીં પંદરમાં અધ્યાયમાં ભગવાન કૃષ્ણ ફરી ઘૂંટાવી રહ્યા છે. એટલે જ મહંતસ્વામી મહારાજ કહે છે કે પરબ્રહ્મની શરણાગતિનું જેવું સરળ આધ્યાત્મિક સાધન બીજું નથી. ■



પ્રકરણ ૬૩

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

કારના કાચની બહાર પસાર થતાં દૃશ્યોની ગતિ ધીમી પડી ગઈ હતી. જગમોહનના વિચારોની વણઝાર પણ થંભી ગઈ.

‘શું થયું, જાદવ?’ એણે ડ્રાઇવરને પૂછ્યું.

‘આગળ કોઈ અકસ્માત થયો હોય એવું લાગે છે. હું જોઉં છું’ જાદવ બહાર નીકળવા જતો હતો ત્યાં એણે પાછળથી કોઈ અવાજ સાંભળ્યો:

‘ગાડી મોડ લો સાહેબ, આગે કિસીને આત્મહત્યા કી હૈ.!’

જગમોહન સ્તબ્ધ થઈ ગયો.

બે દિવસ પહેલાં આ જ રીતે રસ્તામાં કોઈએ આત્મહત્યા કરી હતી. જગમોહનને લાગ્યું હતું જાણે એને એની સમસ્યાનો ઉકેલ મળી ગયો હતો. એ વખતે એણે પોતે આપઘાત કરવાનો નિર્ણય લીધો હતો.

‘જાદવ, ગાડી ફેરવી લે... અને બીજો રસ્તો પકડી લે...’

ખુદ જગમોહને પણ હવે બીજો રસ્તો પકડી લીધો હતો. જિંદગી ફરી જીવવાનો રસ્તો.

રસ્તામાં જેણે આપઘાત કર્યો હતો એણે મૃત્યુનો રસ્તો પસંદ કર્યો હતો.દરેકના નસીબમાં ગાયત્રી લખાયેલી નથી હોતી. અણીને સમયે દરેકને મદદનો હાથ નથી મળતો,જે જગમોહનને મળ્યો હતો એટલે જ એણે બીજો રસ્તો પસંદ કરી લીધો હતો.

જોકે આ રસ્તાના અંતે નિયતિએ કેવી મંઝિલ નક્કી કરી રાખી છે એ તો કોઈને નહોતી ખબર...!

********************

‘તારું તો માથું ફરી ગયું છે... આ તું શું બકવાસ કરે છે એનું ભાન છે?’ રેવતીની વાત સાંભળીને જતીનકુમાર ખિજાઈ ગયા હતા.

‘આ વારંવાર આત્મસમ્માન, ગૌરવ જેવા ભારેખમ શબ્દોનો ઉપયોગ શા માટે કરે છે? કયા મહાત્માનું પ્રવચન સાંભળીને આવી છે?’

‘કોઈ મહાત્માને મેં સાંભળ્યા નથી, પણ મારી વાત માનો, ગાયત્રીની વાત સાચી છે...’ રેવતીથી અનાયાસ ગાયત્રીનું નામ બોલાઈ ગયું.

‘ઓહ, તો એમ વાત છે. મારા શ્વસુરજીની ગર્લફ્રેન્ડે તારા કાન ભંભેર્યા છે. એ છોકરી બહુ જ શાણી છે. એ દેખાય છે એટલી માસૂમ નથી...’ જતીનકુમારે મોઢું કટાણું કર્યું .

‘એવું નથી, એ બિચારીને આપણને કાઢીને શું મળવાનું છે? એ તો સાચી સલાહ આપે છે. એ તો એમ કહેતી હતી કે ઘણી વાર સ્વેચ્છાએ આપણે જગ્યાનો ત્યાગ કરીએ તો એ જગ્યા કાયમ માટે આપણી થઈ જાય...’

રેવતીએ લાગ્યું કે પતિદેવ જે ભાષા સમજે છે એ જ ભાષામાં એમને સમજાવવા જોઈએ.

‘ઓહ, ગાયત્રીએ એવું કહ્યું? વાહ, સલાહ તો સારી આપી છે. તારો બાપ પણ ઇચ્છતો નથી કે આપણે અહીં રહીએ... મને વારંવાર પૂછ્યા કરે છે કે હવે શું કરવાનો વિચાર છે?’ જતીનકુમાર વિચારમાં પડી ગયા હતા.

‘એટલે જ કહું છું. આપણી ઇજ્જત આપણા હાથમાં છે. આપણે અહીં નહીં રહીએ તો આપણું માન જળવાશે. મારા પપ્પા આપણા બારામાં વિચાર કરવા પ્રેરાશે અને બની શકે કોઈ રસ્તો પણ મળી જાય...’

‘હું... અ... પણ રેવતી, તને ખાતરી છે કે એ છોકરી આપણી સાથે કોઈ ચાલ નથી રમતી?’

‘ના... ના... એ બિચારીએ આપણા સારા માટે સલાહ આપી. મને એમ લાગે છે કે અહીં પડ્યાપાથર્યા રહેશું તો આપણે આપણું માન ગુમાવશું... અને સાથે બીજું ઘણું બધું પણ ગુમાવશું...’

‘હા, આમેય તારો બાપ અહીં ઝાઝા દિવસ રહેવા દે એવું લાગતું નથી. એ સામેથી જાકારો આપે એ પહેલાં આપણો રસ્તો કરી લઈએ એ વધુ યોગ્ય રહેશે, પણ એક વાત કહી દઉં છું રેવતી,તારો બાપ જો મારા વિશે નહીં વિચારે તો મને પણ ઘી કાઢવા માટે આંગળી કેટલી વાંકી કરવી પડે એ ખબર છે.’

‘એ બધું પછી વિચારશું... મને લાગે છે કે આપણે આજે જ મમ્મીને કહીને રવાના થઈ જઈએ...’

‘અરે... એમ આજે જ ભાગી ન જવાય. રાતના ડાઇનિંગ ટેબલ પર વિધિવત્ બધાંની વિદાય લઈને રવાના થશું... કંઈ ચોરી થોડી કરી છે?’

રેવતી સમસમી ગઈ. એનો આત્મા કહેતો હતો કે એ લોકોએ આજે જ નીકળી જવું જોઈએ...પણ ફરી એક વાર પતિદેવને ખુશ કરવા એણે એના આત્માના અવાજને ઘોંટી નાખ્યો.

***************

‘મિ. વિક્રમ દીવાન, હું ઇન્સ્પેક્ટર પ્રમાણિક બોલું છું...’

‘સાહેબ, હજી તો ગઈકાલે આપણી વાતચીત થઈ છે. મેં તમને કહ્યુંને કે એક-બે દિવસમાં પેકેટ તમારે ત્યાં પહોંચી જશે.’ ઇન્સ્પેક્ટર પ્રમાણિકનો ફોન એના પર આવે એ વિક્રમ દીવના ગમ્યું નહીં.

‘સાહેબ, તમે બહુ આધીરા છો. મેં પેકેટ માટે ફોન કર્યો જ નથી.અમારા ધંધામાં અમને લેવાની ન હોય એના કરતાં વધુ ઉતાવળ દેવાવાળાને હોય છે...’ ઇન્સ્પેક્ટરના અવાજમાં નારાજગી હતી.

‘ઓહ, એમ સોરી સાહેબ, બોલો, બોલો અચાનક શું કામ આવી પડ્યું?’ વિક્રમને બોલવામાં ઉતાવળ કરવા બદલ જાત પર ગુસ્સો ચડ્યો.

‘દીવાનસાબ, યાદ છે તમે એક દાઢીવાળા વિશે વાત કરતા હતા?’ સહેજ થોભીને એણે ઉમેર્યું :

‘ગઈકાલે એ શ્યામલી ચક્રવર્તીને મળવા આવ્યો હતો ... દોઢેક કલાકની અંદર એ બહાર નીકળી ગયો હતો. મારા માણસે એનો પીછો કર્યો હતો.’ ઇન્સ્પેક્ટર પ્રમાણિક જાણે સસ્પેન્સ વધારવા ધીમે ધીમે પાનાં ઊતરી રહ્યો હતો.

‘ઓહ! તમે તો બહુ ફાસ્ટ નીકળ્યા. વેરી ગુડ...’ વિક્રમ ખુશ થઈ ગયો.

ઇન્સ્પેક્ટર પ્રમાણિકનું મોઢું લાળથી ભરાઈ ગયું. ઘરાક માલનાં વખાણ કરે એટલે પૈસા તો વધુ જ આપશે.

‘સાહેબ, કંઈક ગરબડ છે. આ માણસે પહેલાં ટેક્સી પકડી. પાર્કસર્કસથી ચાંદની આવ્યો. ત્યાં એણે ટેક્સી છોડીને બીજી ટેક્સી પકડી. સિયાલદાહના મૌલાલી વિસ્તારમાં કોઈ ડિવાઈન ગેસ્ટ’ હાઉસ પાસે એ ઊતર્યો. ટેક્સીમાંથી ઊતરતી વખતે એણે આજુબાજુ જોઈ લીધું હતું. થોડી વાર ગેસ્ટ હાઉસની બહાર ઊભો રહ્યો પછી ગેસ્ટ હાઉસમાં દાખલ થયો હતો. કાઉન્ટર પર ઇન્કવાયરી કરતાં ખબર પડી કે છેલ્લા ચારેક દિવસથી એ અહીં રોકાયો છે. એણે એનું નામ અજીત ઉપાધ્યાય લખાવ્યું છે, જે ખોટું હોઈ શકે. એ ચાઈબાસાથી આવ્યો છે એવું એણે હોટલવાળાને કહ્યું છે.’

‘વેરી ગુડ... આઈ એમ ઇમ્પ્રેસ્ડ...’ વિક્રમ ખુશ થઈ ગય :

‘હવે ઇન્સ્પેક્ટર, એ ગેસ્ટ હાઉસનું સરનામું અને ફોન નંબર મને લખાવી દો... બાકીનું હું ફોડી લઈશ. હા, પણ તમારા માણસને કહેજો કે શ્યામલીને મળવા એ ફરીવાર આવે તો આપણને ઇન્ફોર્મ કરે...’

‘હા હા તમે નચિંત રહો, સાહેબ... તમે એડ્રેસ લખી લો...’

ઇન્સ્પેક્ટરે ગેસ્ટ હાઉસનું સરનામું વિક્રમને લખાવ્યું.

‘દીવાનસાબ , હવે બીજું એક સરનામું પણ લખી લો...’ ઇન્સ્પેક્ટરે કહ્યું.

‘બીજું સરનામું? કોનું?’ વિક્રમ સમજ્યો નહીં.

‘અરે ભાઈ, મારા ઘરનું... તમે પેકેટ થાણામાં મોકલાવીને આ કેશ ઇન્સ્પેક્ટર પ્રમાણિકને આપી દેશો એવું તો નહીં કહો...’

ઓહ...’ વિક્રમ સમસમી ગયો :

‘હા, હા, તમારા ઘરનું સરનામું પણ લખાવો...’

ઇન્સ્પેક્ટરના રહેઠાણની વિગતો લખ્યા બાદ વિક્રમે પૂછ્યું:

‘સાહેબ, તમારી અટક કોણે રાખી? બહુ પ્રભાવશાળી છે..!’

ઇન્સ્પેક્ટર સળગી ઊઠ્યો, પણ ઘરાક સાથે કોઈ દિવસી જીભાજોડીમાં ઊતરવું નહીં એ એનો નિયમ હતો.


‘સાહેબ, તમારી અટક પણ કેવી બઢિયા -મોભેદાર દી-વા..ન.. છે !બાકી, મારી અટક કોણે પાડી એ તો ખબર નથી... હા, જરૂર પડ્યે કોઈને પણ અટકમાં લઈ શકું ખરો..!.’

વિક્રમ દીવાનનું મોઢું પડી ગયું : આ ઇન્સ્પેક્ટરને છંછેડવા જેવો નથી.

‘ઠીક છે... ઠીક છે... તમારું પેકેટ આજે મળી જશે, ઇન્સ્પેક્ટર પ્રમાણિક...’ વિક્રમે ફોન કટ કર્યો.

*************

કુમાર ચિંતામાં પડી ગયો હતો. એ થોડો ગભરાઈ પણ ગયો હતો. આજનો દિવસ જ એવો ઊગ્યો છે કે બધું ઊંધું પડ્યા કરે છે.શ્યામલીએ એને તાબડતોબ ફ્લેટમાં બોલાવ્યો. મકાનના દ્વાર પાસે જ ઇન્સ્પેક્ટરે રોકીને ધમકાવ્યો. શ્યામલીએ ફ્લેટમાં એને ધધડાવવા માંડ્યો વિક્રમને ફસાવવા માટે પોલીસ સ્ટેશન ફોન કરવા માટે.




એ કુમારની ભૂલ હતી એવું એના મનમાં ઠસાવી દીધું પછી શ્યામલીએ ચુકાદો પણ આપી દીધો કે કુમાર, આ ભૂલ માટે તારે સજા ભોગવવી પડશે. !’

આટલું જાણે પૂરતું ન હોય તેમ એને લાગતું હતું કે શ્યામલીના ઘરેથી નીકળ્યા બાદ કોઈ એનો પીછો કરી રહ્યું છે....

શ્યામલીના ફ્લેટમાંથી નીકળ્યા બાદ એ હંમેશાં બે ટેક્સી બદલીને ગેસ્ટ હાઉસ પહોંચતો. ગઈ કાલે પણ એણે બે ટેક્સી જ બદલી હતી, છતાંય એને લાગતું હતું કે એક ટેક્સી એનો પીછો કરતી હતી.

હા, એ ગેસ્ટ હાઉસની સામે ઊતર્યો એ એની ભૂલ હતી. એણે થોડે દૂર ઊતરવું જોઈએ અને પછી ચાલીને ગેસ્ટ હાઉસ પર આવવું જોઈએ,પણ કુમાર એટલો ગભરાઈ ગયો હતો કે એ ભૂલ કરી બેઠો હતો. ગેસ્ટ હાઉસના ગેટ પાસે એ ઊભો રહ્યો પણ કોઈ નજરે ચડ્યું નહોતું,છતાંય એને ડર હતો કે કોઈ એના પર નજર રાખી રહ્યું છે. એના કપાળ પર પરસેવો ફરી વળ્યો હતો.

રૂમમાં આવ્યા બાદ કુમાર ક્યાંય સુધી પલંગ પર પડ્યો રહ્યો હતો. બધો વાંક શ્યામલીનો જ હતો. એણે એને ઘર પર બોલાવવો જ ન જોઈએ. એ મનોમન ધૂંધવાતો હતો.

ત્યાં જ હોટલના રૂમના દરવાજા પર ટકોરા પડ્યા. કુમાર ધ્રુજી ઊઠ્યો. એણે રિસેપ્શનમાં કડક સૂચના આપી રાખી હતી કે એ એક વાર રૂમમાં જાય પછી કોઈએ એને ડિસ્ટર્બ ન કરવો.

કોણ હશે?

એણે ઊભા થઈને બારણું ખોલ્યું. હોટલનો મેનેજર બહાર ઊભો હતો.

‘સોરી, ઉપાધ્યાય સાહેબ, તમને તકલીફ આપું છું પણ અગત્યની વાત હોવાને કારણે આવવું પડ્યું...’ કુમારે મેનેજરને અંદર આવવા કહ્યું. મેનેજરે રૂમમાં દાખલ થતાં કહ્યું :

‘સાહેબ, તમે કોઈ ગેરકાયદેસર કામ તો નથી કરતાંને? માફ કરજો, તમારા વિશે કોઈ ઇન્કવાયરી કરવા આવ્યું હતું એટલે પૂછવું પડે છે.’

‘કોણ ઇન્કવાયરી કરતું હતું?’ કુમારના મનમાં ધ્રાસકો પડ્યો. એની શંકા સાચી હતી.

‘પોલીસ...’ મેનેજરે ઠંડે કલેજે કહ્યું પછી ઉમેરતાં કહ્યું :

‘સાહેબ, અમારે ગેસ્ટ હાઉસની પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખવો પડે એટલે તમને ચેતવવા આવ્યો છું. તમે માણસ તો સીધા લાગો છો... પેલો પોલીસનો માણસ તમારા વિશે બધું પૂછતો હતોતમારું નામ, તમે ક્યાંથી આવ્યા છો વગેરે... વગેરે... મેં કારણ પૂછ્યું તો મને કહે કે તમારે કોઈને કહેવાની જરૂર નથી, પણ મને લાગ્યું કે તમે મારા કસ્ટમર છો એટલે મારે તમને ચેતવી દેવા જોઈએ...’

‘થેન્ક્યુ... સાહેબ... તમે ચિંતા કરતા નહીં. હું કોઈ ગેરકાયેદસર કામ કે પ્રવૃત્તિ નથી કરતો. ચાઈબાસાનો વેપારી છું. કોલકાતા માલ લેવા માટે અવારનવાર આવવું પડે છે. તમે મને ચેતવી દીધો એ બદલ આભાર, પણ તમારે કોઈ ચિંતા કરવી પડે એવી કોઈ વાત નથી.’

મેનેજરને સંતોષ થયો હોય એવું લાગ્યું નહીં, પણ એ હાથ મિલાવીને ચાલ્યો ગયો.

હવે?

કુમાર વિચારતો હતો. જો એ ગેસ્ટ હાઉસ છોડી દે તો બધાને શક પડે... અહીં નહીં તો શ્યામલીના ફ્લેટમાં જતાં - આવતાં આંતરી લે. એટલે ગેસ્ટ હાઉસ હાલના તબક્કે ન છોડાય..

કુમાર મૂંઝાઈ ગયો. એ જ પળે રૂમના ફોનની રિંગ વાગી. કુમારે ફોન ઊંચક્યો.

‘સર, તમારો ફોન ..’ એ જવાબ આપે એ પહેલાં જ ઓપરેટર લાઇન ટ્રાન્સફર કરી દીધી.

‘હેલ્લો, કોણ ?’ કુમારના અવાજમાં સ્પષ્ટ ગભરાટ વર્તાતો હતો.

સામે છેડેથી એક પુરુષનો ઘૂંટાયેલો સ્વર અફળાયો :

‘હું જાણું છું કે તમે શ્યામલી ચક્રવર્તીના પતિ છો.’ (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| બલ્લાળેશ્વર | મોરગાંવ |
| ચિંતામણી | ઓઝર |
| વિઘ્નેશ્વર | પાલી |
| મોરેશ્વર | રાંઝણગાંવ |
| મહાગણપતિ | થેઉર |

### ઓળખાણ પડી?

સાગ અને સીસમના લાકડાંમાંથી તૈયાર કરવામાં આવેલું અને ૨૫૦ વર્ષ પહેલા બંધાયેલું શ્રી ધૂંડીરાજ ગણપતિ મંદિર કયા શહેરમાં છે એ જણાવો.



અ) પુણે  બ) જયપુર  ક) ભોપાલ  ડ) વડોદરા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ્વ | યં | ૨ સં | ૩ ચા | ૪ લિ | ત | ■ | ૫ મા | હો | ૬ લ |
| ર | ■ | ૭ ગ | ળ | ફા | ■ | ૮ પ્ર | થા | ■ | ગ |
| ૯ કા | ય | મ | ■ | ૧૦ ફા | ળ | કા | ■ | ૧૧ આ | ભ |
| ર | ■ | ■ | ૧૨ ક | ■ | ■ | શ | ■ | ■ | ગ |
| ■ | ૧૪ મં | ૧૫ ત્ર | મુ | ગ્ધ | ■ | ૧૬ પું | ૧૭ ગ | વ | ■ |
| ૧૭-અ ર | ■ | ૧૭-બ સ્ત | ર | ■ | ૧૮ કા | જ | લ | ■ | ૧૮-અ મ |
| ૧૯ મ | સ્તી | ■ | ૨૦ તાં | બૂ | લ | ■ | ૨૧ કું | ૨૨ દ | ન |
| ણી | ■ | ૨૩ ચ | ■ | ■ | ૨૪ રા | ૨૪-અ ચ | ■ | ૨૫ સ | ભા |
| ૨૬ ય | ૨૭ મ | લ | ■ | ૨૮ બ | ત્રી | સ | ■ | ■ | વ |
| ૨૯ તા | ર | ણ | હા | ર | ■ | ૩૦ કા | નૂ | ન | ન |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | ૮ |
| | ■ | ૯ | | | ૧૦ | ■ | ૧૧ | | |
| ૧૨ | | | ■ | ■ | ૧૩ | | ■ | | ■ |
| | ■ | ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | ■ | ૧૭ |
| ■ | ૧૮ | | | | ■ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | | ■ | ■ | ૨૩ | |
| ૨૪ | | ■ | | ■ | ■ | ૨૫ | | | ■ |
| | ■ | ૨૬ | | ■ | ૨૭ | | ■ | ■ | ૨૮ |
| | ■ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | |
| ■ | ૩૧ | | | ■ | ૩૨ | | | ■ | ■ |

**આડી ચાવી**

૧. પહાડની ગુફા (૫)
૫. ઘટાઓથી ભરેલું (૪)
૯. મેલ ---- મોચીના મોચી (૪)
૧૧. જાદુ, શાસ્ત્ર, તજવીજ (૩)
૧૨. નાગની પત્ની (૩)
૧૩. ફેરફાર, રાજકીય ઊથલપાથલ (૨)
૧૪. રાત પૂરી થયે આવે (૩)
૧૮. અમૂલ્ય (૪)
૧૯. પૂજામાં જળ લેવા વપરાય (જો.છૂ.) (૪)
૨૧. સોગંદ (૨)
૨૨. ગુંચવણ, પાણીમાં થતું કુંડાળું (૩)
૨૩. વચ્ચે (૨)
૨૪. ---- માને તો મનાવો (૨)
૨૫. ચીવટભરી ખંત (૩)
૨૬. સ્ત્રીઓ (૨)
૨૯. આતતાયીનો --- થાય (૨)
૨૯. શિષ્ય, બાળક, વાછરડું (૨)
૩૦. સંતાન ન હોય એવી સ્ત્રી (૩)
૩૧. આરાધવા યોગ્ય (૩)
૩૨. લાલસા, લાડ, લાલન (૩)

**ઊભી ચાવી**

૧. ગુજરાતનો જાણીતો પર્વત (૪)
૨. બંગડી (૩)
૩. ભાવ (૨)
૪. ફરિયાદ (૨)
૬. કંઠલંગોટ (૨)
૭. મુલ્ક, પ્રદેશ (૩)
૮. મોતના દેવ (૨)
૧૦. ઝઘડો, બોલાચાલી (૩)
૧૪. સરખેસરખું (૫)
૧૫. પ્રિયતમ (૩)
૧૬. દર્પણ (૨)
૧૭. સાથમાં, સમીપે (૩)
૧૮. શાંતિ, સુખચેન, આરામ (૩)
૨૦. ઝિદ (૩)
૨૧. સમર્પણ કરેલું (૪)
૨૫. ખભો (૨)
૨૬. બૈજુ ---- (૩)
૨૭. પ્રેમાળ, માયાળુ, સ્નેહાળ (૩)
૨૮. ગુજરાતીઓને ---- પાણીમાં રસ હોય (૨)
૩૦. ગુનો, દોષ (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગણેશજીની આરતીમાં ખૂટતો શબ્દ જણાવો.

સુખકર્તા દુઃખહર્તા વાર્તા વિઘ્નાચી, નૂર્વી પૂર્વી પ્રેમ કૃપા જયાચી, સર્વાંગી સુંદર -------- શેંદુરાચી

અ) કર્તા  બ) ઉટી
ક) મૂર્તિ  ડ) કંઠે

### માતૃભાષાની મહેક

દશભુજ ગણેશનું વાહન સિંહ, ષડ્ભુજ ગણેશનું મયૂર, ચાર ભુજ ગણેશનું ઉંદર અને બે ભુજ ગણેશનું અશ્વ કહેવાય છે. એમના ચાર હાથમાં અનુક્રમે શંખ, ચક્ર, ગદા અને પદ્મ તેઓ ધારણ કરે છે. એમના વિશે ગણેશ પુરાણ અને મુદ્ગલ પુરાણ એવા સ્વતંત્ર ગ્રંથ છે. ત્રણે ગુણના સ્વામી હોવાથી એમને ગણેશ પણ કહે છે.

### સુડોકુ-૬૦૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | ૯ | | | | ૭ | ૩ |
| ૧ | | | ૩ | | | | | ૯ |
| | | | ૫ | | | | | ૪ |
| ૪ | ૮ | | | | | | | ૭ |
| | ૧ | ૯ | ૬ | | ૩ | ૪ | ૮ | |
| ૫ | | | | | | | ૨ | ૬ |
| ૬ | | | | | ૯ | | | |
| ૩ | | | | | ૫ | | | ૧ |
| ૯ | ૫ | | | | ૮ | ૩ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૮ | ૪ | ૫ | ૩ | ૯ | ૭ | ૨ |
| ૨ | ૯ | ૭ | ૧ | ૬ | ૮ | ૪ | ૫ | ૩ |
| ૪ | ૫ | ૩ | ૯ | ૭ | ૨ | ૬ | ૧ | ૮ |
| ૫ | ૪ | ૬ | ૮ | ૧ | ૯ | ૩ | ૨ | ૭ |
| ૯ | ૩ | ૧ | ૭ | ૨ | ૫ | ૮ | ૪ | ૬ |
| ૮ | ૭ | ૨ | ૬ | ૩ | ૪ | ૫ | ૯ | ૧ |
| ૭ | ૧ | ૪ | ૩ | ૯ | ૬ | ૨ | ૮ | ૫ |
| ૬ | ૨ | ૯ | ૫ | ૮ | ૭ | ૧ | ૩ | ૪ |
| ૩ | ૮ | ૫ | ૨ | ૪ | ૧ | ૭ | ૬ | ૯ |

### ઈર્શાદ

જયદેવ જયદેવ જય મંગલમૂર્તિ,
દર્શનમાત્રે મનકામના પુરતી.
--- આરતી

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘શિવજીએ હળાહળનું પાન કર્યું હોવાથી નીલકંઠ કહેવાયા’માં હળાહળ શબ્દનો અર્થ જણાવો.

અ) હળવાશ  બ) હળદર  ક) વિષ  ડ) સામર્થ્ય

### માઈન્ડ ગેમ

આપણા દેશમાં ચાર ગણેશ મંદિર સ્વયંભૂ હોવાની માન્યતા છે. એમાંથી એક મંદિરમાં ગણેશજી ત્રિનેત્ર સ્વરૂપમાં બિરાજે છે. આ મંદિર ક્યાં આવ્યું છે?

અ) રણથંભોર  બ) શ્રીનગર
ક) ઉજ્જૈન  ડ) તિરુચિરાપલ્લી

### ગયા સોમવારના જવાબ

**ભાષા વૈભવ**

| | |
|---|---|
| બનારસ | કાશી વિશ્વનાથ મંદિર |
| બ્રહ્મપુર | તારા તારિણી મંદિર |
| નાશિક | ત્ર્યંબકેશ્વર મંદિર |
| છપરા | મહર્ષિ દધીચિ મંદિર |
| કાંચીપુરમ | વરદરાજા પેરુમલ મંદિર |

**ઓળખાણ પડી?**
સિદ્ધિ વિનાયક મંદિર

**માઈન્ડ ગેમ**
પુણે

**ગુજરાત મોરી મોરી રે**
દયાવંત

**ચતુર આપો જવાબ**
અર્થ જણાવો
ઈચ્છા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ, (૨) નીતા દેસાઈ (૩) મૂળરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) સુરેખા દેસાઈ (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજીતા ખોના (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતી ખાંડવાલા (૧૭) નિખીલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) અશોક સંઘવી (૨૩) મહેન્દ્ર લોઢાયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) જગદીશ ઠક્કર (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) હર્ષા મહેતા (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જ્યોતી ગાંધી (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) અરવિંદ કામદાર (૩૮) પુષ્પા ખોના (૩૯) કલ્પના આશર (૪૦) નિતીન જે. બજરીયા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) તાહેર ઔરંગાબાદવાલા

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

દક્ષિણ મુંબઈમાં રોડ રેજ

# મહિલા પર હેલ્મેટથી હુમલો કરનારા બાઇકસવારને ટોળાએ ઢીબેડી નાખ્યો

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં બનેલી રોડ રેજની ઘટનામાં મહિલાને ધક્કો માર્યા બાદ તેના પર હેલ્મેટથી હુમલો કરનારા બાઇકસવારને ટોળાએ ઢીબેડી નાખ્યો હતો.

શનિવારે રાતે બનેલી આ ઘટના બાદ પોલીસે બાઇકસવાર શાહીન આલમ શેખ (૩૩)ની ધરપકડ કરી હતી અને બાદમાં નોટિસ આપીને તેને છોડી દીધો હતો.

પોલીસના જણાવ્યા મુજબ જે. જે. ફ્લાયઓવર નીચે નિઝાન સ્ટ્રીટ ખાતે મહિલા ટેક્સીની રાહ જોઇ રહી હતી ત્યારે બાઇકસવારે તેના પગને ટક્કર મારી હતી.

મહિલાએ બાઇકસવારને રોક્યા બાદ તેને વઢતાં તેણે મહિલાને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું અને બાદમાં તેને ધક્કો મારીને હેલ્મેટથી હુમલો કર્યો હતો. દરમિયાન આ ઘટના બાદ લોકો ત્યાં એકઠા થઇ ગયા હતા અને તેમણે બાઇકસવાર શેખને ઢીબેડી નાખ્યો હતો. શેખે પોતે પોલીસદળમાં હોવાનો દાવો કરી ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ ત્યાં આવી પહોંચી હતી અને ટોળાની ચૂંગાલમાંથી શેખને બચાવ્યા બાદ તેને નજીકની હોસ્પિટલમાં લઇ જવાયો હતો. ટોળાએ શેખની બાઇકને પણ નુકસાન પહોંચાડ્યું હતું.

મહિલાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે શેખ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# ગયેલી સત્તા ફરી પાછી લાવીશુંઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીની તૈયારીમાં ઉદ્ધવ ઠાકરે પૂરી રીતે જોતરાઇ ગયા છે અને એ માટે જ તે મહારાષ્ટ્રના જુદા જુદા જિલ્લાઓની મુલાકાતે છે. શિર્ડી અને સંભાજીનગરની મુલાકાત લઇ રહેલા ઉદ્ધવ ઠાકરેએ પોતે ફરી પાછા સત્તામાં આવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને છીનવાઇ ગયેલી સત્તા ફરી પાછી હાંસલ કરવામાં આવશે, એમ કહ્યું હતું.

જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવામાં આવે એ માટે યોજવમાં આવેલા અધિવેશનમાં હાજર રહેલા ઉદ્ધવ ઠાકરેએ મહાયુતિની સરકાર પર હલ્લાબોલ કર્યો હતો અને લોકોને સંબોધતા કહ્યું હતું કે અમારી ગયેલી સત્તા પાછી આવશે, અમારી સત્તા ફરી અસ્તિત્વમાં આવશે.

તેમણે જૂની પેન્શન યોજના વિશે વાત કરતા કહ્યું હતું કે મને સત્તામાં આવવાની ચિંતા નથી. મને તમારા જીવનની ચિંતા છે. સત્તા આવે છે અને સત્તા જાય છે. ગયેલી સત્તા પણ પાછી આવશે. અમે ફરીતી સત્તા પાછી ખેંચી લાવીશું અને લોકોને ન્યાય આપવાનો પ્રયત્ન કરીશું. ■

### ફરી કરી લાડકી બહેન યોજનાની ટીકા

વિરોધ પક્ષના નિશાન પર રહેલી મુખ્ય પ્રધાન લાડકી બહેન યોજનાની ટીકા કરતા ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણી આવી ત્યાં સુધી તેમને લાડકી બહેનોની યાદ ન આવી. આવતા બે મહિનામાં ચૂંટણી આવશે અને હું તમને વચન આપું છું કે જો અમારી સરકાર આવી તો અમે જૂની પેન્શન યોજના અમે લાગુ કરીશું. ■

# ગણેશોત્સવ દરમિયાન સાંભળવાની સમસ્યામાં ૪૦ ટકાનો વધારો!

મુંબઈઃ બાળકોથી લઈને પુખ્ત વયના તમામ વય જૂથના નાગરિકોમાં સાંભળવાની અને શ્વાસ લેવામાં તકલીફ વધી છે. ગણેશોત્સવ દરમિયાન કાન ફાડી નાખે તેવા અવાજને કારણે, આગમન સમારોહ, વિસર્જન સમારોહ અને શોભાયાત્રા દરમિયાન ફટાકડા ફોડવાને કારણે સાંભળવાની તકલીફો વધી રહી છે અને શ્વાસની તકલીફ વધી રહી છે.

નિષ્ણાતોના મતે, આવી સમસ્યાઓથી પીડિત હૉસ્પિટલની મુલાકાત લેતા આઠ દર્દીઓમાંથી ચાર વરિષ્ઠ નાગરિકો, બે પુખ્ત વયના અને બે યુવાનો છે. તેવી જ રીતે, ફટાકડામાંથી છોડવામાં આવતા રસાયણોને શ્વાસમાં લેવાથી લોકોમાં શ્વાસનળીનો સોજો અને અસ્થમા જેવી શ્વસન સમસ્યાઓ થઈ શકે છે. તહેવાર દરમિયાન મોટા અવાજને કારણે સાંભળવામાં તકલીફ ઊભી થાય છે. આનાથી સાંભળવામાં, શબ્દોનો ખોટો અર્થ કાઢવામાં અથવા મોટેથી ગીતો અને વીડિયોનો આનંદ માણવામાં બાધા જેવી સમસ્યાઓ થઈ શકે છે. કાનની અંદરની કોશિકાઓને નુકસાન થવાથી સાંભળવાની કામચલાઉ અથવા કાયમી ખામી થઈ શકે છે. કેટલાક લોકો કાનમાં સતત રિંગિંગ, બઝિંગ અથવા સિસોટીના અવાજો અનુભવે છે જેને ટિનીટસ તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય રીતે, ૮૦ ડેસિબલ સુધીનો અવાજ સહન થઇ શકે છે, પરંતુ ૧૦૦ થી ૧૨૦ ડેસિબલનો અવાજ કાનને નુકસાન પહોંચાડી શકે છે. અલબત્ત, ઘોંઘાટ ખુલ્લા મેદાનમાં છે કે સાંકડી ગલીમાં છે, અને અવાજ કેટલા સમય સુધી સહન કરવો પડે છે, તેના આધારે સાંભળવા પર કેટલી અસર થાય છે, તેનો વિચાર કરવો પડે ડૉ. તેમ જે.જે. હૉસ્પિટલના કાન-નાક-ગળા વિભાગના વડા ડૉ.શ્રીનિવાસ ચવ્હાણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે બંધ રૂમમાં ૮૦ ડેસિબલ પણ સાંભળવા પર અસર કરી શકે છે. ડૉ. ચવ્હાણે જણાવ્યું હતું કે, ગણેશ મંડળોએ ડીજે વગાડતી વખતે યોગ્ય કાળજી લેવી જોઈએ અને ઓછામાં ઓછા સ્પીકરો ઊંચા મૂકવામાં આવે તો લોકોને તેનાથી ઓછી પરેશાની થશે. તેમણે એમ પણ કહ્યું કે ભારે ઘોંઘાટભર્યા અવાજની સાંભળવા પર ચોક્કસ અસર થાય છે. ■

# રિડેવલપમેન્ટમાં સામાન્ય લોકોના ફ્લેટ હજુ ડેવલપર્સ પાસે છે?: સુપ્રીમ કોર્ટનો રિપોર્ટ રજૂ કરવાનો આદેશ

મુંબઈઃ મહારાષ્ટ્ર હાઉસિંગ ઍન્ડ ઍરિયા ડેવલપમેન્ટ ઑથોરિટી (મ્હાડા)ને જૂની ઈમારતોના રિડેવલપમેન્ટમાં ડેવલપર્સ પાસેથી અપેક્ષા મુજબ ફ્લેટ હજુ સુધી મળ્યા નથી. આ કિસ્સામાં, સુપ્રીમ કોર્ટે ડેવલપર્સને ૧ લી જુલાઈ ૨૦૨૪ સુધીમાં મ્હાડાને એફિડેવિટ દ્વારા ફ્લેટ (એરિયા) સોંપવા અંગેનો સ્ટેટસ રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત કોર્ટે ડેવલપર્સ પાસેથી ફ્લેટ સ્વીકારવા જરૂરી હોવા છતાં કયા નિયમો દ્વારા રકમ સ્વીકારવામાં આવી તેની પણ માહિતી માગી છે.

દક્ષિણ મુંબઈમાં મ્હાડાની ઘણી ઇમારતો છે અને આ ઇમારતોનો પુનઃવિકાસ વિકાસ નિયંત્રણ નિયમોના ૩૩(૭)ની જોગવાઈઓ હેઠળ કરવામાં આવે છે. આ માટે, મ્હાડાના અધિકારક્ષેત્ર હેઠળના મુંબઈ મકાન અને સમારકામ બોર્ડ દ્વારા નો-ઓબ્જેક્શન પ્રમાણપત્ર આપવામાં આવે છે. ના-વાંધા પ્રમાણપત્રમાં મૂળ બિલ્ડિંગના ભાગને બાદ કરતા બાકીના પ્લોટ પર વધારાના ફ્લેટ બાંધીને મ્હાડાને સોંપવાની મુખ્ય શરત છે, પરંતુ ૧૯૯૧ થી ૨૦૧૪ સુધી, મ્હાડાએ ૩૭૯ પ્રોજેક્ટ્સમાં લગભગ ૧ લાખ ૩૭ હજાર ચોરસ મીટરના ક્ષેત્રફળવાળા ફ્લેટનો કબજો લીધો નહોતો તે સામાજિક કાર્યકર્તા કમલાકર શેનોય દ્વારા હાઇ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીને કારણે પ્રકાશમાં આવ્યું હતું. આ અરજી પર નિર્ણય આપતી વખતે તત્કાલીન જજ કે. સત્યરંજન ધર્માધિકારી અને જસ્ટિસ. સંદીપ શિંદેએ આર્થિક અપરાધ વિભાગને આમાં સામેલ ડેવલપર્સ તેમ જ મ્હાડાના અધિકારીઓ સામે કેસ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. ■

# ધુળેમાં કાર સાથે પિકઅપ વૅન અથડાતાં બે મહિલા સહિત પાંચનાં મોત

મુંબઈઃ ધુળે જિલ્લામાં કાર સાથે પિકઅપ વૅન અથડાતાં બે મહિલા અને ૧૩ વર્ષની કિશોરી સહિત પાંચ જણનાં મોત થયાં હતાં, જ્યારે ચાર જણને ઇજા પહોંચી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ધુળે જિલ્લાના શિંદખેડા તાલુકામાં હાઇવે પર હોલ ગામ નજીક શનિવારે મોડી રાતના આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા પાંચેય જણની ઓળખ જયેશ બોરસે (૨૨), મંગલાબાઇ લોટન દેસલે (૪૯), મયૂરી પિતાંબર ખૈરનાર (પરદેશી) (૨૮), વિશાખા અપ્પા મહાજન (૧૩) અને સુનીલ કોળી (૩૦) તરીકે થઇ હતી. પાંચેય જણ શિંદખેડાના રહેવાસી હતા અને તેઓ કિર્તન માટે બીજા ગામમાં ગયા હતા. ત્યાંથી પાછા ફરતી વખતે તેમને અકસ્માત નડ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ઇકો કાર શિંદખેડા તરફ જઇ રહી હતી, જ્યારે પિકઅપ વૅન વિરુદ્ધ દિશાથી આવી રહી હતી. પિકઅપ વૅન પુરપાટ વેગે હંકારી રહેલા ડ્રાઇવરે હોલ ગામ નજીક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને તે કાર સાથે ભટકાઇ હતી. અકસ્માતમાં બંને વાહનના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને કારમાં હાજર ત્રણ જણનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા અન્ય બે જણને સરકારી હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનાં મોત થયાં હતાં.

અકસ્માતમાં પિકઅપ વૅનના ડ્રાઇવર સચિન ચૌધરી સહિત ચાર જણ ઘાયલ થયા હતા અને તેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. કારના ડ્રાઇવર જયેશ બોરસેના સંબંધીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે સચિન ચૌધરી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

દરમિયાન પુણેના છત્રપતિ સંભાજીનગર ખાતે પણ શુક્રવારે રાતે થયેલા અકસ્માતમાં ચાર લોકોએ જીવ ગુમાવ્યા હતા. મૂળ અમરાવતીના અને પુણેમાં સ્થાયી થયેલા એન્જિનિયર અજય દેસરકરની પત્ની મૃણાલીએ ૧૦ વર્ષ બાદ પુત્રને જન્મ આપ્યો હતો. આથી જન્મની ઉજવણીનું અમરાવતીમાં આયોજન કરાયું હતું. ત્યાંથી પાછા ફરતી વખતે તેમની કારને સ્કોર્પિયોએ ટક્કર મારી હતી, જેમાં મૃણાલી, તેનો પુત્ર અમોઘ, મૃણાલીની માતા આશાલતા પોપળઘટ અને બહેન શુભાંગીનીની પુત્રી મૃત્યુ પામ્યા હતાં. ■

# રાહુલ ગાંધી બંધારણ વિરોધી માનસિકતા ધરાવે છેઃ ઉપરાષ્ટ્રપતિ

મુંબઈઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના 'અનામત સમાપ્ત કરવા' પરની તેમની ટિપ્પણીને લઈને આકરી ટીકા કરતાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રવિવારે કહ્યું હતું કે બંધારણીય પદ ધરાવતા વ્યક્તિ દ્વારા આવી ટિપ્પણીઓ તેમની 'બંધારણ વિરોધી માનસિકતા' દર્શાવે છે.

મુંબઈમાં એક જાહેર કાર્યક્રમને સંબોધતા ધનખડે એમ પણ કહ્યું હતું કે ભારતના બંધારણ વિશે જાગૃતિની ખૂબ જ જરૂર છે કારણ કે કેટલાક લોકો તેના આત્માને ભૂલી ગયા છે.

વિદેશની ધરતી પર બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ કહે છે કે આરક્ષણ સમાપ્ત થવું જોઈએ તે જ બંધારણ વિરોધી માનસિકતા દર્શાવે છે. આરક્ષણ સામે પૂર્વગ્રહોનો ડંડો ચલાવવામાં આવ્યો છે. એ જ જૂની બંધારણ વિરોધી માનસિકતા સ્પષ્ટ થાય છે, એમ તેમણે કહ્યું હતું. નામત મેરિટના વિરુદ્ધ નથી, પરંતુ તે દેશ અને બંધારણનો આત્મા છે. તે સકારાત્મક ક્રિયા છે, નકારાત્મક નથી. તે કોઈને તકથી વંચિત રાખવા માટે નથી, પરંતુ જેઓ સમાજની શક્તિના સ્તંભો છે તેમનો હાથ પકડવા માટે છે, એમ ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું. અમેરિકાની તાજેતરની મુલાકાત દરમિયાન લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે કોંગ્રેસ જ્યારે 'ભારતમાં એકસમાન ન્યાયી સ્થિતિ આવશે' ત્યારે આરક્ષણને રદ કરવાનું વિચારશે.

જો કે, બાદમાં તેમણે એવું નિવેદન કર્યું હતું કે તેઓ આરક્ષણની વિરુદ્ધ છે તે દર્શાવવા માટે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે હું વારંવાર અને ફરીથી કહી રહ્યો છું, અમે આરક્ષણને ૫૦ ટકાથી વધુ વધારવા જઈ રહ્યા છીએ. (પીટીઆઈ)■

# ભાયખલામાં જુગારના અડ્ડા પર પોલીસની રેઈડઃ ૩૪ જણ પકડાયા

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ભાયખલા વિસ્તારમાં જુગારના અડ્ડા પર રેઇડ પાડી ૩૪ લોકોને પકડી પાડ્યા હતા અને ૧૪ લાખની રોકડ તથા અન્ય મતા જપ્ત કરી હતી. ભાયખલામાં ઘોડપદેવ સ્થિત ડી.પી. વાડી ખાતે અમુક લોકો જુગારનો અડ્ડો ચલાવી રહ્યા હોવાની માહિતી ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓને મળી હતી. આથી પોલીસની ટીમે શનિવારે મોડી રાતે ત્યાંના ગોદામમાં રેઇડ પાડી હતી. ઉપરોક્ત રૂમમાં ચાર જણ ભાગીદારીમાં જુગારની ક્લબ ચલાવી રહ્યા હતા. એ ચારેય જણ સહિત ૩૪ લોકોને તાબામાં લીધા હતા. પોલીસે રૂમમાંથી ૧૪.૬૧ લાખની રોકડ સહિત અન્ય મતા જપ્ત કરી હતી. ■

## સ્પોર્ટ્સ

# ભારતીય બોલર્સને બોજ-મુક્ત કરવા નવા બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલની ફાયદારૂપ યોજના

### ભૂતપૂર્વ ફાસ્ટ બોલરનું માનવું છે કે ખેલાડી માનસિક હળવાશ વચ્ચે વધુ સારું પર્ફોર્મ કરી શકે

ચેન્નઈઃ નવેમ્બર ૨૦૨૩માં વન-ડેનો વર્લ્ડ કપ રમાઈ ગયો અને જૂન, ૨૦૨૪માં ટી-૨૦નો વિશ્વ કપ રમાયો. હવે ભારતીય ક્રિકેટર્સનો સૌથી મોટો ધ્યેય ટેસ્ટનો વર્લ્ડ કપ એટલે કે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી) જીતવાનો છે. ૨૦૨૧માં અને ૨૦૨૩માં ફાઇનલમાં પહોંચ્યા પછી ભારત ડબ્લ્યૂટીસીની ટ્રોફી નહોતું જીતી શક્યું એટલે આ વખતે રોહિત શર્મા તેમ જ ટીમ-મૅનેજમેન્ટના બીજા સભ્યો ટેસ્ટના પણ ચૅમ્પિયન બનવા કોઈ જ કસર બાકી નથી છોડવા માગતા. નવા બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલે ભારતીય બોલર્સને બોજ-મુક્ત કરવા માટે ખાસ યોજના વિચારી રાખી છે.

હેડ-કોચ ગૌતમ ગંભીરની ફરમાઇશથી સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર મૉર્ની મૉર્કલને પારસ મ્હામ્બ્રેના સ્થાને ટીમ ઇન્ડિયાનો બોલિંગ-કોચ બનાવવામાં આવ્યો છે. મૉર્કલે રવિવારે બીસીસીઆઇની ટીવી ચૅનલને કહ્યું કે 'હું ભારત આવવા માટે પ્લેનમાં બેઠો ત્યારે મને વિચાર આવ્યો કે નસીબજોગે ભારતીય ટીમમાં કેટલા બધા સારા સિનિયર ખેલાડીઓ છે. તેઓ પોતપોતાની રીતે જવાબદારી ઉપાડશે અને અમારું (કોચિંગ-સ્ટાફનું) કામ તેમને સપોર્ટ આપવાનું છે. હું તેમને બની શકે



મૉર્ની મૉર્કલ (બીસીસીઆઈ)

એટલી શ્રેષ્ઠ સલાહ આપીશ.'

ગુરુવાર, ૧૯મી સપ્ટેમ્બરે ચેન્નઈમાં બાંગ્લાદેશ સામે શરૂ થનારી પ્રથમ ટેસ્ટ માટેની ભારતીય ટીમના પેસ બોલર્સમાં જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, યશ દયાલ, આકાશ દીપ તેમ જ સ્પિનર આર. અશ્વિન, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ અને કુલદીપ યાદવનો સમાવેશ છે.

આઇપીએલમાં કોચિંગ આપવાનો બહોળો અનુભવ ધરાવતા મહાન ઝડપી બોલર મૉર્ની મૉર્કલે પત્રકારોને કહ્યું, 'ભારતીય ખેલાડીઓ પર આશા-અપેક્ષાનો પ્રચંડ બોજ છે અને એ દબાણમાં તેમને માનસિક રાહતનો અનુભવ કરાવવાનો મારો અભિગમ રહેશે. હું આ ખેલાડીઓ સામે ઘણું રમ્યો છું અને આઇપીએલમાં પણ તેમની સાથે કામ કરી ચૂક્યો છું. હવે હું તેમની છાવણીમાં છું એટલે તેમની સાથે ગાઢ દોસ્તી બનાવવામાં તેમ જ કોચ-પ્લેયર વચ્ચેના સારા સંબંધો બનાવવા પર ધ્યાન આપીશ.'

મૉર્ની મૉકલે એવું પણ કહ્યું કે 'હું ભારતીય બોલર્સની નબળી અને સબળી બાજુઓને ધ્યાનમાં રાખીને યોજના બનાવીશ અને અમે ભેગા થઈને આવનારી સિરીઝ જીતવાના ધ્યેયના બીજ રોપીશું. આ સંબંધમાં મને ભારતીય ખેલાડીઓનો શરૂઆતથી જ સારો સપોર્ટ મળી રહ્યો છે. હું તેમના પ્રોફેશનલ અપ્રોચથી ખૂબ પ્રભાવિત થયો છું. ખેલાડીઓમાં કૌશલ્ય હોય, પણ એને ખરાબ પરિસ્થિતિમાં અને અપેક્ષાના દબાણ વચ્ચે કેવી રીતે કારગત બનાવવું એ લક્ષ્યને ધ્યાનમાં રાખીને અમે આગળ વધીશું. ખેલાડીને જ્યારે એવી માનસિક રાહત થાય અને તેમને પોતાનું મહત્ત્વ બરાબર સમજાય ત્યારે તેમનામાંથી વધુ સારો પર્ફોર્મન્સ બહાર આવતો હોય છે.' ■

# ડાયમંડ લીગમાં નીરજ ચોપડાને કેમ સિલ્વર મેડલ ન અપાયો?

### ભારતીય સુપરસ્ટાર ઍથ્લીટને ઈનામમાં ૧૦ લાખ રૂપિયા મળ્યા

બ્રસેલ્સઃ ભારતનો સુપરસ્ટાર ઍથ્લીટ નીરજ ચોપડા શનિવારે અહીં ડાયમંડ લીગ સ્પર્ધામાં ભાલાફેંકની ફાઇનલમાં બીજા નંબરે રહ્યો હોવાથી રનર-અપ ઘોષિત થયો હતો, પરંતુ તેને સિલ્વર મેડલ નહોતો આપવામાં આવ્યો. એ જ રીતે, આ સ્પર્ધામાં ગ્રેનાડાનો ઍન્ડરસન પીટર્સ પહેલા સ્થાને આવતાં ચૅમ્પિયન ઘોષિત થયો હતો, પરંતુ તેને ગોલ્ડ મેડલ નહોતો આપવામાં આવ્યો.




વાત એવી છે કે નીરજ બીજા નંબરે આવતાં શનિવાર રાતથી જ તેને સોશિયલ મીડિયામાં સિલ્વર મેડલ જીતવા બદલ અભિનંદન મળવા લાગ્યા હતા. જોકે તેને આયોજકો તરફથી કોઈ જ મેડલ નહોતો અપાયો. ન તો ઍન્ડરસનને ગોલ્ડ મેડલથી નવાજવામાં આવ્યો હતો. ઑલિમ્પિક્સ સહિત અનેક સ્પર્ધાઓમાં ટોચના ત્રણ વિજેતાઓને અનુક્રમે ગોલ્ડ, સિલ્વર, બ્રૉન્ઝ મેડલ આપવામાં આવે છે, પરંતુ ડાયમંડ લીગમાં મેડલ આપવાની પ્રથા નથી. આ લીગમાં આયોજકો મેડલ આપવાને બદલે ટોચના આઠ ઍથ્લીટને તેમના પર્ફોર્મન્સને આધારે પૉઇન્ટ્સ અને રોકડ ઇનામ આપે છે.

નીરજ દોઢ મહિના પહેલાં પૅરિસ ઑલિમ્પિક્સમાં સિલ્વર મેડલ જીત્યા પછી બ્રસેલ્સમાં ડાયમંડ લીગમાં ડાબા હાથના ફ્રૅક્ચર છતાં રનર-અપ બનવામાં સફળ રહ્યો હતો. ખરેખર તો તે ફક્ત એક સેન્ટિમીટર માટે સર્વોત્તમ ક્રમથી દૂર રહી ગયો હતો. નીરજે ભાલો ૮૭.૮૬ મીટર દૂર ફેંક્યો હતો. ઍન્ડરસને ભાલો ૮૭.૮૭ મીટર દૂર ફેંક્યો હતો અને આ સ્પર્ધામાં વિજેતા ઘોષિત થયો હતો. જર્મનીનો જુલિયન વેબર (૮૫.૯૭ મીટર) ત્રીજા સ્થાને રહ્યો હતો.

નીરજને રનર-અપ બનવા બદલ ૧૨,૦૦૦ ડૉલર (અંદાજે ૧૦ લાખ રૂપિયા)નું બીજું રોકડ ઈનામ મળ્યું છે. ઍન્ડરસનને પ્રથમ નંબર પર રહીને ચૅમ્પિયન બનવા બદલ ૩૦,૦૦૦ ડૉલર (અંદાજે પચીસ લાખ રૂપિયા) મળ્યા છે. ■

# મેસીએ માયામીમાં સાડાત્રણ મહિના પછીના કમબૅકમાં કમાલ કરી નાખી!

ફોર્ટ લૉડરડેલ (અમેરિકા): તાજેતરમાં જ સોશિયલ મીડિયાના તમામ પ્લૅટફૉર્મ્સ મળીને કુલ એક અબજ (૧૦૦ કરોડ) ફૉલોઅર્સનો આંકડો નોંધાવનાર પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ઘણા સમયથી ન્યૂઝમાં રહ્યો છે અને તેનો કટ્ટર હરીફ આર્જેન્ટિનાનો



લિયોનેલ મેસી ખાસ કંઈ ચર્ચામાં નથી રહ્યો, પરંતુ શનિવારે મેસીએ ઇન્ટર માયામીની ટીમમાં સાડાત્રણ મહિને કમબૅક કર્યું અને ધમાકેદાર પર્ફોર્મ કરીને પાછો કરોડો ફૂટબૉલ ચાહકોના દિલોદિમાગ પર છવાઈ ગયો છે.

મેસીએ અહીં મેજર લીગ સૉકર (એમએલએસ)ની એક મૅચમાં બે ગોલ કરીને ઇન્ટર માયામીને રોમાંચક વિજય અપાવ્યો હતો. ફિલાડેલ્ફિયા યુનિયન સામેની મૅચ માયામીએ ૩-૧થી જીતી લીધી હતી. મેસીએ બે ગોલ કરવા ઉપરાંત ત્રીજો ગોલ કરવામાં મદદ પણ કરી હતી. વિશ્વના સર્વશ્રેષ્ઠ ફૂટબોલરનો અવૉર્ડ વિક્રમજનક આઠ વાર જીતી લેનાર મેસી ૨૦૨૬ વર્લ્ડ કપના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં આર્જેન્ટિના વતી રમવા ઉપરાંત જમણા પગની ઘૂંટીની ઈજાને કારણે ઇન્ટર માયામી વતી પહેલી જૂન પછી નહોતો રમી શક્યો.

મેસીની ગેરહાજરીમાં ઇન્ટર માયામીની ટીમે એમએલએસમાં પ્લે-ઑફમાં સ્થાન મેળવ્યું. ■

# ભારતીય કાર રેસ ડ્રાઈવરને લીધે અકસ્માત

બાકુ (અઝરબૈજાન): ભારતનો રેસિંગ કાર-ડ્રાઇવર કુશ મૈની રવિવારે અહીં ફૉર્મ્યુલા-વન અઝરબૈજાન ગ્રાં પ્રિ પહેલાંની ફૉર્મ્યુલા-ટૂ રેસની શરૂઆતમાં જ ગોઝારી ઘટનામાં બચી ગયો હતો. બીજા કોઈને પણ ઈજા નહોતી પહોંચી. જોકે રેસના આયોજકોએ ઘટનાની તપાસ બાદ કુશને ૧૦-સેકન્ડ ટાઇમ પેનલ્ટી કરી હતી. રેસ શરૂ થતાં જ ૨૩ વર્ષના કુશની કાર જાણે દિશાહીન થઈ ગઈ હતી. કારણ એ હતું કે તેની કારનું એન્જિન અચાનક બંધ પડી ગયું હતું. પરિણામે, ભારે અથડામણ થઈ હતી.

અધિકારીઓએ તપાસ કર્યા બાદ કહ્યું, 'વીડિયો ફૂટેજ પરથી જણાયું છે કે નવમા નંબરની કારનો ડ્રાઇવર રેસની શરૂઆતમાં સ્ટાર્ટ સેટ અપ પ્રૉસિજર લાગુ કરવામાં નિષ્ફળ ગયો હતો જેને કારણે તેની કાર ગ્રિડ પર અટકી ગઈ અને અન્ય કાર સાથે ટકરાઈ. આ ટક્કર માટે કુશ મૈની જ જવાબદાર હતો.' ■

# ઈન્ડિયા-એને ગિલ ન જિતાડી શક્યો, પણ મયંકે અપાવી શાનદાર જીત

### કંબોજની આઠ વિકેટ છતાં ઈન્ડિયા-સી વિજયથી વંચિત, ડ્રૉ છતાં પૉઈન્ટ્સમાં પ્રથમ

અનંતપુરઃ અહીં ચાર-ચાર દિવસની મૅચોવાળી દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટના બીજા રાઉન્ડમાં રવિવારે બેમાંથી એક મૅચમાં પરિણામ આવ્યું હતું અને બીજો મુકાબલો ડ્રૉમાં પરિણમ્યો હતો. મયંક અગરવાલની કૅપ્ટન્સીમાં ઇન્ડિયા-એ ટીમે શ્રેયસ ઐયરની ઇન્ડિયા-ડીને ૧૮૬ રનના તોતિંગ માર્જિનથી હરાવી હતી. બીજા મુકાબલામાં ઋતુરાજ ગાયકવાડની ઇન્ડિયા-સી અને અભિમન્યુ ઈશ્વરનની ઇન્ડિયા-બી વચ્ચેની મૅચ ડ્રૉમાં પરિણમી હતી.

આઠમી સપ્ટેમ્બરે પૂરી થયેલી પ્રથમ રાઉન્ડની મૅચમાં ઇન્ડિયા-એ ટીમનું સુકાન શુભમન ગિલે સંભાળ્યું હતું. ગિલના સુકાનમાં ત્યારે આ ટીમ ઈશ્વરનની ઇન્ડિયા-બી સામે ૭૬ રનથી પરાજિત થઈ હતી. ગિલ ૧૯મીએ બાંગ્લાદેશ સામે શરૂ થનારી ટેસ્ટ માટે ચેન્નઈ ગયો હોવાથી આ વખતે તેની ગેરહાજરીમાં મયંકે સુકાન સંભાળ્યું અને


મયંક અગરવાલ

ઇન્ડિયા-એ ટીમ વિજયપથ પર આવી ગઈ. બે રાઉન્ડને અંતે ગાયકવાડની ટીમ મોખરે હતી, જ્યારે ઈશ્વરનની ટીમ બીજા સ્થાને હતી. મયંકની ઇન્ડિયા-એ ટીમ રવિવારે જીતવા છતાં ત્રીજા સ્થાને અને શ્રેયસની ઇન્ડિયા-ડી ટીમ છેલ્લા ક્રમે હતી.

શ્રેયસની ટીમ રવિવારના અંતિમ દિવસે જીતવા ૪૮૮ રનના મળેલા લક્ષ્યાંક સામે મધ્ય પ્રદેશના રાઇટ-હૅન્ડ બૅટર રિકી ભુઈ (૧૧૩ રન, ૧૯૫ બૉલ, ત્રણ સિક્સર, ૧૪ ફોર)ની સદી છતાં હારી ગઈ હતી, કારણકે ટીમમાં બીજા કોઈની હાફ સેન્ચુરી પણ નહોતી. ખુદ શ્રેયસ ૪૧ રન બનાવીને સ્પિનર શમ્સ મુલાનીના બૉલમાં ક્લીન બોલ્ડ થયો હતો. મુંબઈનો મુલાની થોડો મોંઘો સાબિત થયો હતો, પણ તેણે ત્રણ વિકેટ લીધી હતી. મુંબઈના જ ઑફ સ્પિનર તનુષ કોટિયને ૭૩ રનમાં ચાર વિકેટ લીધી હતી. મુલાની મૅન ઑફ ધ મૅચ ઘોષિત થયો હતો.

રવિવારે અનંતપુરની બીજી મૅચના બીજા દાવમાં ઇન્ડિયા-સીના ૨૩ વર્ષીય પેસ બોલર અંશુલ કંબોજે ફક્ત ૬૯ રનમાં આઠ વિકેટ લીધી હતી એમ છતાં ગાયકવાડના સુકાનમાં ઇન્ડિયા-સીને જીતવા નહોતું મળ્યું. દુલીપ ટ્રોફીમાં કોઈ બોલરે એક દાવમાં આઠ કે વધુ વિકેટ લીધી હોય એવો આ ત્રીજો જ બનાવ છે.

ઇન્ડિયા-બી ટીમ ૩૩૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ગાયકવાડની ટીમે બીજો દાવ ચાર વિકેટે ૧૨૮ રનના સ્કોર પર ડિક્લેર કર્યો હતો અને એ સાથે બન્ને ટીમના કૅપ્ટન મૅચને ડ્રૉ જાહેર કરવા માટે એકમેક સાથે સંમત થયા હતા. ■

### દુલીપ ટ્રોફીનું પૉઈન્ટ્સ-ટેબલ

| ક્રમ | ટીમ | મૅચ | જીત | હાર | ડ્રૉ | પૉઇન્ટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઇન્ડિયા-સી | ૨ | ૧ | ૦ | ૧ | ૯ |
| ૨ | ઇન્ડિયા-બી | ૨ | ૧ | ૦ | ૧ | ૭ |
| ૩ | ઇન્ડિયા-એ | ૨ | ૧ | ૧ | ૦ | ૬ |
| ૪ | ઇન્ડિયા-ડી | ૨ | ૦ | ૨ | ૦ | ૦ |

# ગણપતિ બાપ્પાને વિદાય આપવા મુંબઈ સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાના લાડલા ગણપતિ બાપ્પાને મંગળવારે અનંત ચતુર્દશીના વિદાય આપવા માટે મુંબઈ મહાનગરપાલિકા તમામ સુવિધા અને વ્યવસ્થા સાથે સજ્જ થઈ ગઈ છે. ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે મુંબઈમાં ૬૯ નૈસર્ગિક અને ૨૦૪ કૃત્રિમ તળાવની સુવિધા ઉપલબ્ધ કરી આપવાની સાથે જ ભક્તો પોતાના ઘરની નજીકના કૃત્રિમ તળાવની માહિતી પણ ક્યૂઆર કોડથી મેળવી શકશે.

બાપ્પાની મૂર્તિઓનું વિસર્જન નિર્વિઘ્ન રીતે પાર પડે તે માટે મુંબઈ મહાનગરપાલિકાના કમિશનરથી લઈને ૧૨,૦૦૦થી વધુ અધિકારી, કર્મચારીઓ ખડે પગે તહેનાત રહેવાના છે.

ગણેશ વિસર્જન માટે પાલિકાએ ખાસ તૈયારીઓ કરી છે. સુધરાઈના ૧૨ હજાર કર્મચારી- અધિકારી, ૭૧ કંટ્રોલ રૂમ તેમ જ અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. આ વર્ષે ગણેશ મૂર્તિના વિસર્જન માટે ૬૯ નૈસર્ગિક સ્થળ સહિત કુલ ૨૦૪ કૃત્રિમ વિસર્જન સ્થળ પર વ્યવસ્થા કરવામાં આવી હોવાનું પાલિકાના ડેપ્યુટી કમિશનર અને ગણેશોત્સવ સમન્વયક સમિતિના પ્રશાંત સપકાળેએ જણાવ્યું હતું.

ગણેશ મૂર્તિના વિસર્જન પહેલા ભક્તોએ અર્પણ કરેલા હાર, ફૂલ જેવો નિર્માલ્ય જમા કરવા માટે ૧૬૩ નિર્માલ્ય કલશ સહિત ૨૭૪ નિર્માલ્ય વાહનોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

સુધરાઈના જુદા જુદા ખાતાના કર્મચારીઓમાં યોગ્ય સમન્વય સાધવા માટે મુખ્ય કંટ્રોલ રૂમ સહિત પ્રશાસકીય વોર્ડ સ્તર પર ૧૯૨ કંટ્રોલ રૂમ ચાલુ કરવામાં આવ્યા છે. તેમ જ સુરક્ષાની દૃષ્ટિએ ૬૬ વોચ ટાવર ઊભા કરવાની સાથે જ જુદા જુદા સ્થળે ૭૨ સ્વાગત કક્ષ તૈયાર કરવામાં આવ્યા છે.

સુધરાઈના આરોગ્ય વિભાગ તરફથી ૭૫ પ્રથમોચાર કેન્દ્ર સહિત ૬૭ ઍમ્બ્યુલન્સ તૈયાર રાખવામાં આવી છે. સાંજે અંધારું થયા બાદ ભક્તોને તકલીફ થાય નહીં તે માટે ઊંચાઈની જગ્યા પર તથા થાંબલા પર ૧,૦૯૭ ફ્લડલાઈટ અને ૨૭ સર્ચલાઈટ લગાડવામાં આવી છે. વિસર્જન માટે આવનારા ભક્તો માટે ૧૨૭ ફરતા મોબાઈલ ટોઈલેટની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમ જ ઈમરજન્સીની પરિસ્થિતિ નિર્માણ થાય તો તેનો સામનો

(જુઓ પાનું ૪) ▸▸

## ૨૩,૦૦૦થી વધુ પોલીસ કર્મચારી-અધિકારી રહેશે તહેનાત

### સીસીટીવી કૅમેરા, ડ્રોનથી નજર રાખવામાં આવશે

મુંબઈ: વિઘ્નહર્તા ગણપતિના વિસર્જનને દિવસે (મંગળવારે) શહેરમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હોઇ આ માટે ૨૩,૦૦૦થી વધુ પોલીસ કર્મચારી-અધિકારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. બીજી તરફ વિસર્જનના સ્થળોએ સીસીટીવી કેમેરા અને ડ્રોનથી નજર રાખવામાં આવશે. લાલબાગ ચા રાજા માટે વિશેષ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

મહાનગરમાં ગણેશ વિસર્જન શાંતિથી પાર પડે એ માટે ૪૦ ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી), ૫૦ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (એસીપી) સહિત ૨,૯૦૦ પોલીસ અધિકારી (જુઓ પાનું ૪) ▸▸

## સોશિયલ મીડિયા પરના મિત્રએ મહિલાને ₹ ૩૯ લાખનો ચૂનો ચોપડ્યો

થાણે: ઉલ્હાસનગરની મહિલા સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા કરીને લગ્નનો પ્રસ્તાવ મૂક્યા બાદ શખસે શખસે તેને રૂ. ૩૯ લાખનો ચૂનો ચોપડ્યો હતો.

વિઠ્ઠલવાડી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર ૪૬ વર્ષની મહિલાએ આરોપીએ કહ્યું હતું કે તેને મુંબઈમાં ઇમિગ્રેશન ઓફિસરોએ અટકાયતમાં લીધો છે અને તેને ત્રણ લાખ યૂરો ચૂકવવા પડશે. આરોપીએ બાદમાં મહિલાને વિવિધ બેન્ક એકાઉન્ટ નંબર આપીને તેમાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહ્યું હતું. મહિલાએ આરોપીના કહેવાથી રૂ. ૩૯.૪૯ લાખ ટ્રાન્સફર કર્યા હતા. દરમિયાન મહિલાએ આરોપીનો સંપર્ક સાધતાં તે તેને ટાળવા લાગ્યો હતો.

૨૩ ઑગસ્ટથી ૮ સપ્ટેમ્બર દરમિયાન મહિલા સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. (પીટીઆઇ)

## ૭૬૧ લાઈફગાર્ડ અને ૪૮ મોટરબોટ

મુંબઈમાં સૌથી મોટી ગણેશ મૂર્તિઓ અને પ્રખ્યાત ગણેશમંડળોના મૂર્તિઓના વિસર્જન પ્રખ્યાત વિસર્જન સ્થળ ગિરગામ ચોપાટી પર કરવામાં આવે છે. વિસર્જન માટે અહીં બે મહિનાથી તૈયારીઓ કરવામાં આવી હતી. ગણેશ મૂર્તિના વિસર્જન માટે આવતા વાહનો ચોપાટીની પરની રેતીમાં ફસાઈ જાય નહીં તે માટે ચોપાટીના કિનારાઓ પર ૪૭૮ સ્ટીલની પ્લેટ તેમ જ નાની ગણેશ મૂર્તિના વિસર્જન કરવા માટે જુદા જુદા ઠેકાણે ૪૩ જર્મન તરાપાની વ્યવસ્થા કરવામાં આવી છે. ચોપાટીઓની સુરક્ષા માટે ૭૬૧ લાઈફગાર્ડ સહિત ૪૮ મોટરબોટ તહેનાત કરવામાં આવી છે. ■

## ક્યૂઆર કોડ સ્કેન કરી કૃત્રિમ તળાવની માહિતી મળશે

પર્યાવરણપૂરક ગણેશોત્સવની ઊજવણી કરવા માટે સુધરાઈએ આ વર્ષે લગભગ ૨૦૪ કૃત્રિમ તળાવ તૈયાર કર્યા છે. 'ક્યૂઆર કોડ' દ્વારા ભક્તોને કૃત્રિમ તળાવની માહિતી મળશે. 'ક્યૂઆર કોડ' સ્કેન કરવાથી કૃત્રિમ તળાવની માહિતી અને ગૂગલ મૅપ લિંક પણ ભક્તોને ઉપલબ્ધ થશે. તેમ જ લિંક પરથી કૃત્રિમ તળાવની માહિતી મળશે. https://portal.mcgm.gov.in/irj/portal/anonymous/qlGanpatiDeQR ■

## આ સમયે દરિયામાં ભરતી હશે

મંગળવાર, ૧૭ સપ્ટેમ્બરના અનંત ચતુર્દશીના દિવસે દરિયામાં સવારના ૧૧.૧૪ વાગે ૪.૫૪ મીટરની ભરતી હશે તો સાંજના ૫.૨૨ વાગે ૦.૮૬ મીટરની ઓટ હશે. રાતના ૧૧.૩૪ વાગે ભરતી હશે એ સમયે મોજાં ૪.૩૯ મીટર ઊંચા ઉછળશે. ૧૮ સપ્ટેમ્બરના વહેલી સવારના ૫.૨૭ વાગે ઓટ હશે તો સવારના ૧૧.૩૭ વાગે ભરતી હશે ત્યારે ૪.૭૧ મીટર ઊંચા મોજાં ઉછળશે. ■

## મધ્ય અને પશ્ચિમ રેલવે દિવસ-રાત દોડાવશે લોકલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાર્વજનિક ગણેશોત્સવ મંડળોની વિનંતીઓને ધ્યાનમાં રાખીને મધ્ય અને પશ્ચિમ રેલવેએ ગણેશોત્સવ દરમિયાન વિશેષ લોકલ ટ્રેન દોડાવશે, જેમાં દિવસની સાથે આખી રાત મુંબઈની લોકલ ટ્રેનો દોડાવાશે. મધ્ય રેલવેની મેઈન લાઈન, હાર્બર લાઈન તથા પશ્ચિમ રેલવેની મેઈન લાઈનમાં આખો દિવસની સાથે મોડી રાત સુધી લોકલ ટ્રેનની સુવિધા ઉપલબ્ધ રહેશે. મધ્ય રેલવેમાં છત્રપતિ

(જુઓ પાનું ૪) ▸▸

## મહારાષ્ટ્રમાં નવેમ્બરના બીજા અઠવાડિયામાં ચૂંટણી થવાની સંભાવના: શિંદે

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે જણાવ્યું હતું કે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી નવેમ્બરના બીજા અઠવાડિયામાં યોજાવાની શક્યતા છે અને સત્તાધારી મહાયુતિના ઘટક પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણીને આગામી ૮થી ૧૦ દિવસમાં અંતિમ રૂપ આપવામાં આવશે.

૨૮૮-સભ્યોની રાજ્ય વિધાનસભા માટે બે તબક્કાનું મતદાન વધુ સારું રહેશે એમ શિંદેએ મુંબઈમાં તેમના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' ખાતે મીડિયા સાથેની અનૌપચારિક ચર્ચામાં જણાવ્યું હતું.

શિંદેની આગેવાની હેઠળની શિવસેના, ભાજપ અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીની બનેલી મહાયુતિ સરકાર વિકાસ અને કલ્યાણના પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને લોકો તરફથી તેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું. નવેમ્બરના બીજા સપ્તાહમાં

(જુઓ પાનું ૪) ▸▸

# ગણેશભક્તોને નડ્યું વરસાદનું વિઘ્ન

### મુંબઈમાં મોસમનો સરેરાશ કરતા વધુ વરસાદ વરસી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશવિસર્જન નજીક હોવાથી વીકએન્ડનો સમય મળી ગયો હોવાથી ગણેશભક્તો મુંબઈના પ્રખ્યાત મંડળોના ગણપતિબાપ્પાના દર્શન માટે નીકળ્યા હતા પરંતુ શનિવાર રાતથી ચાલુ થયેલો વરસાદ તેમાં વિલન બની ગયો હતો. રવિવારે સવારના પણ ભારે વરસાદ રહેતા ગણેશભક્તોને

(જુઓ પાનું ૪) ▸▸

## અનંત ચતુર્દશીએ હળવોથી મધ્યમ વરસાદ

શનિવારથી મુંબઈ, થાણેમાં ફરી વરસાદનું આગમન થયું છે. જોકે હવામાન ખાતાના કહેવા મુજબ આગામી અઠવાડિયામાં ભારે વરસાદની કોઈ શક્યતા નથી. માત્ર મુંબઈ, થાણે અને પાલઘરમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. સોમવાર ૧૬ સપ્ટેમ્બર માટે મુંબઈ, થાણે અને પાલઘર માટે મધ્યમ વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જ્યારે ૧૭ સપ્ટેમ્બરના અનંત ચર્તુદશીના દિવસે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ■

## જળાશયોમાં ૯૯ ટકા પાણી

મુંબઈને પાણી પુરવઠો કરનારા સાતેય જળાશયોમાં પાણીનો જથ્થો ૯૯ ટકા થઈ ગયો છે. મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવો હોય તો પહેલી ઑક્ટોબરના સાતેય જળાશયોમાં પાણીનો કુલ સ્ટોક ૧૪.૪૭ લાખ મિલિયન લિટર હોવો જરૂરી છે. તેની સામે જળાશયોમાં હાલ ૧૪.૨૯ લાખ મિલિયન લિટર જેટલુ પાણી જમા થઈ ગયું છે. ■

## "તમે વડા પ્રધાન બનો તો અમે તમારું સમર્થન કરીશું"

### કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનું નિવેદન ચર્ચામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્રીય પરિવહન પ્રધાન નિતીન ગડકરીએ હાલમાં જ એક નિવેદન આપ્યું હતું જેની ચોફેર ચર્ચા કરવામાં આવી રહી છે અને જેમાં તેમણે કહ્યું હતું કે તેમને વિપક્ષના એક મોટા નેતા દ્વારા વડા પ્રધાનપદની ઓફર આપવામાં આવી હતી. આ બાબતે ઉદ્ધવ ઠાકરે જૂથના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે પ્રતિક્રિયા આપતા નીતિન ગડકરીએ આપેલા નિવેદનનું સમર્થન કર્યું હતું.


સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સામે એક સક્ષમ ઉમેદવાર તરીકે

(જુઓ પાનું ૪) ▸▸

## ઈફ્તાર પાર્ટીની ટીકા થઇ તો કૉંગ્રેસ વિફરી

### ફડણવીસને વળતો જવાબ આપ્યો કૉંગ્રેસે

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા દેશના ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ દ્વારા આપવામાં આવતી ઇફ્તાર પાર્ટીને લઇ આપવામાં આવેલા નિવેદનને પગલે કૉંગ્રેસ નારાજ થઇ હોવાનું જણાય છે. જેને પગલે કૉંગ્રેસ દ્વારા ફડણવીસને વળતો જવાબ આપવામાં આવ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના ચીફ જસ્ટિસ ના ઘરે લવાયેલા ગણપતિના દર્શન કરવામાં આવ્યા ત્યાર બાદ મોટો વિવાદ ઊભો થયો હતો. ■



**વિદાયની વેળા:....**

ગણપતિ વિસર્જન માટેની તૈયારીઓ પ્રશાસન દ્વારા કરવામાં આવી છે. તસવીરમાં થાણેમાં વિસર્જન માટે કરાયેલી વ્યવસ્થા નજરે પડે છે.

## નવી મુંબઈમાં ₹ ૭૫ લાખના ડ્રગ્સ સાથે ત્રણ નાઈજીરિયનની ધરપકડ

થાણે: નવી મુંબઈમાં પોલીસે ત્રણ નાઇજીરિયનને પકડી પાડીને તેમની પાસેથી રૂ. ૭૫.૪ લાખની કિંમતનું મેફેડ્રોન તથા કોકેઇન જપ્ત કર્યું હતું.

એન્ટિ નાર્કોટિક્સ સેલ (એએનસી)ના સિનિયર ઇન્સ્પેક્ટર સંદીપ નિગડેએ કહ્યું હતું કે શનિવારે રાતે કોપરખૈરાણે વિસ્તારમાં મંદિર નજીકથી ત્રણેયને તાબામાં લેવાયા હતા. આરોપીઓની ઓળખ સિલ્વસા નચોર (૪૨), ઇજીકે ડોનાટોસ ઓગુગુઆ (૪૦) અને સન્ડે ઇઝેઓબી (૪૨) તરીકે થઇ હતી, જેઓ કોપરખૈરાણેમાં રહે છે. એએનસીની ટીમે આરોપીઓ પાસેથી ૧૦૧.૫૨ ગ્રામ મેફેડ્રોન અને ૨૦૧.૨ ગ્રામ કોકેઇન જપ્ત કર્યું હતું, જેની કિંમત રૂ. ૭૫.૪ લાખ થાય છે.

ત્રણેય નાઇજીરિયન વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તેમણે આ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવાના હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે, એમ પણ અધિકારીએ જણાવ્યું હતું. ■

## મુખ્ય પ્રધાન શિંદેના ગુરુના ફોટો સામે ઉડાવાયા પૈસા!

### આનંદ દિઘેનું અપમાન: બે પદાધિકારીઓને હટાવાયા

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે શિવસેનાના દિવંગત નેતા આનંદ દિઘેને ગુરુ માને છે એ વાત સહુ કોઇ જાણે છે અને તેમનું અપમાન કરનારા શિવસેનાના જ બે પદાધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે.

શિંદે જૂથની શિવસેનાના અમુક લોકો આનંદ દિઘેના ફોટા સામે નાચતા અને તેમના પર પૈસા ઉડાવતા હોય તેવો વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયો ઇન્ટરનેટ પર વાઇરલ થવાને કારણે મોટો વિવાદ ઊભો થયો હતો. ઉદ્ધવ ઠાકરે જૂથના રાજ્યસભા સાંસદ સંજય રાઉત પણ આ વિષયને લઇ ટીકા કરી ચૂક્યા છે. એવામાં શિંદે જૂથ દ્વારા વીડિયોમાં દેખાતા તેમના પક્ષના બે પદાધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગણેશોત્સવની ઉજવણી દેખાડતા આ વીડિયોમાં આનંદ દિઘેના ફોટા સમક્ષ અમુક કાર્યકર્તાઓ અને પદાધિકારીઓ નાચતા અને પૈસા ઉડાવતા દેખાતા હતા. ■

### અનામતના વિરોધનો વિરોધ

## રાહુલ ગાંધીના અનામત વિરોધી નિવેદનને પગલે મુંબઈ આખામાં વિરોધ પ્રદર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કૉંગ્રેસના નેતા તેમ જ લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા હાલમાં જ અમેરિકામાં ભાષણ આપવામાં આવ્યું હતું, જેની ખૂબ ટીકા ખાસ કરીને સત્તાધારી પક્ષ દ્વારા કરવામાં આવી રહી છે અને રાહુલ ગાંધી વિદેશની ધરતી પર જઇને ભારતની બદનામી કરતા હોવાનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે. જોકે રાહુલ ગાંધી દ્વારા અનામતના મુદ્દે આપવામાં આવેલા નિવેદનને પગલે મોટો હોબાળો થયો હતો અને તેનો વિરોધ નોંધાવવા માટે મુંબઈભરમાં મહાયુતિ અને ખાસ કરીને ભાજપ દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. દાદર, ઘાટકોપર, વરલી જેવા વિસ્તારોમાં રાહુલ ગાંધીના પુતળા બાળીને અને તેમના વિરુદ્ધ બેનરબાજી કરીને તેમનો વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વિરોધ દરમિયાન રાહુલ ગાંધી અનામત વિરોધી હોવાનો તેમના પર આરોપ મૂકવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ અમેરિકામાં તે યોગ્ય સમય આવે ત્યારે ભારતમાં ન્યાયપૂર્ણ શાસન સ્થપાય એ વખતે અનામત હટાવી લેવા વિશે કૉંગ્રેસ વિચારશે તેવું નિવેદન આપ્યું હતું. રાહુલ ગાંધીના આ નિવેદનને પગલે મોટો હોબાળો મચ્યો હતો અને તેમના પર અનામત તેમ જ દલિત વિરોધી હોવાનો આરોપ પણ મૂકવામાં આવ્યો હતો.

## શિક્ષણ અને કારકિર્દીને લઈને ૬૭ ટકા વિદ્યાર્થીઓ તાણમાં

મુંબઈ: વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના વધતા જતા કિસ્સાઓને જોતા મુંબઈની શાળાઓ અને કોલેજો હવે એલર્ટ મોડ પર છે. કોલેજોમાં કરવામાં આવેલા સર્વેમાં બહાર આવ્યું છે કે ૬૭ ટકા યુવાનો શિક્ષણ અને કારકિર્દીના દબાણમાં છે. આ અંગે કોલેજમાં વિદ્યાર્થીઓની એક ટીમ બનાવવામાં આવી રહી છે જે માનસિક તાણમાંથી પસાર થતા વિદ્યાર્થીઓને શોધી સંસ્થાને એલર્ટ કરશે અને તેમને તાત્કાલિક મદદ કરશે.

અભ્યાસ, કારકિર્દી અને સ્પર્ધા યુવાનો પર માનસિક દબાણ વધારી રહી છે તેવું એક સર્વેમાં સામે આવ્યું છે. આત્મહત્યાના વધતા જતા કિસ્સાઓને સમજવા માટે, આદિત્ય બિરલા એજ્યુકેશન ટ્રસ્ટની માનસિક સ્વાસ્થ્ય સેવા પહેલ એમપાવરે, દેશભરની ૩૦ કોલેજોમાં એક સર્વે હાથ ધર્યો હતો, જેમાં ચિંતાજનક આંકડાઓ જાણવા મળ્યા હતા.

સર્વેમાં બહાર આવ્યું છે કે ૬૭.૩ ટકા વિદ્યાર્થીઓ શિક્ષણ અને કારકિર્દીને લઈને દબાણનો સામનો કરે છે. ૫૮.૪ ટકા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક દબાણ તકલીફના મુખ્ય કારણ તરીકે ઉભરી આવ્યું છે. ઘણા માનસિક દબાણ હોવા છતાં, માત્ર ૧૫ ટકા વિદ્યાર્થીઓએ મનોચિકિત્સકની મદદ લીધી. ૫૮ ટકા વિદ્યાર્થીઓએ સ્વીકાર્યું કે જ્યારે માનસિક તાણનો સામનો કરવો પડે છે, ત્યારે તેઓ મદદ માટે પ્રથમ મિત્ર તરફ વળે છે. માત્ર ૨ ટકા યુવાનોએ સ્વીકાર્યું કે તણાવના કિસ્સામાં તેઓ કાઉન્સેલર અથવા પ્રોફેસરનો સંપર્ક કરવાનું વિચારશે.


પ્રતીક્ષાનો અંત: અંક પ્રગટ થઇ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

આરંભ: ઈ.સ. ૧૮૧૪ ▪ વર્ષ: ૨૧૧

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર

■ વિક્રમ સંવત ૨૦૮૧-૮૨
■ શાલિવાહન શક સંવત ૧૯૪૬-૪૭
■ ઈ.સ. તા. ૦૨-૧૧-૨૦૨૪ થી તા. ૧૯-૦૩-૨૦૨૬

કિંમત: ₹ ૧૦૦/-



સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર ૩૫૨ પૃષ્ઠનો દળદાર અંક

માહિતી માટે સંપર્ક કરો: ફોન નં. ૨૨૦૪૫૫૩૧-33

મુંબઈ સમાચાર — રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી — ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

# સ્ટીલ વપરાશમાં વર્તમાન ક્વાર્ટરમાં થોડી મંદીની શક્યતાઃ ઈકરા

નવી દિલ્હી : રેટિંગ એજન્સી ઈકરા અનુસાર, નાણાકીય વષ૪ ૨૦૨૫માં સ્થાનિક સ્ટીલનો વપરાશ નવથી દસ ટકા વધી શકે છે. જો કે, ચોમાસા સાથે સંકળાયેલી મોસમી સમસ્યાઓને કારણે વર્તમન ક્વાર્ટરમાં સ્ટીલના વપરાશમાં થોડી મંદી જોવા મળી શકે છે.

સ્ટીલના વપરાશ પર સરકાર દ્વારા મૂડી ખર્ચમાં પણ ધીમે ધીમે વધારો થવાની શક્યતા છે. ઈકરાનો રિપોર્ટ સૂચવે છે કે સ્ટીલ ઉદ્યોગ લગભગ ૮૮ ટકા ક્ષમતાનો ઉપયોગ કરશે, જે તે એક દાયકામાં સૌથી વધુ હશે. વપરાશમાં નોંધપાત્ર ઊંચો દર વાર્ષિક ૧૫.૬ મિલિયન ટનની સર્વકાલીન ઉચ્ચ ક્ષમતા ઉમેર્યા પછી આવે છે.

ઉદ્યોગના વલણો પર ટિપ્પણી કરતા, રિપોર્ટ સૂચવે છે ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત ચ૧ ઋ૭૨૦૨૫માં ૩૫.૪ ટકા વધી છે અને ઋ૭૨૫ ના ચ૧ માં ભારત ચોખ્ખો ફિનિશ્ડ સ્ટીલ આયાતકાર રહ્યું છે. આયાતને અંકુશમાં લેવા માટે, ભારત સરકારે તાજેતરના વર્ષોમાં ભારતમાં સ્ટીલના મુખ્ય નિકાસકાર વિયેતનામથી આયાત કરાયેલ સ્ટીલની એન્ટિ-ડમ્પિંગ તપાસ શરૂ કરી હતી, જે નાણાકીય ૨૦૨૪માં ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાતમાં લગભગ નવ ટકા હિસ્સો ધરાવે છે.

કોરોનાને કારણે આર્થિક મંદી અને નાણાકીય કટોકટી પછી, સ્ટીલ ઉદ્યોગનો વિકાસ સ્થિર રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં વપરાશમાં ૧૩.૬ ટકા વૃદ્ધિ નોંધાઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪માં વૃદ્ધિના આંકડા નાણાકીય વર્ષ ૨૦૦૬ના ૧૩.૯ ટકા કરતાં નજીવા નીચા હતા. ■

# ક્રિપ્ટો કરન્સી બિટકોઈન ઈટીએફમાંથી ૧.૨૦ અબજ ડૉલરનો આઉટફ્લો

મુંબઈ : વૈશ્વિક સ્તરે ક્રિપ્ટો કરન્સી અંગે સેન્ટિમેન્ટ ખરડાયેલું જણાઇ રહ્યું છે. અમેરિકાના બિટકોઈન એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માંથી છઠી સપ્ટેમ્બરે સમાપ્ત થયેલા આઠ દિવસમાં ૧.૨૦ અબજ ડોલરનો આઉટફ્લોસ જોવા મળ્યો છે. કુલ ૧૨ ઈટીએફસમાંથી રોકાણકારોએ નાણાં પાછા ખેંચી લીધા છે.

અમેરિકામાં આર્થિક વિકાસના અનિશ્ચિત વાતાવરણ વચ્ચે શેરબજારો તથા કોમોડિટીસ માર્કેટમાં વોલેટિલિટીની અસર ક્રિપ્ટોસ જેવી જોખમી એસેટસ પર પણ જોવા મળી રહી છે. વિશ્વ બજારોની સ્થિતિ પણ હાલમાં પડકારરૂપ છે.

અમેરિકામાં મિશ્ર જોબા ડેટા ઉપરાંત ચીનમાં ભાવમાં ઘટાડા તરફી દબાણથી ટ્રેડરોનું માનસ ખરડાયું છે. ક્રિપ્ટો કરન્સીસ બજારનો આધાર વૈશ્વિક ઈક્વિટી માર્કેટસની ચાલ પર પણ રહેલો છે. વર્તમાન મહિનામાં બિટકોઈન અંદાજે સાત ટકા જેટલો ઘટી ગયો છે.

પાછલા સોમવારે મોડી સાંજે બિટકોઈનનો ભાવ ૫૫૦૨૭ ડોલર બોલાતો હતો. એથરમનો ભાવ ૨૩૧૭ ડોલર મુકાતો હતો. ક્રિપ્ટો કરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ ઘટી ૧.૯૫ ટ્રિલિયન ડોલર રહી હતી. ગયા સપ્તાહના અંતે બિટકોઈનનો ભાવ ઘટી ૫૩૦૦૦ ડોલરની અંદર સરકી ગયો હતો.

અમેરિકામાં બિટકોઈન ઈટીએફસનો વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં પ્રારંભ થયો હતો. ■

# રિવર્સલ ટ્રેન્ડઃ તેજીવાળા બજાર પર હાવી, નિફ્ટી ૨૫૬૦૦-૨૫૭૦૦ના સ્તરની રેન્જમાં પહોંચી શકે

મુંબઈઃ દેશભરમાં મજબૂત ચોમાસા સાથે તહેવારોમાં સારી માગ નીકળવાના આશાવાદ અને વૈશ્વિક મોરચે અમેરિકાની ફેડરલ વ્યાજદરમાં ઘટાડો કરે આવી સંભાવના પ્રબળ બનવા સાથે શેરબજારે નવા શિખરો સર કરવાનું ચાલુ રાખ્યું હતુ. સમીક્ષા હેઠળના સપ્તાહમાં બીએસઇ સેન્સેક્સ ૧,૭૦૭.૦૧ પોઈન્ટ્સ અથવા ૨.૧૦ ટકા વધીને ૮૨,૮૯૦.૯૪ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો છે, જ્યારે એનએસઇનો નિફ્ટી ઈન્ડેક્સ ૫૦૪.૩૫ પોઈન્ટ્સ અથવા ૨.૦૨ ટકા વધીને ૨૫,૩૫૬.૫૦ પોઇન્ટના સ્તર પર બંધ થયો છે.

વ્યાપક બજારમાં પણ સારી લેવાલી રહી હતી. સ્મોલકેપ ઇન્ડેક્સ બે ટકા વધ્યો, લાર્જકેપ ઇન્ડેક્સ પણ લગભગ બે ટકા વધ્યો અને મિડકેપ ઇન્ડેક્સ ૧.૫ ટકા વધ્યો હતો. ૧૨ સપ્ટેમ્બરના રોજ, નિફ્ટી૫૦ અને બીએસઇ સેન્સેક્સે અનુક્રમે ૨૫,૪૩૩.૩૫ અને ૮૩,૧૧૬.૧૯ની વિક્રમી ઊંચાઈ હાંસલ કરી હતી.

ક્ષેત્રીય મોરચે, ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ ૨.૬ ટકા નીચે ગબડ્યો હતો, તે સિવાય અન્ય તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ નિફ્ટી એફએમસીજી, નિફ્ટી ઇન્ફર્મેશન ટેક્નોલોજી અને નિફ્ટી મીડિયા ઇન્ડેક્સ લગભગ ત્રણ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા.

ભારતીય શેરબજારોએ સમીક્ષા હેઠળના પાછલા અઠવાડિયે એફઆઈઆઈના ડિસ્ક્લોઝર ધોરણો માટેની સેબીની ડેટલાઇન પૂરી થવા સાથે અમેરિકામાં મંદીના ભયને કારણે ઉદ્ભવેલા નકારાત્મક સેન્ટિમેન્ટ્સને અંકુશમાં લેવામાં સફળ રહ્યાં હતાં. યુએસ ફુગાવાના ડેટા અને બેરોજગારીના દાવાઓ, ડોમેસ્ટિક ઇન્ફલેશન અને મેન્યુફેક્ચરિંગ ડેટા જેવા મેક્રો-ઈકોનોમિક ડેટા પોઈન્ટ્સને કારણે સપ્તાહના

**ફોરકાસ્ટ**
**નિલેશ વાઘેલા**

પ્રારંભિક સમયગાળામાં બજારના સહભાગીઓમાં સાવચેતીનું માનસ પણ જોવા મળ્યું હતું.

અસ્થિરતા હોવા છતાં, મજબૂત ચોમાસા સાથે તહેવારોની મોસમ દરમિયાન ગ્રાહક માગમાં વધારાની અપેક્ષાએ રોકાણકારોના સેન્ટિમેન્ટને મજબૂતી આપી હતી. આ ઉપરાતં વિદેશી સંસ્થાકીય ફંડ અને સ્થાનિક સંસ્થાકીય ફંડનો રોકાણ પ્રવાહ પણ સારો રહ્યો હતો. અમેરિકાના ફુગાવામાં સામાન્ય ઘટાડો નોંધાયો છે અને જોબ માર્કેટમાં ઠંડુ વલણ રહ્યું હતું. ભારતીય ફુગાવો મોટે ભાગે સ્થિર રહ્યો હતો, જ્યારે જુલાઈના આઇઆઇપીમાં વધારો જોવા મળ્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે યુોપિયન સેન્ટ્રલ બેન્ક અને ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટના આશાવાદે સમગ્ર વૈશ્વિક ઇક્વિટી બજારોમાં હકારાત્મક પ્રોત્સાહન પૂરું પાડ્યું હોવાથી બજાર નવી ઊંચી સપાટીએ પહોંચ્યું છે.

બજારના અભ્યાસુઓ અનુસાર આગળ જતાં, બજારનું ધ્યાન આગામી સપ્તાહે યોજાનારી ફેડરલ ઓપન માર્કેટ કમિટી (એફઓએમસી)ની મીટિંગ પર રહેશે, એ જ સાથે, સ્થાનિક બજારની દિશા કોર્પોરેટ કમાણીથી પણ પ્રભાવિત થશે, જે બીજા ત્રિમાસિક સમયગાળામાં સુધરો થવાની આગાહી છે.

બજાજ હાઉસિંગના લિસ્ટીંગ અગાઉ બજાજ ફાઇનાન્સ અને બજાજ ફિનસર્વના શેરમાં ત્રણ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. બજાજ હાઉસિંગના રૂ. ૬૫૬૦ કરોડનો આઇપીઓ ૬૪ગણો ભરાયો હતો અને તે રૂ. ૩.૨૪ લાખ કરોડની બિડ મળી હતી જે ભારતીય શેરબજારના ઇતિહાસમાં સૌથી મોટી સંખ્યા દર્શાવે છે.

બ્રાઈટ સ્ટીલ બાર અને વાયરની વિશાળ શ્રેણીના અગ્રણી ઉત્પાદક, મેઇડન ફોર્જીંગ્સ લિમિટેડે તેની વર્તમાન ક્ષમતાના કોન્સોલિડેશન અને ભાવિ વિસ્તરણના હેતુસર ગાઝીયાબાદ સ્થિત મોદીનગરમાં ચાર એકર જમીનની નોંધણી કરાવી છે. કંપની બજારમાં વધતી માગને પહોંચી વળવા ઉત્પાદન ક્ષમતા વધારવા માગે છે.

સ્મોલ કેપ શેરોમાં મોટા ઉછાળા જોવા મળ્યાં હતાં. હાર્ડવિન, પેનેસિયા બાયોટેક, સાધના નાઈટ્રોકેમ, ક્રેસંડા સોલ્યુશન, રેનેસાન્સ ગ્લોબલ, જ્યુબિલન્ટ ફાર્મા, સુંદરમ ક્લેટોન, ઝેગલ પ્રીપેડ ઓશન સર્વિસીસ, એસ્ટર ઈન્ડસ્ટ્રીઝ અને સેન્ચ્યુરી ટેક્સટાઈલ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના શેર ૨૦થી ૩૦ ટકા વચ્ચે વધ્યા હતા. જોકે, બીજી તરફ અબાન્સ હોલ્ડિંગ્સ, ગ્રાન્યુલ્સ ઈન્ડિયા, એમપીએસ, વીએસટી ઈન્ડસ્ટ્રીઝ, ટીવી ટુડે નેટવર્ક, જાગરણ પ્રકાશન, સેરા સેનિટરીવેર, ફોનિક્સ મિલ્સ અને ડીદેવ પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ સાતથી ૧૧ ટકા વચ્ચે ઘટ્યા હતા.

એકાદ બે વર્ષમાં શ્રી રામ ગ્રુપે તેની વીમા કંપનીના લિસ્ટિંગની વિચારણા હોવાનું કંપની અધિકારીએ જણાવ્યું હતું. પેલેટ્રો લિમિટેડ ૨૭.૯૯ લાખ શેર ઇક્વિટી શેરના જાહેર ભરણાં સાથે ૧૬મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. બુક બિલ્ટ ધોરણના આ ભરણામાં પ્રાઇસ બેન્ડ રૂ. ૧૯૦થી ૨૦૦ પ્રતિ શેર છે અને લોટ સાઇઝ ૬૦૦ ઇક્વિટી શેરની છે. ભરણું ૧૯મીએ બંધ થશે અને લિસ્ટિંગ ૨૪મીએ થવાની ધારણા છે. કંપનીનું કસ્ટમર પ્લેટફોર્મ ૩૦ દેશમાં એક અબજ લોકો સાથે કનેક્ટ થાય છે. સેમસંગે ભારતમાં વેચાણ ઘટવાને કારણે ૨૦૦ કર્મચારીની છટણી કરી છે.

ટોચના ટેક્નિકલ એનાલિસ્ટે કહ્યું હતું કે, બેરિશ એન્ગલ્ફિંગ પેટર્ન પછી તરત જ બુલિશ એન્ગલ્ફિંગ પેટર્નની ઘટના બજારના સેન્ટિમેન્ટમાં નોંધપાત્ર ફેરફાર સૂચવી શકે છે, જે મંદીથી તેજીતરફી વલણો તરફ સંભવિત રિવર્સલ સૂચવે છે. પ્રારંભિક બેરિશ એન્ગલ્ફિંગ પેટર્ને મજબૂત વેચવાલીનું દબાણ સૂચવ્યું હતું, પરંતુ તે પછીની તેજીની એન્ગલ્ફિંગ પેટર્ન સૂચવે છે કે તેજીવાળાઓએ બજાર પર અંકુશ પાછો મેળવી લીધો છે અને તેઓ અગાઉના ડાઉનટ્રેન્ડને ઉલટાવી દેશે.

બજારમાં ખાસ કરીને સટ્ટો કરનારા વર્ગ માટે જોકે આ રિવર્સલની પુષ્ટિ કરવી મહત્ત્વની છે. ટ્રેન્ડ રિવર્સલ માટે કેસને મજબૂત કરવા માટે બુલિશ એન્ગલ્ફિંગ પેટર્ન પછી વધારાની બુલિશ કેન્ડલ્સની સર્જાય તો ટ્રેન્ડ રિવર્સલનો કેસ વધુ મજબૂ બની શકે છે. આ ઉપરાંત વોલ્યુમમાં ઉછાળા આરએસઆઇ અથવા એમએસીડી સહિતના અન્ય ટેકિનિકલ ઇન્ડેક્સ પણ બુલિશ સેન્ટિમેન્ટની પુષ્ટિ આપી શકે છે.

સારાંશમાં, બેરિશ એન્ગલ્ફિંગ પેટર્ન પછી તરત જ બનતી તેજીની એન્ગલ્ફિંગ પેટર્ન બજારના વલણોમાં મજબૂત રિવર્સલનો સંકેત આપી શકે છે, જે સ્ટોક ટ્રેડર્સને તેમના પોર્ટફોલિયોનું પુનઃમૂલ્યાંકન કરવા અને સંભવિતપણે લાંબા સોદામાં પ્રવેશવા માટે પ્રોત્સાહિત કરે છે.

નોંધવું રહ્યું કે, પાછલા સત્રમાં ગુરુવારે છેલ્લા કલાકોમાં નીકળેલી તેજીએ સેન્સેક્સને પહેલી જ વખત ૮૩,૦૦૦ના સ્તરે પહોંચાડી દીધો હતો. બેરોમીટર ૧,૫૯૩.૦૩ પોઈન્ટ અથવા ૧.૯૫ ટકા વધીને ૮૩,૧૧૬.૧૯ના જીવનકાળની ઈન્ટ્રા-ડે ટોચ પર પહોંચ્યું હતું. ઈન્ડેક્સ ૧,૪૩૯.૫૫ પોઈન્ટ અથવા ૧.૭૭ ટકા વધીને ૮૨,૯૬૨.૭૧ની વિક્રમી સપાટીએ બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૪૭૦.૪૫ પોઈન્ટ અથવા ૧.૮૯ ટકા વધીને ૨૫,૩૮૮.૯૦ની વિક્રમી સપાટીએ બંધ રહ્યો હતો. બેન્ચમાર્ક તેની ૨૫,૪૩૩.૩૫ પોઇન્ટની તેની તાજી ઓલટાઇમ ઇન્ટ્રાડે હાઇ સપાટી પર પહોંચ્યો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, યુએસ બોન્ડ યીલ્ડમાં ઘટાડો અને આ સપ્તાહની પોલિસી મીટિંગમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની અપેક્ષાએ ભારે આશાવાદને વેગ આપ્યો હતો. અલબત્ત યુએસ સીપીઆઈ ડેટા આક્રમક રેટ કટ માટે પ્રેરક બની શકે એવા નથી પરંતુ, તાજેતરના આર્થિક ડેટા દર્શાવે છે કે અર્થતંત્ર આગળ જતાં પડકારોનો સામનો કરવા સજ્જ છે અને તેથી ફેડરલ રીઝર્વ રેટ કટ માટે આગળ વધી શકે છે. અગ્રણી મ્યુચ્યુઅલ ફંડના રિસર્ચ સ્ટ્રેટેજિસ્ટે જણાવ્યું હતું કે, સ્થાનિક બજારોમાં અતિશય ઊંચા મૂલ્યાંકનની ચિંતા છતાં રીટેલ નાણાં પ્રવાહ ચાલુ રહ્યો હોવાથી એવું જણાઇ રહ્યું છે કે, રોકાણકારો ધીમી ગતિમાં સપડાઇ ગયેલી વૈશ્વિક અર્થવ્યવસ્થા સામે ભારતના સ્થિતિસ્થાપક અર્થતંત્રમાં વિશ્વાસ ધરાવે છે. ટેકનિકલી રીતે, સપ્ટેમ્બરના અંત સુધીમાં નિફ્ટી ૨૫૬૦૦-૨૫૭૦૦ના સ્તરની રેન્જમાં પહોંચી શકે એવી ભારે સંભાવના છે.

આ ઈટીએફસ બિટકોઈનમાં સીધું રોકાણ કરે છે. માર્ચમાં બિટકોઈનનો ભાવ ૭૩૭૯૮ ડોલર જેટલો ઊંચો જોવા મળ્યો હતો. હવે ઇક્વિટી માર્કેટમાં સુધારો આવી રહ્યો છે ત્યારે ક્રિપ્ટો પર કેવી અસર થાય છે એ જોવું રહ્યું! ■

# ઈ-કોમર્સ નિકાસને વેગ આપવા કવાયત

મુંબઈ : કુરિઅર સેવા મારફત નિકાસ કરાનારા માલસામાનને પણ નિકાસ માટેના વિવિધ પ્રોત્સાહનોના લાભ પૂરા પાડવામાં આવશે. ઈ-કોમર્સ મારફતની નિકાસને પ્રોત્સાહન આપવાના ભાગરૂપ આ નિર્ણય આવી પડયો છે.

રેમિસન ઓફ ડયૂટીસ એન્ડ ટેક્સિસ ઓન એકસપોર્ટેડ પ્રોડકટસ (આરઓડીટીઈપી), ધ રિબેટ ઓફ સ્ટેટ એન્ડ સેન્ટ્રલ લેવિસ એન્ડ ટેક્સિસ (આરઓએસીટીએલ) તથા ડયૂટી ડ્રોબેક હેઠળના લાભ કુરિઅર સેવા મારફતની નિકાસને પણ આપવામાં આવશે એમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયેકટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સના સુત્રોએ જણાવ્યું હતું.

તાત્કાલિક અમલમાં આવે તે રીતે આ લાભો પૂરા પડાશે. પોસ્ટલ સેવા મારફત થનારી નિકાસને પણ આ લાભો પૂરા પાડવાની યોજના વિચારણા હેઠળ છે. કુરિઅર તથા પોસ્ટલ રુટનો ઉપયોગ કરતા ઈ-કોમર્સ નિકાસકારોને વધુ સરળ વાતાવરણ પૂરું પાડવાનો સરકારનો ઈરાદો છે.

દેશમાંથી ઈ-કોમર્સની નિકાસ જે હાલમાં બે અબજ ડોલર આસપાસ છે, તેમાં વધારો કરવાના હેતુસર આ નિર્ણય આવી પડયો છે. ૨૦૩૦ સુધીમાં ભારત ઈ-કોમર્સ નિકાસનો આંક ૨૦૦-૩૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવા ક્ષમતા ધરાવે છે. ઈ-કોમર્સની વૈશ્વિક નિકાસ જે હાલમાં ૮૦૦ અબજ ડોલર છે તે બે ટ્રિલિયન ડોલર પહોંચવા અપેક્ષા છે.

## જેએઆઈએલમાં શેર વિભાજનની વિચારણા

મુંબઇઃ કન્સ્ટ્રકશન અને સિવિલ વર્કસ ક્ષેત્રે કાર્યરત જુલિયન એગ્રો ઇન્ફ્રાટેક લિ.(જેએઆઇએલ)નું બોર્ડ આઠમી ઓક્ટોબરે યોજાનાર બેઠકમાં સ્ટોક સ્પ્લિટ એટલે કે શેર વિભાજન પર વિચારણાં કરશે. લેન્ડફિલિંગ, લેવલિંગ, શેડ ફાઉન્ડેશન, કૃષિ વેપાર અને રોડ બાંધકામ સહિતના ક્ષેત્રે કાર્યરત કંપની રિયલ એસ્ટેટ ક્ષેત્રે વધુ વિસ્તરણની યોજના ધરાવે છે.

## ટાટા સ્ટીલ સાથે યુકે સરકારના ૫૦ કરોડ પાઉન્ડના કરાર

મુંબઇઃ યુકે સરકારે ટાટા સ્ટીલ સાથે ૫૦ કરોડ પાઉન્ડના ગ્રાન્ટ ફંડિંગ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર ટાટા સ્ટીલને પોર્ટ ટેલ્બોટ સ્ટીલવર્ક્સમાં અત્યાધુનિક ઇલેક્ટ્રિક આર્ક ફર્નેસ સ્થાપિત કરવાનો પ્રોજેક્ટ ઝડપી ગતિએ આગળ વધવાની મંજૂરી આપશે. ટાટા સ્ટીલે જણાવ્યું હતું કે તેણે કર્મચારી પ્રતિનિધિઓ સાથે વિસ્તૃત ચર્ચા કર્યા બાદ યુકે સ્ટીલ કમિટી સાથે સમજૂતીના મેમોરેન્ડમને અંતિમ સ્વરૂપ આપ્યું છે.

## ફોર્ડ નિકાસ માટે પ્લાન્ટ ફરી શરૂ કરશે

મુંબઇઃ અમેકિન ઓટો કંપની ફોર્ડ એ જાણ કરી હતી કે તે ચેન્નઇ સ્થિત ઉત્પાદન સવલતનો ઉપયોગ નિકાસ માટે વાહનો તૈયાર કરવા માટે ઉપગોયમાં લેવાની તૈયારી કરી રહી છે અને આ માટે તેણે તમિલનાડુ સરકારને જાણ કરી છે. આ કંપનીએ ૨૦૨૧માં એવી જાહેરાત કરી હતી કે તે ભારતમાં વાહનોનું ઉત્પાદન કરવાનું બંધ કરશે. ■

# અનિશ્ચિત ટ્રેન્ડ છતાં એસઆઈપીમાં ₹ ૨૩,૫૪૭ કરોડનું વિક્રમી રોકાણ

નવી દિલ્હીઃ એક તરફ મોટાભાગના રોકાણકારો બેંકોમાં ફિક્સ ડિપોઝીટ્સ રાખવાનું ટાળી રહ્યા છે તો બીજી તરફ વધુ રિટર્ન મેળવવા માટે લોકો ઇક્વિટી અને મ્યુચ્યુઅલ ફંડ્સ જેવા સેગમેન્ટમાં જંગી રોકાણ કરી રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપી યોગદાન ઓગસ્ટમાં સતત બીજા મહિને રૂ. ૨૩ હજાર કરોડને વટાવી ગયું છે.

ઓગસ્ટમાં રોકાણકારોએ તેમાં રૂ. ૨૩,૫૪૭ કરોડનું રોકાણ કર્યું હતું, જે જુલાઈમાં રૂ.૨૩,૩૩૨ કરોડની તુલનાએ વધ્યું છે. ઇક્વિટી માર્કેટમાં મિશ્ર ટ્રેન્ડ તેમજ વૈશ્વિક સ્તરે સતત વધી રહેલા જીઓ પોલિટીકલ ઇશ્યુ વચ્ચે પણ રોકાણકારોને ઇક્વિટી સાથે મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ પ્રત્યે આકર્ષણ વધ્યું છે.

કંપનીઓ દ્વારા આવી રહેલા નવા ફંડ ઓફરમાં પણ રોકાણ પ્રવાહ ઝડપી વધી રહ્યો છે. ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ ૩ ટકા વધીને રૂ. ૩૮,૨૩૯ કરોડ થયું હતું જે જુલાઈમાં રૂ. ૩૭,૧૧૩ કરોડ હતું. તે જ સમયે, સેક્ટોરલ અથવા તો થિમેટિક ફંડ્સમાં રોકાણ એક ટકા ઘટીને રૂ.૧૮,૧૧૭ કરોડ થયું છે.

આ સિવાય ઓગસ્ટમાં ઊક્જ્જ અને ફોકસ્ડ ફંડ્સ સિવાય તમામ કેટેગરીમાં રોકાણ જળવાઇ રહ્યું હતું જ્યારે ઊક્જ્જ ફંડ્સ અને ફોકસ્ડ ફંડ્સમાંથી સતત પાંચમા મહિને આઉટફ્લો ચાલુ રહ્યો હતો. ઓવરનાઈટ ફંડ્સમાં સૌથી વધુ રોકાણ નોંધાયું હતું. ઓગસ્ટમાં લિક્વિડ ફંડમાં રૂ.૧૫,૧૦૫ કરોડનું રોકાણ હતું, જ્યારે જુલાઈમાં રૂ. ૪,૪૫૧ કરોડનું રોકાણ હતું. તે જ સમયે, રોકાણકારો ડેટ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાથી દૂર રહ્યાં છે. ઓગસ્ટમાં રૂ.૪૫,૧૬૯ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે જુલાઈ કરતાં ૬૨ ટકા ઓછું છે. જુલાઈમાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું રોકાણ નોંધાયું હતું. હાઇબ્રિડ ફંડમાં કુલ રોકાણ ૪૩ ટકા ઘટ્યું છે. ઓગસ્ટમાં ૧૦ હજાર કરોડ રૂપિયા હતું જે જુલાઈમાં ૧૭,૪૩૬ કરોડ રૂપિયાનું થયું. મ્યુચ્યુઅલ ફંડ સંચાલન હેઠળની અસક્યામતો વધીને ૬૭ લાખ કરોડ પહોંચી છે.

મ્યુચ્યુઅલ ફંડની કુલ અસ્કયામતો અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) ત્રણ ટકા વધીને રૂ. ૬૬.૭૦ લાખ કરોડ પહોંચી છે જે જુલાઈમાં રૂ. ૬૪.૬૯ લાખ કરોડ હતી. ફંડ મેનેજરે હતું કે રોકાણકારો માટે મ્યુચ્યુઅલ ફંડમાં એકસાથે રોકાણ કરવા માટે ગ૭ઌ એ પસંદગીનો માર્ગ છે કારણ કે તે નિશ્ચિત સમયગાળા માટે રોકાણ કરવાની સુવિધા પૂરી પાડે છે.

ગોલ્ડ ઇટીએફમાં રોકાણ વધીને રૂ.૧૬૧૧ કરોડ નોંધાયું છે જે જુલાઈના રૂ.૧૩૩૭ કરોડથી વધુ છે. આ વધારો આંશિક રીતે ઓગસ્ટ દરમિયાન સોનાના ભાવમાં થયેલા સુધારાને કારણે થયો હતો, જેણે રોકાણકારોમાં ખરીદીની પ્રવૃત્તિમાં વધારો કર્યો હતો. ફોલિયોની સંખ્યા ઓગસ્ટમાં ૨૦ કરોડને ક્રોસ કરી ગઈ છે જે જુલાઈમાં ૧૯.૮૪ કરોડ હતી. ■

# કમર્શિયલ રિયલ એસ્ટેટ ક્ષેત્રને બેન્કોની જંગી લોન સામે રિઝર્વ બેન્કની ચેતવણી

મુંબઈ : મોટા કમર્શિયલ રિઅલ એસ્ટેટ ક્ષેત્રને જંગી એકસપોઝર સાથેની બેન્કો માટે રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે ચિંતા વ્યકત કરી છે અને શોર્ટસેલરો માટે આ બેન્કો ટાર્ગેટ બની શકે છે, તેવી તેમણે ચેતવણી પણ ઉચ્ચારી છે.

કોમર્શિયલ રિઅલ એસ્ટેટની લોન્સમાં અપેક્ષિત તથા અનપેક્ષિત નુકસાની માટે બેન્કોએ ઊંચી સંવેદનશીલતા દર્શાવી છે. લોન બુકસમાં કોમર્શિયલ રિઅલ એસ્ટેટની લોન્સના ઊંચા પ્રમાણને ધ્યાનમાં રાખી બેન્કોની આ સંવેદનશીલતા આવી પડી છે. સિંગાપુર ખાતે બ્રેટન વુડસ કમિટિના ફયુચર ઓફ ફાઈનાન્સ ફોરમને સંબોધતા તેમણે આમ જણાવ્યું હતું.

મોટા કોમર્શિયલ રિઅલ એસ્ટેટ ક્ષેત્રને જંગી એકસપોઝર સાથેની બેન્કોને શોર્ટ સેલરો દ્વારા ટાર્ગેટના કિસ્સામાં કદાચ લિક્વિડિટીની ખેંચનો અનુભવ કરવો પડી શકે છે અને રોકાણકારોનો વિશ્વાસ વધુ ડગમગી જશે.

સાવચેતી અને નબળાઈ આવે તે પહેલા જ નિયમનકારી પગલાં થકી બેન્કોની બેલેન્સશીટસ પરના જોખમ ટાળી શકાશે અને સ્થિરતા જાળવી શકાશે.

ભારકની બેન્કો કોમર્શિયલ રિઅલ એસ્ટેટ ક્ષેત્રને ફરીથી ધિરાણ વધારી રહી છે જે બજારમાં તેમનો વિશ્વાસ પ્રસ્થાપિત થયાનું સૂચવે છે.

માર્ચ, ૨૦૨૪ના અંતે શિડ્યૂલ્ડ કમર્સિઅલ બેન્કોનો કમર્સિઅલ રિઅલ એસ્ટેટ પોર્ટફોલિઓ ૨૨.૯૪ ટકા વધી રૂપિયા ૩.૯૬ લાખ કરોડ પર પહોંચી ગયો હતો.અગાઉના વર્ષોની સરખામણીએ આ નોંધપાત્ર વધારો છે. દરમિયાન ભારત ૭.૫૦ ટકાથી પણ વધુ આર્થિક વિકાસ દર સિદ્ધ કરવાની ક્ષમતા ધરાવતું હોવાનો દાસે વિશ્વાસ વ્યકત કર્યો હતો.વર્તમાન નાણાં વર્ષનો વિકાસ દર ૭.૨૦ ટકા રહેવાની રિઝર્વ બેન્કની અપેક્ષા છે. વિકાસ સામેના જોખમો સમતુલિત થયા છે. મજબૂત બૃહદ્ આર્થિક ફન્ડામેન્ટલ્સના ટેકા સાથે આ સમતુલા જળવાઈ છે. ખાનગી ઉપભોગ અને ઈન્વેસ્ટમેન્ટ મુખ્ય પરિબળો છે.

# ચીન, વિયેતનામ ખાતેથી આવતા સ્ટીલ પર ડમ્પિંગ ડ્યૂટી વધુ પાંચ વર્ષ લંબાવાઈ

મુંબઈ : ચીન તથા વિયેતનામ ખાતેથી આવતા સ્ટીલમાંથી કેટલાક પ્રકારના સ્ટીલ પર એન્ટી ડમ્પિંગ ડયૂટી વધુ પાંચ વર્ષ લંબાવવામાં આવી છે. આડયૂટી ૨૦૧૯માં લાગુ કરવામાં આવી હતી જેને વધુ પાંચ વર્ષ લંબાવાઈ છે. સસ્તી આયાતને કારણે ઘરઆંગણેના સ્ટીલ ઉદ્યોગને માર પડી રહ્યો હતો.

આયાત પર કાબુ લાવવા ચીન તથા વિયેતનામ ખાતેથી આવતા વેલ્ડેડ સ્ટેનલેસ સ્ટીલ પાઈપ્સ પર આગામી પાંચ વર્ષ સુધી ડયૂટી લાગુ રહેશે. ચીન વિશ્વનું સૌથી મોટું સ્ટીલ ઉત્પાદક છે. આ પ્રોડકટસ પર ૧૨ ટકાથી ૩૦ ટકા વચ્ચે કાઉન્ટરવેલિંગ ડયૂટી લાગુ થશે. વિયેતનામ ખાતેથી આયાત થતાં કેટલાક સ્ટીલ પ્રોડકટસ પર ભારતે ઓગસ્ટમાં એન્ટી ડમ્પિંગ તપાસ શરૂ કરી હતી, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. દેશમાં સ્ટીલના ભાવ તાજેતરમાં ગબડીને ત્રણ કરતા વધુ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયા હતા. ઊંચી આયાતને પરિણામે સ્ટીલના ભાવ ઘટી ગયાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં અગાઉ જણાવાયું હતું.

ગયા નાણાં વર્ષમાં ભારત સ્ટીલનો નેટ આયાતકાર રહ્યો હતો. સ્ટીલનો બીજો મોટો ઉત્પાદક દેશ હોવા છતાં આયાતમાં વધારો જોવા મળ્યો છે. માળખાકીય ક્ષેત્રના વિકાસને કારણે સ્ટીલની આયાતમાં વધારો થયો છે.

નિકાસમાં ઘટાડો તથા આયાતમાં વધારાને કારણે સ્ટીલના ભાવ પર ઘરઆંગણે અસર પડી છે. ચીન સામેના વિરોધ છતાં, ત્યાંથી સ્ટીલની આયાતમાં ગયા નાણાં વર્ષમાં વધારો જોવા મળ્યો હતો. ચીન તથા વિયેતનામ ખાતેથી સસ્તા સ્ટીલના ભારતમાં થતાં ડમ્પિંગની તપાસ હાથ ધરાઈ હતી. ગયા નાણાં વર્ષમાં ચીન ખાતેથી ફિનિશ્ડ સ્ટીલની આયાતમાં ૯૦ ટકા વધારો થઈ ૨૭ લાખ ટન રહી હતી. ૨૦૨૦માં ચીન તથા ભારતના સૈનિકો વચ્ચે ઘર્ષણ બાદ બન્ને દેશોના વેપાર સંબંધોમાં ઓટ આવી હતી. જો કે ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે ચીન સાથે વેપાર સંબંધો અટકાવી દેવાયા નહીં હોવાનું જણાવ્યું હતું. ■

# કન્ઝ્યુમર કંપનીઓના ઉત્પાદનમાં બમણો વધારો

નવી દિલ્હીઃ તહેવારોની જોરદાર માગની આશાએ કન્ઝ્યુમર કંપનીઓએ ઉત્પાદનમાં બમણો વધારો કર્યો છે. એક અભ્યાસ અનુસાર આ કંપનીઓ ઇલેક્ટ્રોનિક્સ, એપેરલ સેક્ટરનું માગ પૂરી કરવા માટે પ્રીમિયમ મોડલ પર ફોકસ કરી રહી છે.

સાધનો અનુસાર કન્ઝ્યુમર કંપનીઓ તહેવારોમાં જોરદાર માગની આશા સેવી રહી છે. આ માગને પહોંચી વળવા માટે કંપનીઓએ ૧૫ ટકા સુધી ઉત્પાદન વધાર્યું છે. નોંધવું રહ્યું કે ગત વર્ષે તહેવારો દરમિયાન આ કંપનીઓએ ઉત્પાદનમાં સાત ટકા સુધીનો વધારો કર્યો હતો.

રિટેલર્સ પણ તહેવારોની સીઝનમાં વધુ વેચાણની આશાએ ગત વર્ષની તુલનાએ વધુ સ્ટોક મગાવી રહ્યાં છે. ઇલેક્ટ્રોનિક્સ અને એપેરલ કંપનીઓ પહેલાથી જ તૈયારી કરી રહી છે. તાજેતરના સમય દરમિયાન વધુ ગરમી અને ત્યારબાદ ભારે વરસાદ જેવા પડકારો વચ્ચે પણ તેઓએ તહેવારોને ધ્યાનમાં રાખીને મેન્યુફેક્ચરિંગ ચાલુ રાખ્યું હતું.

આ સેક્ટર્સની કંપનીઓ માંગ પૂરી કરવા માટે પ્રીમિયમ મોડલો પર ફોકસ કરી રહી છે. ઋઅઈઋ અને કન્ઝ્યુમર ડ્યૂરેબલ્સ જેવા સેક્ટર્સના ઉત્પાદનમાં પણ ઉછાળો નોંધાયો છે. કંપનીઓ સપ્લાય ચેઇન પર ધ્યાન આપી રહી છે અને ટીવીનું વેચાણ સર્વાધિક વધવાની અપેક્ષા સેવી રહી છે.

આ વર્ષે ગરમી દરમિયાન અપેક્ષિત બિઝનેસ ન થવાથી અનેક કંપનીઓ અને રિટેલર્સની પાસે ઇન્વેન્ટરી એટલે કે વણવેચાયેલો સ્ટોક વધ્યો છે. આ જ કારણથી આ સ્ટોકને ક્લિયર કરવા માટે કંપનીઓ સરેરાશથી વધુ ડિસ્કાઉન્ટ અને ઑફર આપવા પર વિચારી રહી છે. ■

# દેશની ૬૭ ટકા બેન્કોની થાપણોમાં ઘટાડો

મુંબઇઃ દેશની ૬૭ ટકા બેન્કોની થાપણોમાં ઘટાડા અને ધિરાણમાં વૃદ્ધિનો દોર ચાલુ રહ્યો છે, જે બેન્કિંગ સેકટર માટે સારી બાબત નથી. દેશની બેન્કિંગ નિયામક રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ આ અંગે અગાઉ જ ચિંતા વ્યક્ત કરી છે. બેન્કો દ્વારા આપવામાં આવતી લોનનો ગ્રોથ ડિપોઝિટ કરતાં વધવાથી દેશની બેન્કિંગ પ્રણાલી સમક્ષ રોકડના પડકારો ઉભા થાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ઉદ્યોગ સંગઠન ફિક્કી અને આઇબીએના સંયુક્ત રિપોર્ટમાં આ આશંકા વ્યક્ત કરતાં ભલામણ કરવામાં આવી છે કે, લોન ગ્રોથ સાથે તાળો બેસાડવા ડિપોઝિટમાં વધારો અને લોન ખર્ચમાં ઘટાડો કરવો જરૂરી છે, તમામ બેન્કોએ હવે આ મુખ્ય એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરવા ભલામણ પણ કરી છે. રિપોર્ટ મુજબ, ૬૭ ટકા બેન્કોની કુલ ડિપોઝિટમાં ચાલુ ખાતા અને બચત ખાતાની ડિપોઝિટનો હિસ્સો ઘટ્યો છે. બેન્કો પાસેથી મળેલી માહિતી અનુસાર, પાછલા કેટલાક મહિનામાં ઊંચા અને આકર્ષક દરોના કારણે ફિક્સ્ડ ડિપોઝિટમાં વૃદ્ધિ નોંધાઈ છે. જાહેર સેક્ટરની ૮૦ ટકા બેન્કોએ ૨૦૨૪ના પ્રથમ છ માસમાં બચત અને ચાલુ ખાતા (કાસા)માં જમા રકમનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું. ખાનગી સેક્ટરની અડધાથી વધુ બેન્કોએ ચાલુ અને બચત ખાતામાં ડિપોઝિટનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું. આ સર્વેમાં સરકારી, ખાનગી અને વિદેશી બેન્કો સહિત કુલ ૨૨ બેન્કોએ ભાગ લીધો હતો, જે કુલ બેન્કિંગ ઇન્ડસ્ટ્રીમાં ૬૭ ટકા હિસ્સો ધરાવે છે. રિપોર્ટ અનુસાર, ૭૧ ટકા બેન્કોએ પાછલા છ મહિનામાં નોન-પરફોર્મિંગ એસેટ્સ (એનપીએ)ના સ્તરમાં ઘટાડો નોંધાવ્યો છે. ■

# ઓકટોબરથી નવા નિયમ લાગુ થતા પહેલા કંપનીઓ દ્વારા બાયબેક માટે ધસારો

મુંબઈ : ઓકટોબરથી બાયબેક માટે નવો નિયમ લાગુ થાય તે પહેલા કંપનીઓ દ્વારા ઈક્વિટી બાયબેક માટે ધસારો જોવા મળી રહ્યો છે. બજેટ બાદના બે મહિનામાં અંદાજે ૨૭ જેટલી કંપનીઓએ બાયબેકની યોજના જાહેર કરી હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું.

૨૦૨૪ ના પ્રથમ સાત મહિનામાં ૨૧ બાયબેકની જાહેરાત થઈ હતી. ૧લી ઓક્ટોબરથી નવા ટેક્સેસન નિયમ લાગુ થાય તે પહેલા બીજી અન્ય કંપનીઓ પણ બાયબેકની જાહેરાત કરશે તેવી શક્યતા જોવાઈ રહી છે. નિયમ પ્રમાણે કંપનીઓએ ૧લી ઓક્ટોબર પહેલા બાયબેકની પ્રક્રિયા શરૂ કરી દેવાની રહેશે નહીં કે તે સમાપ્ત કરી દેવાની. ૧લી ઓક્ટોબરથી બાયબેકના કિસ્સામાં શેરધારકોએ ટેક્સની ચૂકવણી કરવાની રહેશે જે રીતે હાલમાં ડિવિડન્ડસની આવક પર લેવામાં આવે છે. હાલમાં બાયબેકમાં કંપનીઓ વીસ ટકા ટેકસને પાત્ર રહે છે, અને રોકાણકારો ટેક્સ ચૂકવતા નથી. ■

# આદિપુરના શિણાય ચાર રસ્તા પાસે રોકેટ ગતિથી દોડતી કારે દસેક જેટલાં નિર્દોષ વાહન ચાલકોને અડફેટમાં લેતાં ભય ફેલાયો



(તસવીર-ઉત્સવ વૈદ્ય)





(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ટ્રાફિકના સલામત નિયમન માટે કાયદાઓમાં પ્રવર્તતી ઢીલાશના કારણે દેશભરમાં હિટ એન્ડ રનની જીવલેણ ઘટનાઓમાં સતત ઇજાફો નોંધાઈ રહ્યો છે. જેની પ્રતીતિ રૂપ ઘટના આદિપુર નજીક બનવા પામી હતી જેમાં રોકેટ ગતિથી ધસી આવેલી એક ટાટા આલ્ટ્રોઝ કારે દસેક જેટલા વાહનોને અડફેટમાં લેતાં કેટલાક નિર્દોષ વાહનચાલકોને હળવાથી ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી.

પૂર્વ કચ્છના ગાંધીધામ સંકુલના આદિપુર પાસેના શિણાય ચાર રસ્તા પાસે શનિવારે બપોરે સાડા ત્રણેક વાગ્યાના અરસામાં આ અકસ્માત થયો હતો. જેમાં કારચાલકે કોઈ અગમ્ય કારણોસર આગળ જતા દ્વિચક્રી વાહન, છકડા-રિક્ષા સહિતના દસેક વાહનોને હડફેટે લીધા હતા. અચાનક ૧૦૦થી વધુની ગતિએ કારની ટક્કર વાગતા મોપેડ પર જતા યુવાનો લગભગ બારેક ફૂટ જેટલા હવામાં ઊછળીને ખાડા-ટેન્કરા વાળા માર્ગ પર પટકાયા હતા. તેમને ટક્કરમાં લીધા બાદ બેકાબૂ બનેલી કારે આગળ જતાં અન્ય વાહનોને પણ જોરદાર ટક્કર મારી હતી અને બાદમાં એક દીવાલમાં ઘૂસી ગઈ હતી. સમયસર આ મોટરકારની એર બેગ ખૂલી જતાં અલ્ટ્રોઝ કારના ચાલકનો ચમત્કારિક બચાવ થયો હોવાનું લોકોએ જણાવ્યું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, ભોગ બનેલા કેટલાક વાહનોના બે ટુકડા થઇ ગયા હતા. એકત્ર થઇ ગયેલા રાહદારીઓ દ્વારા ઘાયલોને સારવાર માટે અલગ અલગ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

આદીપુર પોલીસના જણાવ્યા મુજબ દ્વિચક્રી ચાલક ધર્મેન્દ્ર જેઠા વાઘેલા, તેમના પત્નિ અને મોપેડ પર જતા ચેતન બલદાણીયા સહિત અન્ય કેટલાક રાહદારીઓને અસ્થિભંગ સહિતની ઈજાઓ થવા પામી હતી. ઘાયલોને આદિપુરની અને ભુજની ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ ઘાયલોના નિવેદન મેળવવાની અને કાર ચાલકની અટક કરી લેવા માટે તજવીજ હાથ ધરી છે. આ બનાવનો વીડિયો વાયરલ થતા લોકોને અમદાવાદના તથ્ય કાંડની અને પુણેના પોર્શે કેસની ભયાનક યાદ તાજી થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના મોટાભાગના મથકોમાં લગભગ દરરોજ આ પ્રકારના બનાવો બહાર આવતા રહે છે. મોંઘીદાટ કારનું સ્ટેયરીંગ હાથમાં આવતા જ આવા કારચાલકો પોતાને રસ્તાના રાજા સમજવા લાગે છે અને બેફામ ગાડી હંકારવાના કારણે અન્ય નિર્દોષ લોકોને મોટી ત્રાસદીમાં મૂકી દે છે. ■

## ભાવનગરના તળાજામાં ૨૫ જેટલી પ્રતિમાઓના વિસર્જન યાત્રામા દર્શન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર જિલ્લાના તળાજામા શ્રી ગણેશોત્સવને પગલે મંગળવારના રોજ વિસર્જન યાત્રા ઉત્સાહ અને ઉમંગ સાથે યોજાશે. બપોરે વિઘ્નહર્તા દેવને થાળ ધરી બરાબર મધ્યાહ્નને વાજતે ગાજતે સોસાયટી વિસ્તારથી લઈ નગરના માર્ગો પર યાત્રા ફરશે.જેમા પચીસેક પ્રતિમાઓના એકીસાથે ભક્તગણ દર્શન કરી શકશે.

પાંત્રીસ વર્ષ પહેલાં તળાજાના ધમબાઈમાં ચોકથી સાર્વજનિક શ્રી ગણેશોત્સવનો પ્રારંભ ભુપેન્દ્રસિંહ વાળા, સ્વ.વિક્રમસિંહ જાડેજા,બાબાલાલ રાઠોડ સહિત ધનબાઈમાં મિત્ર મંડળ દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તળાજામા દરેક શેરી મહોલ્લા વાઇઝ ગણપતિ દાદાનું સ્થાપન કરીને સ્વયંભુ ઉત્સવનો મહિમા વધતો ગયો.

તેની સાથે સરકારના આદેશના આદેશને લઈ નગરપાલિકા દ્વારા મૂર્તિ વિસર્જન માટે લીલાપીર બાપૂની દરગાહ નજીક જાબુંડીઆ પંપ સ્ટેશન ખાતે પાણીનો મોટો હોજ ભરીને મૂર્તિવિસર્જન અહીં થાય તેવું આયોજન કરવામા આવેલ છે જે અંગે ચીફ ઓફિસર દવે અને લાલાભાઈ સરવૈયા દ્વારા લોકોને નદી કે અન્ય સ્થળે મૂર્તિને પધરાવીને હોજમા પધરાવવા અપીલ કરી હતી.

રણભૂમિ જીવદયા ગ્રૂપ દ્વારા વિસર્જન યાત્રાનું આયોજન સાથેની જવાબદારી સ્વીકારવામાં આવે છે. હરદીપસિંહ વાળાએ જણાવ્યું હતું કે બપોરે ૧૨ કલાકે વ્યાયામશાળા ખાતે વીસેક જેટલા વાહનોમાં પચીસ મૂર્તિઓ લાવવામાં આવશે. રૂટમાં થોડો ફેરફાર કરીને ઇરીગેશન કોલોની પાછળ થઇ શિવાજી મહારાજ ના બાવલે થી ગર્લ્સસ્કૂલ,વાવચોક, ગાંધીચોક થઈ જનતા હોટલે એકથઈ પાલિકા દ્વારા જે હોજ બનાવવામાં આવ્યો છે ત્યાં નાની પ્રતિમા અને મોટી પ્રતિમા નદીમાં વિસર્જન કરવામાં આવશે. દસેક જેટલી મોટી પ્રતિમાઓ છે.

વિસર્જન યાત્રાના રૂટ ઉપર ભાવિકજનો દ્વારા પ્રસાદ, શરબત, ઠંડા પીણાં, પાણી સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તો, વિવિધ ગ્રૂપને જોડાવા અપીલ કરવામાં આવી છે. ■

## રાજસ્થાની શખ્સ પાસેથી જૂની ટ્રકો ખરીદવા જતાં ગાંધીધામના ટ્રાન્સપોર્ટરે રૂ. ૩૫ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક્સાઇઝ વિભાગ દ્વારા ટાંચમાં લેવાયેલી ટ્રકોને જાહેર હરાજીમાં ખરીદી તેના વેચાણ કરવાનો સોદો નક્કી કરીને ગાંધીધામના ટ્રાન્સપોર્ટર સાથે રાજસ્થાનના બે શખ્સે ૩૪.૯૦ લાખની ઠગાઈ આચરતાં ચકચાર મચી ગઈ હતી.

આ અંગે આદિપુરમાં રહેતા અને ગાંધીધામમાં પોતાની ટ્રાન્સપોર્ટ પેઢી ધરાવતા રમેશ અવાડિયા (આહિર)એ ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ધંધાના વિસ્તરણ માટે તેને ભારે વાહનોની જરૂર ઊભી થઇ હતી. ફરિયાદીને તેના મૂળ રાજસ્થાનના ડ્રાઈવર લતીફે તેના ગામ શિરોહીનો હિંમત શર્મા નામનો શખ્સ સારી કંડિશનના અને વાજબી ભાવના વાહનોની દલાલી કરતો હોવાનું કહીને ફોન પર એ શખ્સ સાથે પરિચય કરાવ્યો હતો. હિંમતે રમેશને ગત જૂન ૨૦૨૩માં રાજસ્થાન બોલાવી બાડમેર અને શિરોહીમાં કથિત રીતે આબકારી વિભાગ દ્વારા જપ્ત કરેલી આઠ ટ્રકો બતાવી હતી જે સૂરજ નારાયણ શર્માને વેચવાની હોવાનું કહીને આબુ રોડ ખાતે સૂરજ શર્મા સાથે રમેશની મુલાકાત કરાવી હતી. આઠ વાહનોને ખરીદવા માટે ૪૬ લાખ ચૂકવવા નક્કી થયું હતું.

થોડા દિવસો બાદ હિંમતે ફરિયાદીને ફોન કરી સૂરજ શર્માને કોન્ફરન્સમાં લઈ વાતચીત કરાવી ત્યારે સૂરજે રમેશને ટ્રકોને ખરીદવા માટે ૩૫ લાખ રૂપિયા એક્સાઈઝ ડિપાર્ટમેન્ટમાં ભરવાના થતાં હોવાનું જણાવી નાણાં આપવા કહેતાં ફરિયાદીએ સૂરજે આપેલા બેન્કના ખાતામાં ૩૪.૯૦ લાખ રૂપિયા જમા કરાવ્યાં હતાં. નાણાં જમા થયાં બાદ બંને શખ્સો હજુ હરાજી થઈ નથી તેમ કહીને ગલ્લાંતલ્લાં કરવા માંડ્યાં હતાં. આટલા સમય પછી પણ રૂપિયા કે ટ્રકો તેને આપી નથી. પોલીસે છેતરપિંડી અને વિશ્ર્વાસઘાતની કલમો તળે ગુનો નોંધી બંને રાજસ્થાની ચીટરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. ■

## દારૂબંધીના દાવાઓ વચ્ચે ભાવનગરના તળાજા પંથકમાં વિલાયતી દારૂની માગ અનેકગણી વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)


ભાવનગર: ગાંધીનું ગુજરાત ગણાવીને અહીં દારૂબંધી લાદવામા આવી છે, તેની સામે ભૂતકાળમાં ભાગ્યેજ દેશી, વિદેશીદારૂ અને નશાની હાલતે મળી આવવા ની ફરિયાદ ક્યારેક જ જોવા મળતી અને તેના પણ અખબારોમા સમાચારો બનતા હતા, જ્યારે હવે તળાજા શહેર, દાઠા,અલંગ અને અલંગ મરીન પોલીસ મથકોમા લગભગ દરરોજ એફઆઈઆર નોંધાઈ રહી છે. એ જોતાં તળાજા પંથકમાં દારૂની માંગ અનેક ગણી વધી હોવાનું ફલિત થાય છે.

સામાજિક, ધાર્મિક સંસ્થાઓ અને સરકાર દ્વારા વ્યસન મુક્તિ માટેના અનેક પ્રકારે પ્રયાસ કરવા છતાંય વાસ્તવિકતાએ છે કે પાન, માવા, સિગારેટ ઉપરાંત દેશી અને તેમાંય ખાસ કરીને વિલાયતી દારૂનું સેવન તળાજા પંથકમાં અનેકગણું વધ્યું છે. દારૂની બોટલ મળી આવવી એ ભ્રષ્ટકર્મીઓ માટે લોટરી સમાન છે. લોકમુખે તળાજામા ચર્ચાતી વિગતો મુજબ થોડા સમય પહેલા પકડાયેલા એક જૈન યુવકને વિલાયતી દારૂની કિંમત કરતા અનેક ગણા ચૂકવવા પડ્યા હતા. પોતાની કેપેસિટી નહોય મિત્રનો આર્થિક સહયોગ લેવો પડ્યો હતો.

વિલાયતી દારૂની ડિમાન્ડ વધવા પાછળ ખાસ કરીને યુવાધન છે. શહેર હોય કે ગામડું ક્રેઝ વધી રહ્યો છે.ક્યાંક ખુલ્લેઆમ તો ક્યાંય વાડીઓમા તેમાંય ખાસ કરીને રવિવારે ગ્રૂપવાઇઝ પોગ્રામ બનતા રહે છે. પોલીસ દ્વારા જે જથ્થો પકડવામા આવે છે તેના આંકડાઓ તપાસવામાં આવે તો છેલ્લાં પાંચ વર્ષમા અનેકગણો વધારો થયો છે.

પાંચેક વર્ષ પહેલાં તળાજામા જાહેરમા એકાદ બે બોટલો ભાગ્યેજ ફેંકેલી જોવા મળતી જે હવે જથ્થાબંધ ફેંકેલી બોટલો જોવા મળે છે. એવી જ સ્થિતિ નજીકથી પસાર થતા નેશનલ હાઇવે પર પણ જોવા મળે છે. જેની તસવીર અહીં ગવાહી પૂરે છે. અનેક પરિવાર પણ હવે મોંઘા શરાબનો શોખ સેવવા લાગ્યા છે તો કેટલાકની ફરિયાદ એવીછેકે ટેંશનના કારણે લઈએ છીએ. ક્યારેક વાર તહેવારે લેતા હોય તેવા હવે રેગ્યુલર લેવા માંડતા તળાજામા બુટલેગરોની સંખ્યાપણ પહેલા કરતા અનેકગણી વધી છે. પોલીસ પકડે ત્યારે નવા નવા ચહેરાઓ જ જોવા મળે છે. જોકે વ્યસનની ટેવ ધરાવતાના મતે તળાજા સારું છે, મોટા શહેરમા દારૂથી વધુ ગંભીર પ્રકારના વ્યસન તરફ યુવાપેઢી વળી રહી છે. તાજેતરમા ડ્રગ્સ જે માત્રમાં પકડાઈ રહ્યું છે તે ઘણું ખરું સૂચવે છે. ■

## ‘ચમેલીઓ’ પ્રજાતિનો સંપૂર્ણ લીલા રંગનો કાચીંડો અબડાસાના લાખણિયા નદીના પટમાં જોવા મળ્યો



(તસવીર-ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ખડીરથી ખાવડા અને આડેસર સુધી આગવી વન્યજીવ સંપદા ધરાવતા ભાતીગળ કચ્છ પ્રદેશના અબડાસાના લાખણિયા ગામની નદીના પટમાં ‘ચમેલીઓ’ પ્રજાતિનો સંપૂર્ણ લીલા રંગનો કાચીંડો જોવા મળતાં પ્રકૃતિ પ્રેમીઓ આનંદિત થયા છે.

સામાન્ય રીતે મોટી સંખ્યામાં લીલા રંગના કાચીંડાની આ પ્રજાતિ આફ્રિકા, શ્રીલંકા, પાકિસ્તાન સહિતના દક્ષિણ એશિયાના પ્રદેશોમાં જોવા મળે છે. ચમેલીઓ જાતિની પેટા જાતિમાંથી આવતો આ કાચીંડો છે, જે સંપૂર્ણ લીલા રંગનો હોય છે, તેની લંબાઈ ૩૫ સેમી જેટલી હોય છે. તે ખોરાકમાં જીવાતો આરોગતો હોય છે. તે પોતાની જીભ દ્વારા નાના કદના ખોરાકનો શિકાર કરે છે.

તેની જીભ ૩૦ સેન્ટિમીટર જેટલી લાંબી હોય છે. તેની ચાલવાની ગતિ અત્યંત ધીમી હોય છે વધુ પડતો દરિયાકાંઠાના જંગલો, ઝાડીવાળા અને ઘાસના મેદાનોમાં માનવરહિત વિસ્તારોમાં રહેઠાણ ધરાવતો હોય છે. તેનું આયુષ્ય પાંચથી આઠ વર્ષનું છે. માદા કાચીંડા દ્વારા ૧૦થી ૫૦ જેટલાં ઇંડા માટીના ખાડા ખોદીને મૂકવામાં આવતા હોય છે.

ઇંડામાંથી બચ્ચાને બહાર આવતા ૧૦થી ૧૨ મહિનાનો સમય લાગતો હોય છે. સરીસૃપ પ્રજાતિમાંથી આવતો હોવાથી તે વધુ પડતો જંગલોમાં જ જોવા મળે છે. તે કોઈને નુકસાન પહોંચાડતો નથી. તે ૩૬૦ ડિગ્રીમાં એટલે કે ચારેય બાજુ જોઈ શકે છે, તેની બંને આંખોમાંથી એક આંખ દ્વારા તે આગળની બાજુ અને બીજી આંખથી પાછળની બાજુ પણ જોઈ શકે છે. ■

## ભુજના નારાણપર (રાવરી)માં બે સગાં ભાઈની હત્યા: સાતની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:તાલુકાના નારાણપર (રાવરી) ગામમાં ગુરુવારની મધરાત્રીના એકાદ વાગ્યાના અરસામાં એક જ પરિવારના માતા, પિતા અને બે પુત્રો સહિત સાત જણે હુમલો કરી બે સગાં ભાઈઓની ઘાતકી હત્યા કરી દેતાં કચ્છ સહિત બૃહદ કચ્છમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ, રાત્રીના સુનકાર વચ્ચે ઘુસી આવેલા હુમલાખોરોએ છરીના ઉપરાઉપરી ઘા મારીને કાદર ભચુ જત (ઉ.વ.૨૮) અને તેના મોટાભાઈ ગુલામ જત (ઉ.વ.૩૦)ની હત્યા કરી હતી.

અત્યાર સુધી તપાસકર્તાઓએ ચલાવેલી તપાસમાં નારાણપર રાવરી ગામના બસ સ્ટેન્ડ પાસે બેસવા બાબતે ગત રાત્રે આઠ વાગ્યાના અરસામાં મૃતક કાદર અને આરોપી સાહિલ અકબર ખલીફા વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલીની અદાવત રાખીને મોડી રાત્રે સાહિલ, તેના ભાઈ શિરાઝ, પિતા અકબર પીરમામદ ખલીફા, માતા મેમુના તથા ડ્રગ્સ કેસનો આરોપી એવો મનોજ જયસ્વાલ, હુસેન આમદ જત, શબ્બિર અબ્દુલ જત સહિતના સાત જણે કાદર અને ગુલામના ઘરે જઈને ઘાતક હુમલો કર્યો હતો. પોલીસે હુસેન કાસમ જતની ફરિયાદ નોંધી મોટાભાગના આરોપીને રાઉન્ડ અપ કરી લીધાં હોવાનું ઉમેર્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ હત્યા કેસમાં દર્શાવાયેલો આરોપી મનોજ જયસ્વાલ (ઉ.વ.૩૦, રહે. મૂળ કોલકતા) ગાંજા કેસનો આરોપી છે. ■

## કલોલની ભાજપ શાસિત પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિત ૧૧ના રાજીનામા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર સંસદિય ક્ષેત્રમાં આવતી ભાજપ શાસિત નગરપાલિકામાં આંતર કલહ ચરમ સિમાએ પહોંચ્યા બાદ આખરે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિત ૧૧ હોદ્દેદારે રાજીનામાં ધરી દેતા ભાજપમાં ખળભળાય મચી ગયો છે.

નગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રકાશ વરઘડેએ પોતાના પદ પરથી રાજીનામું ધરી દીધું હતું તેમની સાથે જ અન્ય ૧૦ કોર્પોરેટર્સે પણ પોતાના પદ પરથી રાજીનામા આપ્યા હતા. આગામી સમયમાં નગરપાલિકામાં હજુ પણ વધુ રાજીનામા પડે તેવી સંભાવના છે.

કલોલ નગરપાલિકામાં વિકાસના કામોનું ફરીથી રિ-ટેન્ડરિંગ કરવામાં આવતા આ સમગ્ર વિવાદ સર્જાયો હતો અને મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો, જેના દૃશ્યો પણ સોશિયલ મીડિયામાં વાયરલ પણ થયા હતા. ત્યારબાદ આ મુદ્દે ધારાસભ્ય બકાજી ઠાકોરે ખુલાસો કરતા જણાવ્યું હતું કે, આ મામલે મારો કોઈ રોલ નથી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને જે આક્ષેપ કર્યા તે ખોટા છે અને જો તેઓ સાચા હોય તો પુરવાર કરે. હું કોઈ કોન્ટ્રાક્ટરને ઓળખતો નથી અને ક્યારેય પણ મળ્યો નથી. જૂના રોડ ખખડધજ હાલતમાં હતા, તે નવા કોન્ટ્રાક્ટર રોડ બનાવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરેલા કામોનું રિટેન્ડિરિંગ માગવામાં આવતા કામ ખોરવાઈ ગયું હતું અને કામ ખોરવાઈ જવાના પગલે સોસાયટીઓના રહીશોમાં ભારે આક્રોશ ફેલાયો હતો અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનનો જવાબ માગ્યો હતો કે તમે રિટેન્ડિરિંગ કેમ માગ્યું? વિકાસના કામોમાં રોડા કેમ નાખ્યા? તેમ કહી આક્રોશ વ્યક્ત કરી કચેરી ખાતે હલ્લાબોલ કર્યો હતો. ■

## ‘પવન ઊર્જા’ ક્ષેત્રે ગુજરાત ૧૨,૧૩૨થી વધુ મે.વો.ની ક્ષમતા સાથે દેશમાં પ્રથમ ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પવન ઊર્જા ઉત્પાદનમાં સમગ્ર દેશમાં નંબર વન રાજ્ય બન્યું છે. પવન ઊર્જા એટલે કે વિન્ડ એનર્જી ક્ષેત્રે સમગ્ર દેશમાં તા. ૩૧ જુલાઈ-૨૦૨૪ની સ્થિતિએ ૪૭,૦૭૫.૪૩ મે.વો.ની ક્ષમતા ધરાવતા વિન્ડ પાવર પ્રોજેક્ટો સ્થાપવામાં આવ્યા છે. જેમાં ગુજરાત ૧૨,૧૩૨.૭૮ મે.વો.થી વધુ ક્ષમતા સાથે દેશમાં અગ્રેસર-પ્રથમ ક્રમે છે.

રાજ્યનના ક્લાઈમેટ ચેન્જ વિભાગના પ્રધાન મુળુભાઈ બેરાએ જણાવાયું હતું. ગુજરાતમાં દેશના કુલ ઉત્પાદનના આશરે ૨૫.૮ ટકા જેટલું થાય છે, આ ક્ષેત્રે ગુજરાતે વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે.વર્ષ ૨૦૩૦ સુધીમાં રાજ્ય સરકારે પરંપરાગત-રિન્યુએબલ એનર્જીમાં ૧૦૦ ગીગાવોટની ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્યાંક રાખ્યું છે. આ લક્ષ્યાંકને ઝડપી હાંસલ કરવા કેન્દ્ર સરકારના સંકલનમાં રહીને ગુજરાત સરકારે અનેક યોજનાઓ અમલી બનાવી છે. ઉપરાંત ગુજરાત એનેર્જી ડેવેલપમેન્ટ એજન્સી દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ પવન ઊર્જા પ્રોજેક્ટસ સ્થાપવા માટે સંભવિત સ્થળોની ઓળખ કરવામાં આવી છે. સાથે જ, રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં પણ પવન ગતિનો અભ્યાસ કરતાં સફળ પરિણામો પ્રાપ્ત થયા છે, જેનાથી પવન ઊર્જા પ્રોજેક્ટ્સ વધુ પ્રભાવશાળી રીતે આગામી સમયમાં વિકસાવવામાં આવશે, એવું તેમણે ઉમેર્યું હતું. ■

## વડોદરા પૂર અસરગ્રસ્તો માટે આર્થિક સહાયની જાહેરાત: ૬૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારેથી અતિભારે વરસાદ અને તંત્રની લાપરવાહી કે બેદરકારીને કારણે આવેલા પૂરથી વડોદરા જિલ્લાના વિસ્તારો અસરગ્રસ્ત થયા હતા. આ પૂરના કારણે વાણિજય, વેપાર અને સેવાકીય એકમોને નુકસાન પહોંચ્યું હતું. જેથી આવા અસરગ્રસ્ત વિસ્તારમાં વેપારધંધા ખૂબ ઝડપથી પુનઃકાર્યાન્વિત થાય તે માટે રાજ્ય સરકારની આર્થિક સહાય તેમ જ પુનઃવસન સહાય આવશ્યક બની છે, જેના કારણે વડોદરા જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોના નાના, લઘુ અને મધ્યમ વર્ગના વેપાર, વાણિજ્ય અને સેવાકીય એકમોને આર્થિક સહાય તેમ જ પુનઃવસન સહાય આપવામાં આવશે. રાજ્ય સરકારે અસરગ્રસ્તોને મુખ્ય પ્રધાન રાહત નિધિમાંથી આર્થિક તેમ જ પુનઃવસન સહાય આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. અતિવૃષ્ટિથી નુકસાન સામે રાજ્ય સરકારે ૬૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી હતી. આ પેકેજ અંતર્ગત લારી/રેકડી ધારકને ઉચ્ચક રુ. ૫,૦૦૦ની રોકડ સહાય, ૪૦ સ્ક્વેર ફૂટ સુધીની નાની સ્થાયી કેબિન ધારકને ઉચ્ચક રૂ. ૨૦,૦૦૦ની રોકડ સહાય, ૪૦ સ્ક્વેર ફૂટથી મોટી કેબિન ધારકને ઉચ્ચક રુ. ૪૦,૦૦૦ની રોકડ સહાય, નાની અને મધ્યમ કક્ષાની પાકી દુકાન ધારકને ઉચ્ચક રૂ. ૮૫,૦૦૦ રોકડ સહાય, માસિક ટર્નઓવર રૂ. ૫ લાખથી વધુ હોય તેવી મોટી દુકાનના ધારકને રૂ. ૨૦ લાખ સુધીની લોન પર ૩ વર્ષ સુધી વ્યાજ સહાય ૭ ટકાના દરે રૂ. ૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે. ■

## મુંદરાના નાના કપાયામાં બંધ ઘરમાંથી ૩.૫૨ લાખના દાગીના ચોરાયા

ભુજ: સરહદી કચ્છ તસ્કરો માટે જાણે રેઢું પડ્યું હોય તેમ દરરોજ ચોરી-લૂંટફાટની ઘટનાઓ સામે આવતી રહેતી હોય છે ત્યારે બંદરીય મુંદરા તાલુકાના નાના કપાયા ગામમાં એક બંધ પડેલા મકાનમાં ત્રાટકેલા તસ્કરો રૂ.૩.૫૨ લાખના મૂલ્યના સોનાં-ચાંદીના દાગીનાની ચોરી કરી ગયા હતા જ્યારે ભુજ તાલુકાના સણોસરા ગામનાં પ્રસિદ્ધ મોમાય માતાનાં મંદિરની દાનપેટી તોડી તેમાંથી ૩૫ હજાર રૂપિયા ઉઠાવાઈ ગયા છે. ગત ૪થી સપ્ટેમ્બરના રોજ તેઓ બાળકો સાથે દિલ્હી ગયા હતા. આ દરમ્યાન ત્રણ દિવસે પડોશીએ ફોન કરીને ઘરનું તાળું તૂટેલું હોવા અંગે જાણકારી આપી હતી.

તાત્કાલિક ઘરે જઈને તપાસ કરતાં વેરવિખેર પડેલા સમાન વચ્ચે ડ્રેસિંગ ટેબલના ગુપ્ત ખાનામાંથી સોનાંનું મંગળસૂત્ર, હાર, પેન્ડલ ચેઇન, ઝુમકા, કાનની બૂટ્ટી, વીંટીઓ તથા ચાંદીનો ડબ્બો સહિત રૂા. ૩,૫૨,૦૦૦નો મુદ્દામાલ ચોરી થઇ ગયો હોવાનું માલુમ પડ્યું હતું.

બીજી તરફ, મોમાય માતાના મંદિરમાં સેવા-પૂજા કરતા રવા રામા રબારીએ માનકૂવા પોલીસ મથકમાં લખાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, સણોસરા ગામમાં આવેલાં મોમાય માતાજીનાં મંદિરમાં ગત રાત્રે આઠ વાગ્યાની આરતી કરી નિજ મંદિરને તાળું માર્યું હતું. બીજા દિવસે સવારે મંદિરની ગ્રીલમાં લગાડેલી દાનપેટીનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું અને આ દાનપેટીમાંથી આશરે રૂ.૩૫૦૦૦ ચોરાઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું હતું. ■